પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૨-૦૨-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૫૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫


www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# વડાપ્રધાન મોદી પેરિસથી વોશિંગ્ટન જવા રવાના

## હવે ભારતની નજર વડાપ્રધાનની અમેરિકા યાત્રા પર : રાત્રે મોદી વોશિંગ્ટનમાં ટ્રમ્પ સાથે ડીનર લેશે

નવી દિલ્હી, તા. ૧૨

અમેરિકાના વધતા જતા ટેરીફ-ત્રાસ વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમની બે દિવસની ફ્રાન્સ યાત્રા બાદ હવે પેરિસથી અમેરિકા જવા રવાના થયા છે. શ્રી મોદી સીધા વોશિંગ્ટનમાં જ ઉતરશે.એક તરફ અમેરિકાના આ પાટનગર શહેરમાં હિમવર્ષા અને હિમ તોફાનની ચેતવણી વચ્ચે વડાપ્રધાનને વ્હાઈટ હાઉસ નજીકના બ્લેર હાઉસમાં ઉતારો અપાયો છે. અમેરિકાના પ્રમુખના મહેમાનોને અહી રહેવાની સુવિધા છે અને વ્હાઈટ હાઉસની નજીક જ છે. જયાથી આગળ વધીને વ્હાઈટહાઉસ પહોંચી શકાય છે.મોદીના આગમન સાથે જ તેઓ એક બાદ એક છ દ્વીપક્ષી બેઠકો- મંત્રણામાં વ્યસ્ત થઈ જશે. ભારતીય સમય મુજબ તેઓ આજે સાંજે વોશિંગ્ટન પહોંચશે અને બાદમાં રાત્રીના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પ્રાઈવેટ-ડીનર લેશે



જેનું અત્યંત ડિપ્લોમેટીક મહત્વ છે અને તે પુર્વે કે પછી ઓવેલ ઓફિસમાં મિડીયા સાથે વાતચીત કરશે.અમેરિકી સમય મુજબ તે બુધવારનો પ્રારંભ હશે. પરંતુ સતાવાર મંત્રણાની સાથે બન્ને નેતાઓની વન-ટુ-વન બેઠક મહત્વની બની રહેશે. ખાસ કરીને જે રીતે ટ્રમ્પે એક બાદ એક આયાતો પર ટેરીફ લાદયા છે. તેમાં ભારતને પણ આગામી દિવસમાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.તેમાં રાહત મેળવવા મોદી કેટલા સફળ થાય છે તેના પર નજર છે. ભારત આ ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે નવા યુદ્ધ વિમાનો અને તેના ભારતના ઉત્પાદન માટેના સોદાની પણ રાહ જુએ છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી વ્હાઈટ હાઉસ કબ્જે કર્યા બાદ તેમને મળનારા વિશ્ર્વનેતાઓમાં મોદી ચોથા ક્રમે છે.

# મોદીના વિમાન પર હુમલો કરવા મુંબઈ પોલીસને ધમકી

### ૩૪ વર્ષિય માનસિક અસ્થિર મહિલાની ધરપકડ કરતી મુંબઈ પોલીસ

નવી દિલ્હી, તા. ૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિમાન પર હુમલાનું જોખમ છે. ૧૧ ફેબ્રુઆરીના રોજ, મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને એક ફોન આવ્યો જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે આતંકવાદીઓ વડા પ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે.મુંબઈ પોલીસે આ અંગે તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દીધી હતી. જોકે, બુધવારે પોલીસે ચેમ્બુર વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી. અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન સાથે માર્સેલીની મુલાકાતે

### સ્વાતંત્ર્યતા સેનાની વીર સાવરકરને યાદ કરતા મોદી

નવી દિલ્હી, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મંગળવારે મોડી રાત્રે માર્સે પહોંચ્યા હતા. પીએમ મોદી અહીં ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (ITER) પ્રોજેક્ટની મુલાકાત લેશે. આ ઉપરાંત, અમે વિશ્વ યુદ્ધ દરમિયાન જીવ ગુમાવનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મઝારગ્યુસ વોર કબ્રસ્તાન પણ જશે.



માર્સેલી પહોંચ્યા પછી પીએમ મોદીએ સાવરકરને યાદ કર્યા. તેમણે X પર પોસ્ટ કર્યું કે, ભારતની સ્વતંત્રતામાં આ શહેરનું વિશેષ મહત્વ છે.

ખરેખર સાવરકરની ૧૯૧૦માં નાસિક કાવતરું કેસ હેઠળ લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમને જહાજ દ્વારા ભારત લાવવામાં આવી રહ્યા હતા. જ્યારે તેનું જહાજ માર્સે પહોંચ્યું, ત્યારે તેઓ દરિયામાં કૂદી પડ્યા અને તરીને કિનારે પહોંચ્યા હતા. બ્રિટિશ પોલીસે માર્સેમાં તેમની ફરીથી ધરપકડ કરી હતી.

ફ્રાન્સની સરકારે તેની ધરતી પર સાવરકરની ધરપકડનો વિરોધ અનુસંધાન પાના ૭ પર

# અયોધ્યા રામ મંદિરના મુખ્ય પુજારી સત્યેન્દ્ર દાસનું નિધન

### આચાર્ય સત્યેન્દ્ર દાસ બિમારી કારણે લખનઉ પીજીઆઈમાં દાખલ હતા

નવી દિલ્હી, તા. ૧૨

રામમંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસનું નિધન થઈ ગયું છે. તે ૮૫ વર્ષના હતા. તેમણે લખનઉની પીજીઆઈમાં અંતિમ શ્વાસ લીધા. આચાર્ય સત્યેન્દ્ર દાસને ૩ ફેબ્રુઆરીએ બ્રેઈન હેમરેજ થયા બાદ લખનઉ પીજીઆઈમાં દાખલ કરાયા હતા. તેમને ન્યૂરોલોજી વૉર્ડના એચડીયુમાં સારવાર આપવામાં આવી રહી હતી. આચાર્ય સત્યેન્દ્ર દાખસના શિષ્ય પ્રદીપ દાસે જણાવ્યું કે લાંબી બીમારી બાદ લખનઉના પીજીઆઈમાં સવારે ૮ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ પીજીઆઈથી અયોધ્યા લાવવામાં આવશે. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે અયોધ્યામાં સરયુ નદીના કિનારે થશે.

આચાર્ય સત્યેન્દ્ર દાખસના શિષ્ય પ્રદીપ દાસે જણાવ્યું કે લાંબી બીમારી બાદ લખનઉના પીજીઆઈમાં સવારે ૮ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ પીજીઆઈથી અયોધ્યા લાવવામાં આવશે. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે અયોધ્યામાં સરયુ નદીના કિનારે થશે.

# યુએસમાં ગેરકાયદે ઘૂસણખોરી અંગે હરિયાણા, પંજાબમાં ૧૦ ગુના દાખલ

### એજન્ટો વિરુદ્ધ પાંચ દિવસમાં ઢગલા બંધ ફરિયાદો નોંધાઈ

નવી દિલ્હી, તા. ૧૨

ડોનાલ્ડ ટ્રમ્પની બીજી ટર્મમાં ઈન્ડિયા આવેલી ડિપોર્ટેશન ફ્લાઈટને છ દિવસ થઈ ચૂક્યા છે પરંતુ ગુજરાતમાં હજુ સુધી એકેય એજન્ટ સામે ફ્રૈંઈ નોંધાઈ હોય તેવું જાણમાં નથી. જ્યારે પંજાબ અને હરિયાણામાં ૧૦ જેટલા એજન્ટો પર ધોંસ બોલાવવામાં આવી છે.

એક તરફ ગુજરાતની પોલીસ એજન્ટો સામે કાર્યવાહી શરૂ કરવામાં જાણે મૂહુર્ત કઢાવવાની રાહ જોતી હોય તેમ નિષ્ક્રિય બેઠી છે. તો બીજી તરફ પંજાબ અને હરિયાણામાં પાંચ જ દિવસમાં એજન્ટો સામે ઢગલાબંધ ફરિયાદો દાખલ થઈ ચૂકી છે.

પંજાબ પોલીસે છ નવી ફરિયાદો નોંધાઈ હોવાની જાહેરાત કરી હતી. જેમાં સાત એજન્ટો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આ સિવાય કેટલાક અજાણ્યા લોકોને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

પંજાબ પોલીસે અગાઉ પણ બે ફરિયાદ નોંધી હતી. જેમાં યુએસથી પાછા આવેલા છ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ ફરિયાદી બન્યા હતા. આ તમામ લોકોએ એજન્ટો પર પોતાની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો.આ ડિપોર્ટેશન ફ્લાઈટમાં ૩૦થી વધુ પંજાબીઓને પરત મોકલાયા હતા અને આ ફ્લાઈટ પણ અમૃતસરમાં જ લેન્ડ થઈ હતી. પંજાબ પોલીસે અત્યારસુધી કુલ આઠ FIR નોંધી છે અને એક ડઝન એજન્ટોને આરોપી બનાવ્યા છે, જોકે તેમાંથી હજુ સુધી એકેયની ધરપકડ નથી થઈ.ફરિયાદી રમનદીપને બહામાસ, નિકારાગુઆ અને ગ્વાટેમાલાના રસ્તે મેક્સિકોના તિઉઆના પહોંચાડાયો હતો અને ત્યાં જ બોર્ડર ક્રોસ કરવાના પ્રયાસમાં અનુસંધાન પાના ૭ પર

# સીધા કરવેરાની આવકમાં ૧૫ ટકાનો જંગી વધારો નોંધાયો

### સિકયુરીટીઝ ટ્રાન્જેકશન ટેક્સની અવકમાં પણ ૬૫ ટકાનો ધરખમ વધારો

નવી દિલ્હી, તા. ૧૨

અર્થતંત્રની તેજી કે સ્લોડાઉનના વિરોધાભાસી રિપોર્ટ વચ્ચે ભારતમાં સીધા કરવેરાની આવક ૧૫ ટકા વધીને ૧૭.૭૮ લાખ કરોડની થઈ છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા જારી કરાયેલા રીપોર્ટ મુજબ ૧૦ ફેબ્રુઆરીની સ્થિતિએ સીધા કરવેરાની ગ્રોથ આવક ૧૯.૦૬ ટકા વધીને ૨૧.૮૮ લાખ કરોડ તથા નેટ આવક ૧૪.૬૯ ટકા વધીને ૧૭.૭૮ લાખ કરોડ થઈ છે.

નોન-કોર્પોરેટ કરદાતાઓમાંથી ટેકસ આવક ૨૧ ટકા વધીને ૯.૪૮ લાખ કરોડ છે જયારે કોર્પોરેટ

ટેકસ કલેકશન ૯ ટકાની વૃધ્ધિ સાથે ૭.૭૮ લાખ કરોડ થયુ છે. સિકયુરીટી ટ્રાન્ઝેકશન ટેકસની આવકમાં ૬૫ ટકાનો ધરખમ વધારો થવા સાથે ૪૯૨૦૧ કરોડ નોંધાઈ હતી.રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે ૧ એપ્રિલ ૨૦૨૪ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીના આ સમયગાળામાં ૪.૧૦ લાખ કરોડના રીફંડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. જે વાર્ષિક ધોરણે ૪૨.૬૩ કરોડ ટકાનો વધારો સુચવે છે. કેન્દ્ર સરકારે ચાલૂ અનુસંધાન પાના ૭ પર

# મહાકુંભમાં માઘ પુર્ણિમાનું અમૃત સ્નાન સંગમ પર શ્રદ્ધાળુઓ મહાસાગર ઉમટયો

### અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મહાભીડ અને મહાજામની ચિંતા કર્યા વગર લાખો શ્રદ્ધાળુઓની ત્રિવેણી સંગમમાં ડૂબકી

નવી દિલ્હી, તા. ૧૨

ગંગા, યમુના તથા અદ્રશ્ય સરસ્વતીનાં સંગમતટ પર ચાલી રહેલા મહાકુંભમાં આજે માઘ પુર્ણિમાના પવિત્ર સ્નાન માટે શ્રધ્ધાળુઓનો મહાસાગર સર્જાયો છે. મહાભીડ, મહાજામ જેવા પડકારોની પરવાહ કર્યા વિના



લાખોની સંખ્યામાં ભાવિકો પવિત્ર સ્નાન ડુબકી લગાવવા ઉમટયા હતા. ૨.૫૦ કરોડ ભાવિકો આજે અમૃતસ્નાન કરીને પુણ્યનું ભાથુ બાંધે તેવુ અનુમાન છે.કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

મહાકુંભનાં માર્ગો પર જામ સહીતનાં પડકારોનો સામનો કરીને મહાકુંભમાં પહોંચી રહેલા શ્રધ્ધાળુઓમાં ઉત્સાહ હિલોળે ચડયાનું જોવા મળતુ હતું. સવાર સુધીમાં જ ૪૭ લાખ ભાવિકોએ પુણ્ય સ્નાન કરી લીધુ હતું. સાંજ સુધી ચાલનારા માઘ પુર્ણિમાનાં શુભ મુર્હુર્ત દરમ્યાન અઢી કરોડ લોકો સંગમમાં પવિત્ર ડુબકી લગાવે તેવો અંદાજ મુકાયો છે.

હર હર ગંગે અને હર હર મહાદેવના દિવ્ય જયઘોષ સાથે મહાકુંભમાં ઉમટતા લાખો લોકો પર આજે હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી. માઘ પુર્ણિમાના અમૃત સ્નાનમાં વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે મેળાક્ષેત્ર તથા અનુસંધાન પાના ૭ પર

# સળંગ છઠ્ઠા દિવસે બજારમાં મંદી સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટનું ભંગાણ

### છ દિવસમાં ઈન્વેસ્ટરોનાં રૂ. ૨૦ લાખ કરોડથી વધુ ધોવાઈ ગયા

મુંબઈ, તા. ૧૨

શેરબજારમાં મંદીની ભીંસ વધુને વધુ તીવ્ર બનવા લાગી હોય તેમ આજે સળંગ છઠ્ઠા દિવસે કડાકો સર્જાયો હતો. સેન્સેકસમાં ૮૦૦ પોઈન્ટથી વધુનુ ગાબડુ પડયુ હતું. બીએસઈનું માર્કેટ કેપ લાંબા વખત બાદ ૪૦૦ લાખ કરોડની નીચે ઉતર્યુ હતું.

અમેરિકાનાં ટ્રેડવોરથી શેરબજાર પર પ્રત્યાઘાત રહ્યો છે. ટ્રમ્પ સરકારની ટેરીફ ઝીકવાની નીતીથી ભારતને પણ અસર થવાની આશંકાથી માનસ મંદીનું બની રહ્યુ હતું. આજે સતત છઠ્ઠા દિવસે માર્કેટે ગોથુ ખાધુ હતું અને કરોડો રૂપિયાની સંપતીનું ધોવાણ થતાં ઈન્વેસ્ટરોમાં સન્નાટો પ્રસરી ગયો હતો.

જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાનાં પ્રવાસે છે. ટ્રેડવોર વચ્ચે ભારત માટે કોઈ રાહત પૂર્ણ પરીણામ આવે છે કે કેમ તેના પર મીટ માંડવામાં આવી રહી છે અને તેના આધારીત બે દિવસ માર્કેટનો ટ્રેન્ડ રહેશે.શેરબજારમાં આજે મોટાભાગનાં શેરોમાં ગાબડા હતા.આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, લાર્સન, મહિન્દ્રા, અનુસંધાન પાના ૭ પર

# યુક્રેન ગમે ત્યારે રશિયામાં ભેળવી શકાય છે : ટ્રમ્પનું ચૌંકાવનારું નિવેદન

### ટ્રમ્પ અને પુતિન વચ્ચે ગુપ્ત સોદાબાજી થઈ હોવાની ચર્ચા જાગી

વોશિંગ્ટન, તા. ૧૨

યુક્રેન અને રશિયા વચ્ચેના ભીષણ યુદ્ધ વચ્ચે, ૧૧ ફેબ્રુઆરીએ એક નવું અને મોટું અપડેટ બહાર આવ્યું છે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કાર્યાલય ક્રેમલિનએ દાવો કર્યો હતો કે યુક્રેનનો એક મહત્વપૂર્ણ ભાગ રશિયામાં જોડાવા માંગે છે.ક્રેમલિનના દાવાઓએ યુરોપમાં ખળભળાટ મચાવી દીધો છે. એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે શું પુતિન અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે કોઈ ગુપ્ત સોદો થયો છે? તાજેતરમાં, એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે કહ્યું હતું કે યુક્રેન ગમે ત્યારે રશિયામાં ભેળવી શકાય છે.મંગળવારે, ક્રેમલિને કહ્યું કે, 'યુક્રેનનો એક મહત્વપૂર્ણ ભાગ રશિયન બનવા માંગે છે.' આ નિવેદન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુક્રેન 'એક સમયે રશિયા બની શકે છે' તેવી ટિપ્પણી કર્યાના થોડા કલાકો પછી આવ્યું છે.

ફોક્સ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, ટ્રમ્પે યુક્રેન અને રશિયા વચ્ચેના ત્રણ વર્ષ લાંબા સંઘર્ષ વિશે કહ્યું: યુક્રેન કોઈ સોદો કરી શકે છે અથવા ન પણ કરી શકે છે. તેઓ કોઈ દિવસ રશિયામાં મળી શકે છે, અથવા તેઓ ક્યારેય નહી મળે.'આ અંગે પ્રતિક્રિયા આપતા, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે મંગળવારે કહ્યું કે, યુક્રેનની પરિસ્થિતિ મોટાભાગે રાષ્ટ્રપતિ ટ્રમ્પના શબ્દો સાથે મેળ ખાય છે. 'એ હકીકત છે કે યુક્રેનનો એક મહત્વપૂર્ણ ભાગ રશિયન બનવા માંગે છે અને તે પહેલાથી જ બની ગયો છે,' પેસ્કોવ ૨૦૨૨માં રશિયા દ્વારા ચાર યુક્રેનિયન પ્રદેશોના જોડાણનો અનુસંધાન પાના ૭ પર

# વિમા પ્રીમીયમ સસ્તુ કરવા કેન્દ્ર સરકાર નવી ફોર્મ્યુલા લાવશે

### ૫ ટકા જીએસટી લાગશે અને કંપનીઓને ટેક્સ ક્રેડીટનો લાભ આપશે સરકાર

નવી દિલ્હી, તા. ૧૨

જીવન વિમા અને આરોગ્ય વિમા પર ૧૮% જેટલા ઉંચા જીએસટી સામે સતત આ દર ઘટાડવા સરકાર પર દબાણ હવે કેન્દ્ર વિમા પોલીસીના પ્રિમીયમ પર જીએસટીમાં નવી ફોર્મ્યુલા અપનાવે તેવા સંકેત છે.

વિમા ઓથોરિટીએ કરેલા સૂચન મુજબ વિમા પોલીસી- જે ટર્મ પ્લાન છે તેના પર જીએસટી દર ૫% કરીને વિમા કંપનીઓને ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો લાભ આપવા જેથી તે વિમા પ્રિમીયમના નીચા દર જાળવી રાખવામાં સંમત થશે.

વિમા ખર્ચ વધી રહ્યો છે તેથી પ્રીમીયમ વધારવા પડે છે અને તેના પર ૧૮% જીએસટી તે ખરેખર વિમા પોલીસી હોલ્ડરને દર વર્ષે વધુ ખર્ચ કરવો પડે છે જે ચક્રને તે બંધ કરવા આ ફોર્મ્યુલા અપનાવશે.કંપનીઓને વધતા વિમા ખર્ચમાં યોગ્ય વળતર મળે તેવી જે રીતે વિમા પોલીસી પર કંપનીઓ ખર્ચ કરે છે તેમાં ઈનપુટ અનુસંધાન પાના ૭ પર

# બાઈડને મૂકેલા પ્લાસ્ટીક સ્ટ્રો પરનો પ્રતિબંધ નાબુદ કરતા ટ્રમ્પ

### કાગળના સ્ટ્રો લાંબો સમય કામ કરતા નથી : અમેરિકી પ્રમુખ

નવી દિલ્હી, તા. ૧૨

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે જાહેરાત કરી છે કે, પ્લાસ્ટિકના સ્ટ્રો અમેરિકામાં પાછા ફર્યા છે. આ સાથે તેમણે કહ્યું છે કે, કાગળના સ્ટ્રો કામ કરતા નથી. તેમણે કહ્યું કે, કાગળના સ્ટ્રો બહુ લાંબા સમય સુધી ટકી શકતા નથી. તેના બદલે, તેઓ ઈચ્છે છે કે સરકાર ખાસ કરીને પ્લાસ્ટિક તરફ આગળ વધે. આપણે પ્લાસ્ટિકના સ્ટ્રોને પાછી લાવા જઈ રહ્યા છીએ.

અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદથી, ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ઝડપી નિર્ણયો લઈ રહ્યા છે. અત્યાર સુધી, તેમણે ટેરિફ, ટ્રાન્સજેન્ડર, ઘણા દેશો પર કબજો કરવાનો ભય સહિતના ઘણા મુદ્દાઓ પર ચુકાદો આપ્યો છે. હવે તેઓએ પ્લાસ્ટિકના સ્ટ્રો વિશે ચર્ચા કરી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ કાગળના સ્ટ્રોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી રહ્યા છે.

ટ્રમ્પે કાગળના સ્ટ્રોને પ્રોત્સાહન આપતી અને પ્લાસ્ટિકના સ્ટ્રો પર પ્રતિબંધ મૂકતી ફેડરલ ખરીદી નીતિઓમાં ફેરફાર કરવા માટે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. આ આદેશ ફેડરલ એજન્સીઓને કાગળના સ્ટ્રો ખરીદવાનું બંધ કરવાનો નિર્દેશ આપે છે અને અન્યથા ખાતરી કરે છે કે કાગળના સ્ટ્રો હવે એજન્સી ઈમારતોની અંદર ઉપલબ્ધ ન થાય.

અમેરિકાના ઘણા રાજ્યો અને શહેરોએ પ્લાસ્ટિકના સ્ટ્રો પર પ્રતિબંધ મૂક્યો છે. ટ્રમ્પનું આ પગલું ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો અનુસંધાન પાના ૭ પર

# તા.૧ સપ્ટેમ્બરથી વાવેતરશરૂ કરવાના સાયણ સુગરના નિર્ણયનો ભારે વિરોધ

## સંસ્થાના જ ત્રણ ડિરેક્ટરોએ સાયણ જીન ખાતે જાહેર સભા બોલાવી



સુરત, તા.૧૨

સાયણ સુગરના આગામી સિઝનમાં ૧લી સપ્ટેમ્બરથી જ વાવેતર શરુ કરવાનો નિર્ણય સામે સભાસદોએ વિરોધ નોંધાવ્યો છે. સંસ્થાના જ ત્રણ ડિરેક્ટરોએ આજે સાયણ જીન ખાતે જાહેર સભા બોલાવી હતી. જેમાં સભાસદોએ વિરોધ નોંધાવી ૧લી સપ્ટેમ્બર ને બદલે ૧લી ઓક્ટોબર થી જ વાવેતર શરૂ કરવાની માંગ ઉચ્ચારી હતી. સભા બાદ સભાસદો સુગર કેમ્પસમાં પહોંચ્યા હતા. જ્યાં ચેરમેન સમક્ષ પણ સૂત્રોચ્ચાર કરી નિર્ણયમાં ફેરફાર કરવાની માંગ ઉઠાવી હતી.

શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ મંડળી લી.ના રોપાણ સિઝન ૨૦૨૫-૨૬ માં શેરડી વાવેતર માટેની જાતો તેમજ અન્ય નીતિ નિયમો નક્કી કરવા તારીખ ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ યોજાયેલ બોર્ડ મિટિંગમાં દરેક મુદ્દે વિસ્તારપૂર્વક ચર્ચા બાદ સંસ્થા અને સભાસદના લાંબા ગાળાના હિતને ધ્યાને રાખી આવનાર સિઝનમાં ૧ લી ઓક્ટોમ્બર થી જ વાવેતર શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. જે નિર્ણય તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજની ખેતી સમિતિ ની મીટીંગ માં ખોટા ડેટા રજૂ કરી તે નિર્ણયમાં ફેરફાર કરી રોપાણ સિઝન ૨૦૨૫-૨૬ માં શેરડી વાવેતર ૧ લી ઓક્ટોબરથી શરુ કરવાને બદલે ૧ લી સપ્ટેમ્બરથી શરુ કરવાના નિર્ણયથી સંસ્થા અને સભાસદોને થતા ફાયદા અને નુકશાન અંગે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા અને ખેડૂત સભાસદ મિત્રોને માહિતગાર કરવા માટે એક અગત્યની મિટિંગ નું આયોજન સાયણ જીન કમ્પાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. મીટીંગમાં મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆતમાં સાયણ સુગરના ડિરેક્ટર નરેન્દ્ર પટેલે સૌને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ડિરેક્ટર દીપેશ પટેલે જણાવ્યું કે, ટૂંકી નોટિસમાં સભાસદો આવ્યા એ બદલ આભાર. આજની મીટીંગ કોઈ ઝઘડા ની નથી. સંસ્થા થકી સભાસદ અને સભાસદ થકી સંસ્થા છે. સંસ્થા અને સભાસદોને લાંબા ગાળે નુકસાન ના થાય એ માટે નો અમારો હેતુ છે. તેમણે જણાવ્યું કે, પહેલા ઓક્ટોબર મહિનામાં, નવેમ્બર મહિનામાં શેરડી નું રોપણ કરતા. જોકે, જરૂર પડ્યે ફેરફાર કર્યો. પાછળથી રોપણ થાય તો ઉત્પાદનમાં નુકશાન થાય એમ છે. આથી આ મિટિંગ બોલાવી છે. સંસ્થાના ચેરમેન રાકેશ પટેલે આ બાબતે ખોટા ડેટા જાહેર કર્યા હોવાનો જાહેર મંચ પરથી આક્ષેપ કર્યો હતો. સંસ્થાએ ટકવું હોય તો યોગ્ય સમયે શેરડીનું પિલાણ કરવું પડે. ગત વર્ષે આપણે ૭૦ હજાર ટન બિન મંજૂરીની શેરડી લાવ્યા, એમાં ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ થયો હોવાથી વધુ ફાયદો થયો નથી. આ પ્રસંગે સુરત જિલ્લાના ખેડૂત આગેવાન, લડાયક નેતા અને સાયણ સુગરના ડિરેક્ટર અને દર્શન નાયકે જણાવ્યું કે, સંસ્થામાં આપખુદશાહી, મનસ્વી થાય તો એ ક્યારેય

અનુસંધાન પાના ૭ પર




# એનટીપીસી કવાસમાં તાલીમ પામેલ વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં ઝળક્યા

## સુવાલી શાળાના વિદ્યાર્થીઓ ઝોન કક્ષાની સ્પર્ધામાં તૃતીય સ્થાને

સુરત, તા.૧૨

NTPC કવાસના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રોગ્રામ હેઠળ તાલીમ પામેલા વિદ્યાર્થીઓએ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ઝોન/ દક્ષિણ ગુજરાત કક્ષાએ આયોજિત કલા મહાકુંભમાં ગુજરાતના રાસ નૃત્યને એક નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે. સુવાલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દક્ષિણ ગુજરાત કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી લોકનૃત્ય પરંપરામાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. એનટીપીસી કવાસની પહેલ 'રામઝટ ૨.૦' હેઠળ તાલીમ પામેલા વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ સ્પર્ધાની ઝોન કક્ષાની સ્પર્ધામાં તેમની રજૂઆતોથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. દક્ષિણ ગુજરાત કક્ષાએ ત્રીજું સ્થાન હાંસલ કરવું એ માત્ર સુવાલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જ નહિ પરંતુ શાળા અને NTPC કવાસ માટે પણ ખૂબ જ ગૌરવની વાત છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ૧૮ જાન્યુઆરીએ સ્થાનિક અને પરંપરાગત નૃત્યોને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુવાલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. સાથે જ એનટીપીસી કવાસના સીએસઆર કાર્યક્રમ હેઠળ તાલીમ પામેલ મોરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ લોકનૃત્યમાં બીજા ક્રમે અને કાવાસ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ગરબામાં ત્રીજા ક્રમે રહ્યા હતા.




# સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવાર દ્વારા સૂર વંદિતા કાર્યક્રમ યોજાયો

## ગીત-સંગીતના તાલે વરિષ્ઠ નાગરીકો ઝુમ્યા

સુરત, તા.૧૨

રાંદેર રોડ સ્થિત સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવાર માં સૂર વંદિતા મ્યુઝીકલ ગ્રુપ ના સભ્યો દ્વારા સંગીતમય રંગારંગ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમ ની શરૂઆત શંખ ધ્વનિ સભ્ય હીરાલાલ ચોખાવાળા, પ્રાર્થના ખજાનચી તરુલતા પારેખ એ સ્વાગત પ્રવચન પ્રમુખ નિરંજન પારેખ એ કરી અને સ્વચ્છતા પ્રતિજ્ઞા પંકજ માંજરાવાળા એ સભ્યો પાસે લેવડાવવી. સૂર વંદિતા ના કલાકારો ધ્વારા હિન્દી અને ઈંગ્લિશ ફિલ્મી ગીતો ધ્વારા સભ્યો ને ભરપૂર મનોરંજન પીરસ્યુ. વન્સ મોર અને સંગીત ના તાલ પર સિનિયર સિટીઝન સભ્યો ખૂબ નૃત્ય પ્રદર્શન કરી આનંદ માળ્યો. સંગીતમય કાર્યક્રમ નું સંચાલન પરેશ ભાટિયા અને પંકજ માંજરાવાળા એ કર્યું. આખા કાર્યક્રમ ની ફોટોગ્રાફી - વિડીયો ગ્રાફિક ભરત શાહ નિભાવી. અંતે આભાર વિધી મનીષા કાબરા વાળા એ કરી કાર્યક્રમ નું સમાપન જાહેર કર્યું.



# ભદેલી ગામના તળાવમાં જળ બિલાડીના ઝુંડની ધીંગા-મસ્તી

## એક સાથે આઠ-દશ જળ બિલાડીઓ દેખાતા લોકોમાં કુતુહલ

વલસાડ, તા.૧૨

ભદેલી ગામ ના તળાવ જળ બિલાડી પાણી ઉપર આવી જતા, તેને જોવા માટે લોકો ના ટોળા ઉમટી પડ્યા. લોકો એ વિડિઓ અને ફોટોગ્રાફી કરી આનંદ ની લાગણી અનુભવી. ઉલ્લેખનીય વાત એમ છે? ખાસ કરી ને શિયાળા ની ઋતુ માં આ બિલાડી દેખાતી હોય છે. ઘણુંખરું પાણી ની ઊંડાઈ માં રહી માછલી નો શિકાર કરતી હોય છે. મીઠા પાણી માં જીવન નિર્વાહ કરતી આ જળ બિલાડી અચાનક ભળેલું ના તળાવ માં અને તે પણ આઠ થી દસ ની સંખ્યા મા જોવા મળતા લોકો મા ચર્ચા નો વિષય બન્યો છે. આમ તો? ગુજરાત રાજ્ય માં જળ બિલાડી જળાશયો માં જોવા મળતી હોવાનો દાવો કરવા આવતો હતો. પરંતુ વલસાડ ના ભદેલી ના તળાવ એનું અસ્તિત્વ નું જીવંત દ્રશ્ય જોવા મળતા લોકો કુતુહલતા જોવા મળી. જળ બિલાડી થી પાણી ની શુદ્ધતા પણ બની રહેવાની લોક ચર્ચા થતી જોવા મળી.



# રસ્સાખેંચમાં વલસાડ કોમર્સ કોલેજ બહેનોની ટીમ આઠમી વખત વિજેતા

## યુનિવર્સિટીની આંતર કોલેજ સ્પર્ધામાં વલસાડ કોલેજની ટીમે ચેમ્પીયનશીપ જાળવી રાખી

ખેરગામ, તા.૧૨

ખેરગામ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ રસ્સાખેંચ બહેનોની સ્પર્ધા તા.૮/૨/૨૦૨૫ ના રોજ વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભરૂચ ખાતે યોજાઇ હતી. જેમાં કુલ ૧૨ જેટલી બહેનોની ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે ભરૂચ જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રાજેન્દ્ર ગોહિલ સાહેબ તેમજ કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. વલસાડ કોમર્સ કોલેજ રસ્સાખેંચ બહેનોની ટીમ વર્ષોની પરંપરા મુજબ સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી એક તરફી જીત મેળવી ફાઈનલમાં વલસાડની ભગિની સંસ્થા શ્રીમટી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજને પરાજય આપી ફાઇનલમાં જીત મેળવી સતત આઠમી વખત યુનિવર્સિટી ચેમ્પિયન બની હતી. આયોજન કોલેજના ઇન્ચાર્જ આચાર્ય અને ઓર્ગેનાઇઝર્સ સેક્રેટરી દ્વારા વિજેતા ટીમને ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આંતર કોલેજ રસ્સાખેંચ આંતર યુનિવર્સિટી રસ્સાખેંચ બહેનોનું સિલેક્શન ટ્રાયલ રાખવામાં આવ્યું હતું. શા. શિ.ના અધ્યાપક પ્રા. મુકેશભાઇ કે. પટેલ સિલેક્શન કમિટી મેમ્બર તરીકે કામગીરી કરી હતી. જેમાં વલસાડ કોમર્સ કોલેજની ચાર બહેનો રોશની પ્રસાદ, વેદી પટેલ, ક્રિષ્ના પટેલ અને ચંદ્રકલા આહિર યુનિવર્સિટી ટીમમાં પસંદગી થઈ હતી.

યુનિવર્સિટીમાં ચેમ્પિયન બની કોલેજનું ગૌરવ વધારનાર ટીમના સભ્યોને કોલેજ સત્તામંડળના સભ્યો, ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા.વિજયભાઈ ચાંપાનેરી, તમામ ટીચિંગ અને વહીવટી સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવી યુનિવર્સીટી સ્પર્ધામાં માટે શુભેચ્છા પાઠવી હતી. ટીમને કોચિંગ અને માર્ગદર્શન પ્રા મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડ મેન ઉત્તમભાઈ રાઠોડ દ્વારા દરરોજ ગ્રાઉન્ડ તૈયાર કરવાની જેહમત ઉઠાવી હતી. ઉત્તમભાઈ એ પણ ખૂબ જ મહેનત કરી હતી.



# એફડીઆઈ અંકલેશ્વર દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને માર્ગદર્શન

## ઉત્કૃષ્ટ પરિણામ માટે જિલ્લા શિક્ષણાધિકારીએ ટીપ્સ આપી

સુરત, તા.૧૨

ફૂટવેર ડિઝાઇન અને ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ (એફડીડીઆઇ), અંકલેશ્વર દ્વારા GSEBની SSC અને HSC પરીક્ષાઓ માટે એક વિશેષ માર્ગદર્શન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એફડીડીઆઇના કાર્યકારી નિર્દેશક શ્રી લાલિત પ્રકાશ જાંગરા અને જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી સ્વાતિબા રાવલ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં વિદ્યાર્થીને પરીક્ષાની તૈયારી, વ્યાખ્યાની વ્યાખ્યા, અને સફળતા માટેની આવશ્યક રીતો અંગે મૂલ્યવાન માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમયે, આજીવન શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની તમામ યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી.બેઠક પછી, એફડીડીઆઇના પ્રિન્સિપાલ અને શિક્ષકોએ એફડીડીઆઇ અંકલેશ્વરના કેમ્પસની મુલાકાત લીધી. તેમણે ફૂટવેર ડિઝાઇન, ફેશન ડિઝાઇન અને અન્ય નિષ્ણાત ક્ષેત્રો વિશે વિશદ માહિતી મેળવી. એફડીડીઆઇના વ્યાવસાયિક અભ્યાસક્રમો અને નવીનતમ ટેકનોલોજી પર પ્રકાશ પાડતી આ મુલાકાત તેમને વિદ્યાર્થીઓને આ ક્ષેત્રોમાં આવતા પેઢીઓ માટે વિવિધ તકોની ઓળખ આપી.



**સૂરિ પ્રેમ-ભુજનભાનુ સમુદાયના ૪૫૧ દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રી ગણરત્ન સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આજીવન ચરણોપાસક, શ્રમણીગણ નાયક આચાર્ય શ્રી રશ્મિરત્ન સૂરિશ્વરજી મ.સા.નું ૧૫ વર્ષ બાદ સુરેન્દ્રનગરમાં આગમન થતા શ્રી સુરેન્દ્રનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘે વાજતે-ગાજતે પ્રવેશ કરાયો.**



# સારંગપુર ગામ પાસે અમરાવતી ખાડીમાં મગર નજરે ચઢ્યો

## ખાડીમાં મગર દેખાતા ગ્રામ્યજનો ભયભીત

અંકલેશ્વર, તા.૧૨

ખાડીમાં મગર દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.સ્થાનિકોએ મગરનો વિડીયો મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો જે હાલ વાયરલ થઈ રહ્યો છે. આ અંગેની વન વિભાગને જાણ કરવામાં આવી છેઅંકલેશ્વરના સારંગપુર ગામની સીમમાંથી પસાર થતી અમરાવતી નદીમાં મગર જોવા મળતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. અંકલેશ્વર પંથક દીપડા અને મગરોનું અભયારણ્ય હોય એમ નદી-નાળા અને તળાવોમાં મગરો જોવા મળે છે ત્યારે આજરોજ અંકલેશ્વરની સારંગપુર ગામની સીમમાંથી પસાર થતી અમરાવતી નદીમાં મગર નજરે પડ્યો હતો.

ખાડીમાં મગર દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.સ્થાનિકોએ મગરનો વિડીયો મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો જે હાલ વાયરલ થઈ રહ્યો છે.આ અંગેની વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ દ્વારા પાંજરા મુકવાની કવાયત હાથ ધરવામાં આવી છે.આ અગાઉ પણ ચોમાસાના સમયમાં અમરાવતી નદીમાં વરસાદી પાણીમાં મગર ખેંચાઈ આવ્યો હતો.

# મોઢેશ્વરી માતાના નવ નિમિત્ત મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા પાટોત્સવ

## ચાર દિવસમાં જુદા-જુદા કાર્યક્રમો યોજાયા

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વર ખાતે મોઢ ઘાંચી સમસ્ત પંચ (મોદી સમાજ) દ્વારા કુળદેવી મોઢેશ્વરી માતાનો સતત આ ૧૭ મો પાટોત્સવ તેમજ નવ નિર્મિત મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા ભવ્ય પાટોત્સવ તા. ૭, ૮, ૯, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ઉજવવામાં આવ્યો હતો

ગતરોજ ૧૦/૨/૨૫ ના રોજ ચાર દિવસીય અનેક કાર્યક્મો બાદ સાંજે સમાજ ના હજારો ભક્તો વચ્ચે મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા બાદ મોઢેશ્વરી માતાજી નું મંદિર દર્શન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું આ પ્રસંગે સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદી અંકલેશ્વર મત વિસ્તારના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અંકલેશ્વર નગર પાલિકા ના કોર્પોરેટરો સહિત ધરમપુર ભરૂચ ખાતે વસવાટ કરતા સમાજ ના અગ્રણી ઓ જોડાયા હતા બીજી તરફ અંકલેશ્વર નગર ખાતે સમાજ ના વેપારી આલમે પોતાના ધંધા બંધ રાખી આ ભવ્ય ઉત્સવ માં હાજર રહ્યા હતા અત્રે નોંધવું રહ્યું કે

શ્રી મોઢેશ્વરી માતાજીના નવનિર્મિત મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા કરાવનાર ચાર સંતોશ્રી (૧) પૂ.શ્રી વિશુધ્ધ મહારાજ (૨) કર્મકાંડ આચાર્ય પૂ.શ્રી આનંદમહારાજ (૩) સરસ્વતી મહારાજ તેમજ ગોપાલ મહારાજ-સુરત તેઓ સગાભાઈઓ છે અને હિમાલયના મહાન તપસ્વી શ્રી રમણ મહારાજના સુપુત્રો છે, બનારસ કાશીમાં ૧૨ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરી વેદ, જયોતિષ, કર્મકાંડ ને કથા પુરાણમો પ્રકાંડ પંડિત છે તેઓ દ્વારા પોતાની રસભરી વાણી દ્વારા સતત ચાર દિવસ અનેક શુદ્ધ મંત્રોચાર દ્વારા આ પ્રસંગ ને ગરિમા

અનુસંધાન પાના ૭ પર

# વિષ્ણુ એટલે અખિલ બ્રહ્માંડના નિયંતા



ભગવાન વિષ્ણુના મસ્તકની ચારે તરફ પ્રકાશનું વર્તુળ છે. પ્રકાશવર્તુળ દ્વારા ચતુર્થ પરિમાણ સૂચિત થાય છે. આ સ્થૂળ જગત ત્રિપરિમાણયુક્ત જગત છે. આ ત્રિપરિમાણયુક્ત જગતથી જે પર છે તે ચતુર્થ પરિમાણમાં છે તેમ કહી શકાય. ભગવાન વિષ્ણુની ચેતના આ ચતુર્થ પરિમાણની ચિન્મય ચેતના છે તેમ આ પ્રકાશવર્તુળથી સૂચિત થાય છે. ભગવાન વિષ્ણુ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-ત્રણે ભૂમિકાથી પર છે, તેથી તેમને તુરીય-તત્ત્વ પણ કહેવામાં આવે છે. પ્રકાશવર્તુળ દ્વારા આ તુરિયાવસ્થા પણ સૂચિત થાય છે.

ભગવાન વિષ્ણુની છાતી પર એક ઊભી રેખાનું ચિન્હ છે. તેને શ્રીચિન્હ કે શ્રીવત્સ કહે છે. ભગવાન વિષ્ણુ શ્રીપતિ છે, અર્થાત્ મહાલક્ષ્મીના અધિપતિ છે. મહાલક્ષ્મી વિષ્ણુની અભિન્ન શક્તિ છે. મહાલક્ષ્મી આ ચિન્હરૂપે ભગવાન વિષ્ણુની છાતી પર બિરાજમાન છે. આ શ્રીવત્સ દ્વારા એમ સૂચિત થાય છે કે ભગવાન શ્રીવિષ્ણુ પોતાની મહાશક્તિ મહાલક્ષ્મીને પોતાના સ્વરૂપમાં, પોતાના હૃદયમાં જ ધારણ કરે છે. વિષ્ણુની શક્તિ શ્રીવિષ્ણુથી અભિન્ન છે.ભગવાન વિષ્ણુના ગળામાં વૈજયંતીમાળા શોભાયમાન છે. આ વૈજયંતીમાળા વિષ્ણુનું સદાવિજયી સ્વરૂપ સૂચિત કરે છે. સ્વરૂપતઃ જ માળા વિજયનું પ્રતીક છે.

માળા માટે એક શબ્દ 'હાર' છે. જે હારે છે તે વિજયીના ગળામાં હાર પહેરાવી પોતાની હાર કે શરણાગતિ સ્વીકારે છે અને જેના ગળામાં હાર પહેરાવે છે તેનો વિજય માન્ય કરે છે. ભગવાન વિષ્ણુના ગળાની માળાનું નામ જ વૈજયંતી છે. અર્થાત્ ભગવાન વિષ્ણુ સદાવિજયી અને સર્વવિજયી છે. વિષ્ણુ સર્વોચ્ચ શક્તિ છે. અન્ય કોઈ તત્ત્વ તેને અતિક્રમી શકે નહી, તેને પરાસ્ત કરી શકે નહી. વિષ્ણુ ભગવાનની આ સર્વોચ્ચતા દર્શાવતી વૈજયંતીમાળા તેમના ગળમાં સદા શોભાયમાન રહે છે.

ભગવાન વિષ્ણુનું વાહન ગરુડ આકાશવિહારી અને તીવ્રગતિમાન પક્ષી છે. ગરુડની ગતિ ઊર્ધ્વગતિ ગણાય છે. વિષ્ણુના વાહન ગરુડના પગમાં સર્પ પણ છે. ગરુડની ઊર્ધ્વ ગતિ દ્વારા પ્રાણ કે ચેતનાની ઊર્ધ્વગતિ સૂચિત થાય છે. સર્પ પ્રાણ કે ચેતનાની નિમ્નગતિનું પ્રતીક છે. નિમ્નગામિની ચેતના (સર્પ)ને નિયંત્રણમાં લઈને ઊર્ધ્વગામિની ચેતના જ્યારે ઊર્ધ્વગતિ કરે ત્યારે તે ચેતનામાં વિષ્ણુતત્ત્વ પ્રગટે છે, ત્યારે ગરુડ પર વિષ્ણુ આરૂઢ થાય છે.

સર્પને પગમાં લઈને ગરુડ જ્યારે આકાશમાં ઊડે ત્યારે તે વિષ્ણુનું વાહન બને છે. આ ઘટના દ્વારા એમ સૂચિત થાય છે કે નિમ્નગામિની ચેતના કે પ્રાણની ગતિ ઊર્ધ્વગામી સિદ્ધ થાય ત્યારે તે ચેતના વિષ્ણુચેતનાના પ્રાગટ્ય માટે ઉપર્યુક્ત ચેતના છે, ત્યારે તે વિષ્ણુનું વાહન બને છે. આ રીતે પગમાં સર્પ લઈને આકાશમાં ઊડતા ગરુડ દ્વારા એક મૂલ્યવાન આધ્યાત્મિક સત્ય પ્રગટ થાય છે. આપણે જોયું કે વિષ્ણુના સ્વરૂપનાં અનેક લક્ષણો દ્વારા અનેકવિધ આધ્યાત્મિક સત્યો વ્યક્ત થાય છે. ભગવાન વિષ્ણુની પરમોચ્ચ ચેતનાની લાક્ષણિકતાઓ પણ આ લક્ષણો દ્વારા સાંકેતિક સ્વરૂપે અભિવ્યક્ત થાય છે.

આનો અર્થ કોઈ એમ ન સમજે કે વિષ્ણુનું સ્વરૂપ એક સાંકેતિક કલ્પના કે કવિકલ્પના છે. આપણે ભગવાન વિષ્ણુનું જે સ્વરૂપ જાણીએ છીએ તે કોઈ પ્રતિભાવાન ચિત્રકાર કે શિલ્પકારની માત્ર મનઃકલ્પના છે તેવું નથી.

ભગવાન વિષ્ણુનું આ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ સ્વરૂપ એક સત્ય છે. ભગવાન વિષ્ણુનું આ સાકાર સ્વરૂપ

પણ તેટલું જ સત્ય છે, જેટલું સત્ય તેમનું નિરાકાર સ્વરૂપ છે. ભગવાન વિષ્ણુનું નિરાકાર સ્વરૂપ, સર્વવ્યાપી સ્વરૂપ એક અબાધિત સત્ય છે, તે જ રીતે તેમનું સગુણ-સાકાર સ્વરૂપ પણ અબાધિત સત્ય છે.

ભગવાન વિષ્ણુનું આ સગુણ-સાકાર સ્વરૂપ ક્યાં છે? તે સ્વરૂપે તેમના નિત્યધામ વૈકુંઠમાં નિત્ય સ્વરૂપે તો છે જ, પરંતુ ગમે તે સ્થાને, ગમે તે સમયે તે પ્રગટ પણ થાય છે, તેથી તેઓ સર્વગામી ગણાય છે.ભગવાન વિષ્ણુનું આ વૈકુંઠધામ અને તેમનું સગુણ-સાકાર સ્વરૂપ કયા સ્થાનવિશેષમાં છે? તેઓ ક્યાં બિરાજમાન છે?

આ પ્રશ્નનો ઉત્તર, સમજણની સરળતા માટે વિભાગપૂર્વક રજૂ કરવામાં આવે છેઃ

૧. ભગવાન વિષ્ણુનું વૈકુંઠધામ અને તેમનું સગુણ-સાકાર સ્વરૂપ આ ત્રિપરિમાણયુક્ત-સ્થૂળ, સૂક્ષ્મ કે કારણજગતમાં નથી.

૨. તેમનું સ્થાન આ બ્રહ્માની રચેલી સૃષ્ટિમાં નથી.

૩. તેમનું સ્થાન સ્થૂળ, સૂક્ષ્મ અને કારણજગતથી પર, બ્રહ્મલોકથી પણ પર ત્રિપરિમાણયુક્ત જગતથી બહાર ચિન્મય જગતમાં છે.

૪. બ્રહ્માની રચેલી સૃષ્ટિ શાશ્વત નથી. ચિન્મય જગત શાશ્વત છે.

૫. આમ છતાં આ ત્રિપરિમાણયુક્ત સ્થૂળ કે સૂક્ષ્મ જગતમાં પણ તેઓ સગુણ-સાકાર-રૂપે ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે.

૬. સાધકની ચેતના વિકસતી-વિકસતી આ ત્રિપરિમાણાત્મક જગતને ભેદીને જ્યારે બહાર નીકળી શકે ત્યારે તેને ગમે તે સ્થાન પરથી ગમે તે સમયે આ ચિન્મય જગત અને પરમાત્માના સગુણ-સાકાર સ્વરૂપની અનુભૂતિ થઈ શકે છે.

૭. ભક્તોની આવી અનુભૂતિઓ નક્કર હકીકત છે, કલ્પના નથી.

૮. આપણી પાસે ભગવાન વિષ્ણુનું જે સ્વરૂપ આવ્યું છે તે આવા સિદ્ધપુરુષોની અનુભૂતિ પર પ્રતિષ્ઠિત છે, તેથી કાલ્પનિક નથી જ.વિષ્ણુ એટલે પરમાત્મા, વિષ્ણુ એટલે સર્વોચ્ચ ચૈતન્ય, વિષ્ણુ એટલે અખિલ બ્રહ્માંડના નિયંતા. વિષ્ણુ અનંત છે, તેથી અનંતરૂપ પણ છે. તે સગુણ છે, નિર્ગુણ છે, સાકાર છે, નિરાકાર છે અને બીજું ઘણુંયે હશે, આપણે બધું જાણતા નથી, બધું જાણી શકીએ તેમ નથી. સાધારણ રીતે એમ માની લેવામાં આવે છે કે નિર્ગુણ કરતાં સગુણ નિમ્ન ભૂમિકાનું સ્વરૂપ ગણાય અને નિરાકાર કરતાં સાકાર નિમ્ન ભૂમિકાનું સ્વરૂપ ગણાય, પરંતુ આ માન્યતા સત્ય પર પ્રતિષ્ઠિત નથી. પરમાત્માનું કોઈ એક સ્વરૂપ પરમાત્માના અન્ય સ્વરૂપ કરતાં નાનું પણ નથી અને મોટું પણ નથી. પરમાત્માનાં બધાં સ્વરૂપો દ્વારા તે એક જ પરમાત્મા સૂચિત થાય છે, તેથી ભગવાનનાં બધાં સ્વરૂપો સમાન સ્વરૂપે મહત્ત્વનાં છે, બધાં પાસાંનું સમાન મૂલ્ય જ છે.



# નારી સુરક્ષાની વાતો વચ્ચે આજે પણ પ્રસૂતિમાં ગૃહિણીઓ પ્રાણ ગુમાવે છે

એક સમય હતો જ્યારે ભારતના અધિકાંશ ભાગમાં ઘરમાં થતી સુવાવડ, કસુવાવડ, હૉસ્પિટલનો અભાવ અને અન્ય કારણોસર પ્રસૂતિ મહિલાઓના મૃત્યુનું કારણ બનતી હતી. સમય જતાં દેશમાં ડૉક્ટરો સુધી પહોંચ વધી, હૉસ્પિટલો વધી, આધુનિક સુવિધાઓ વધી, સાક્ષરતાની સાથે પ્રસૂતિને લઈને જાગૃતિ પણ વધી તેમ છતાં, કમનસીબે આજે પણ પ્રસૂતિ દરમિયાન સ્ત્રી અને પ્રસૂતિ બાદ અનેક માતા પ્રાણ ગુમાવે છે. પ્રસૂતિ વખતે થતાં મહિલાઓનાં મૃત્યુને માપવા ખખછ અર્થાત્ માતૃ મૃત્યુ દર (મેટરનલ મૉર્ટાલિટી રેટ) જોવામાં આવે છે, જેમાં પ્રતિ ૧ લાખ પ્રસૂતિ દરમિયાન થતાં મૃત્યુની નોંધ લેવાય છે.

સામાન્યપણે આપણે એવું માનીએ છીએ કે શહેરમાં વધુ સારી સુવિધાઓ હોવાથી પરિસ્થિતિ બહેતર હશે, પરંતુ વાસ્તવિકતા વરવી છે. આપણાં મોટા ભાગનાં શહેરોની અડધા જેટલી વસતિ તો ઝૂંપડપટ્ટીમાં રહે છે. એમની પાસે રહેવાલાયક મકાન નથી હોતું. ગંદકીનું સામ્રાજ્ય હોય છે. એમની આવક પણ ઓછી હોય છે. પશ્ચિમ ભારતનાં શહેરોમાં અસ્થાયી વસાહતોમાં રહેતી મહિલાઓને આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે, જ્યાં ૪૯ ટકા સગર્ભા સ્ત્રીઓને ભલામણ કરી હોય એવી જરૂરી આરોગ્ય સંભાળ સુવિધાઓ પણ મળતી નથી. એમના ખોરાકમાં જરૂરી પોષક તત્ત્વોનો અભાવ પણ સમસ્યામાં વધારો કરે છે.

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા રૂપિયા એમના ખાતામાં મોકલાવી શકો, પરંતુ એમની ગર્ભાવસ્થા દરમિયાન અને પ્રસૂતિ વખતે જરૂરી સુવિધા કેટલી સુલભ છે તેના ઉપર કોઈનું ધ્યાન હોતું નથી. ૨૦૨૧માં પ્રગટ થયેલા એક અહેવાલ અનુસાર ભારતમાં લગભગ ૨૬.૬૬ % ગર્ભવતી મહિલાઓમાં લોહતત્ત્વોની ખામી જોવા મળે છે, જેના કારણે પ્રસૂતિ પછીના રક્તસ્ત્રાવનું જોખમ ૧૧% જેટલું ઊંચું હોય છે. પરિણામે હજારો માતાઓના જીવ જાય છે. આ જોખમ શહેરોના ગરીબ વિસ્તારમાં પણ એટલું જ ઊંચું છે.

હા, એ પણ નોંધવું જરૂરી છે કે વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૦ની વચ્ચે માતૃ મૃત્યુ દરમાં સારો એવો ઘટાડો પણ નોંધાયો છે. છેવાડાના ગામડાઓમાં જ્યાં તબીબી સુવિધાઓ તો ઠીક, પ્રસવ પીડા ઊપડે તો મહિલાને હૉસ્પિટલ પહોંચાડવા વાહન પણ ઉપલબ્ધ નથી હોતાં. કેટલેક ઠેકાણે તો રસ્તા ન હોય. નદીઓ પર દોરડાથી બાંધેલા પુલ હોયપઅહી સગર્ભાને યોગ્ય મદદ અને સારવાર મળવાની શક્યતાઓ અત્યંત ક્ષીણ હોય છે. સમગ્રપણે જોઈએ તો આજે પણ કયાં કયાં કારણોસર પ્રસૂતા કે તાજી માતાનાં મૃત્યુ થાય છે?

હેમરેજઃ બાળજન્મ દરમિયાન અથવા પોસ્ટપાર્ટમ સમયગાળા દરમિયાન અતિશય રક્તસ્રાવ એ માતાના મૃત્યુનું મુખ્ય કારણ છે. તે પ્લેસેન્ટા પ્રિવિયા, પ્લેસેન્ટલ એબ્રેશન અથવા ગર્ભાશયની અટોની જેવી ગૂંચવણોમાંથી પરિણમી શકે છે.

ચેપઃ ભારત જેવા દેશમાં, જ્યાં તબીબી સેવાઓ દુર્લભ છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, નબળી સ્વચ્છતા, અપૂરતી પ્રિનેટલ કેર અને અશુદ્ધ પ્રસૂતિ પ્રથાઓ સીધું કારણ બની શકે છે. જ્યારે બાળકને જન્મ આપે છે ત્યારે મહિલાને ચેપ લાગવાની શક્યતા વધુ હોય છે. સગર્ભાવસ્થા અને પોસ્ટપાર્ટમ સમયગાળા દરમિયાન ચેપ ફેલાઈ શકે છે અને માતાને મૃત્યુ તરફ દોરી જાય છે.

અન્ય સ્વાસ્થ્ય સમસ્યાપ જો કોઈ સ્ત્રી પહેલેથી જ એનિમિયા, કુપોષણ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અથવા ગર્ભાવસ્થાના કોઈ પણ હાયપરટેન્સિવ ડિસઓર્ડર જેવી કોઈ પણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી બીમારીથી પીડિત હોય તો ઘણીવાર ગર્ભાવસ્થા અને બાળજન્મ વખતે જોખમ વધી જાય છે. મોટી વયે માતૃત્વ વધતી ઉંમર સાથે ગર્ભાવસ્થામાં જોખમ વધી શકે છે. ૩૫ વર્ષથી વધુ ઉંમરની અસંખ્ય સ્ત્રીઓ તંદુરસ્ત ગર્ભાવસ્થા ધરાવે છે, જ્યારે પ્રસૂતિશાસ્ત્રમાં, આવી ગર્ભાવસ્થાને આગળની માતૃત્વ વય તરીકે ઓળખવામાં આવે છે.સાંસ્કૃતિક-સામાજિક કારણ આજે પણ, સાંસ્કૃતિક પ્રથાઓ, પરંપરાગત માન્યતાઓ અને સામાજિક ધોરણો માતાની સંભાળને પ્રભાવિત કરી શકે છે. કૌટુંબિક દબાણ અને સંસાધનોનો અભાવ પણ સ્ત્રીને તબીબી સહાય મેળવવાથી રોકી શકે છે. ગરીબી અને શિક્ષણ અને જાગરૂકતાનો અભાવ યોગ્ય આરોગ્ય સંભાળની પહોંચને વધુ અવરોધે છે અને માતા મૃત્યુદરમાં ફાળો આપે છે. આ તો માત્ર પ્રસૂતિ વેળાની સમસ્યાઓ છે. તે ઉપરાંત તો કંઈ કેટલીય મુશ્કેલીઓ સામે સ્ત્રી ઝઝૂમે છે. ઘણીવાર માતાના પ્રાણ બચી જાય તો સંતાન ખોવાનો વારો આવે છે. સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં માતૃ મૃત્યુ દર ૭૦ ટકા જેટલો નીચે લાવવાનું લક્ષ્ય રાખ્યું છે. તે માટે દેશને ખૂણે ખૂણે તબીબી સુવિધાઓ અને જાગૃતિ પહોંચાડવાનું કામ હિમાલય જેવડું મોટું છે.

# શું તમને પણ છે અરીસામાં જોવાની ટેવ? તો તે આ રોગનું લક્ષણ હોઈ શકે!

જો તમને દિવસમાં ઘણી વખત અરીસામાં જોવાની આદત હોય તો તમને અરીસા તપાસવાની સમસ્યા થાય છે. જેના કારણે તમારા વર્તન પર પણ અસર પડે છે. આ તમારા શરીરના ડિસમોર્ફિક ડિસઓર્ડર (બીડીડી) સાથે સંબંધિત છે. આ એક પ્રકારની માનસિક સ્વાસ્થ્ય સમસ્યા છે. જેમાં તમે ઘણીવાર તમારી ઓળખને લઈને ટેન્શનમાં હોવ છો. એટલું જ નહી અરીસામાં જોઈને તમારી ખામીઓ શોધવાનો પ્રયાસ કરો છો.

સંશોધન મુજબઃ વારંવાર અરીસામાં જોવું એ એક ખાસ પ્રકારના વિકાર સાથે સંબંધિત છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના જેએન મેડિકલ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના વડા પ્રો. એસ.એ. આઝમીના મતે જો તમે વારંવાર અરીસામાં તમારા શરીરને જુઓ છો, તો તે તમારા મગજ સાથે સંબંધિત માનસિક બીમારી



હોઈ શકે છે. આ રોગને ઓસીડી સ્પેક્ટ્રમ ડિસઓર્ડર તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક લોકો વારંવાર અરીસામાં પોતાની ત્વચા જુએ છે, તેને ખેંચે છે અને ચપટી કરે છે. વારંવાર વાળ ઘસવા, ખંજવાળવા અથવા તૂટવા એ પણ એક ચોક્કસ પ્રકારનો વિકાર હોઈ શકે છે.

વારંવાર અરીસામાં જોવું એ આ રોગનું લક્ષણ છે : વારંવાર અરીસામાં જોવાથી તમારી અંદર નકારાત્મક વિચારો આવવા લાગે છે જે માનસિક બીમારીનું સ્વરૂપ લે છે. આવા લોકો ધીમે ધીમે સમાજથી અલગ થવા લાગે છે. તેઓ શાળાએ ઓછી વાર જાય અને પાર્ટીઓમાં ન જાય. ધીમે ધીમે પણ તેઓ પરિવાર અને મિત્રોથી દૂર થઈ જાય છે. કારણ કે તેમને લાગે છે કે તેમનામાં ઘણી શારીરિક ખામીઓ છે. ક્યારેક આ બીમારી એટલી ગંભીર બની જાય છે કે લોકો પ્લાસ્ટિક સર્જરી પણ કરાવી લે છે. લતફિંશિભ મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ ૧૦ લાખ લોકો આ રોગનો ભોગ બને છે.

# ઈશ્વર નિત્ય આનંદરૂપ છે. ભાગવતનો સિદ્ધાંત સાચો છે. ઈશ્વર તૃપ્ત છે,પરંતુ પ્રેમના ભૂખ્યા છે.તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે..

મહાકુંભમાં પ્રયાગરાજ આજુ બાજુ ત્રણસો કી.મી.સુધી વાહનો ની લાંબી લાઈન લાગી જેવિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ થયો છે જેની અસર અયોધ્યા રામલલ્લા દરબાર સુધી છે ત્યારે આજે માધ પૂર્ણિમાના અમૃત સ્નાનમાં ગત અમાસ જેટલી ભીડ રહેશે તેવી પુરી શક્યતાન લીધે તંત્ર પહેલેથી જ સજ્જ બની ગયું છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વરને ભૂખ લાગતી નથી એવો ઉપનિષદનો સિદ્ધાંત છે.જીવન રૂપી પક્ષી વિષયરૂપી ફળ ખાય છે તેથી તે દુઃખી છે.ઉપનિષદનો સિદ્ધાંત ખોટો નથી. ઈશ્વર નિત્ય આનંદરૂપ છે. ભાગવતનો સિદ્ધાંત સાચો છે.ઈશ્વર તૃપ્ત છે,પરંતુ પ્રેમ ના ભૂખ્યા છે.તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે.પ્રેમમાં એવી શક્તિ છે કે, તે જડને ચેતન બનાવે છે,નિષ્કામ ને સકામ બનાવે છે, નિરાકારનેસાકાર બનાવે છે. જ્ઞાન માં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ નથી. પ્રેમમાં વસ્તુનું પરિ વર્તન કરવાની શક્તિ છે.પતિ પત્ની વિચારમાં પડ્યા છે. ભગવાનનું સ્વાગત કઈરીતે કરવું? તેઓ તપસ્વી હતાં. કેવળ ભાજી ખાઈને રહેતાં.વિદુરજીને સંકોચ થાય છે. હું મારી ભાજી ભગવાનને કેમ અર્પણ કરું?ત્યાં તો દ્વારિકા નાથે હાથે ભાજી ચૂલા ઉપરથી ઉતારીને પ્રેમથી આરોગી. વસ્તુમાં મીઠાશ નથી પણ પ્રેમમાં મીઠાશ છે.શત્રુ મીઠાઈ આપે તો તે ઝેર જેવી લાગે છે.ભગવાનને દુર્યોધનના ઘરના મેવા ન ગમ્યા, પરંતુ વિદુરજીના ઘરની ભાજી આરોગી. તેથી તો આજ પણ ભક્તકવિ સૂરદાસજી ગાય છે કે,સબસે ઊંચી પ્રેમસગાઈ.શુકદેવજી કહે છે કે,રાજન, મનુષ્ય જન્મથી બગડેલો હોતો નથી. જન્મથી તો શુદ્ધ હોય છે, પણ મોટા થયા પછી જેવા સંગમાં આવે તેવો તે બને છે. સત્સંગથી જીવન સુધરે છે, કુસંગથી જીવન બગડે છે.બાળકનો જન્મ થયો ત્યારે તેને કોઈ વ્યસન ન હતું,તેને કોઈ કુટેવ ન હતી,કોઈ દોષ ન હતો પણ મોટો થયા પછી જેવા સંગમાં આવ્યો એવો એ બન્યો. મોટો થયો અને છીકણી સૂંઘનાર સાથે રહેવા લાગ્યો ત્યારથી છીકણી સૂંઘવા લાગ્યો. સંગથી જીવન સુધરે છે, સંગથી જીવન બગડે છે. આંબા ફરતાં બાવળ વાવશો તો આંબો ફળશે નહી. મન ઉપર સંગ ની અસર થાય છે. વિલાસીનો સંગ હશે તો મનુષ્ય વિલાસી થશે. વિરક્તના સંગમાં રહેશો તો તે વિરક્ત બને. બીજું બધું બગડે તો બગડવા દેજો, પણ આ મન, બુદ્ધિને ન બગડવા દેજો. કાળજાને જો ડાઘો પડયો તો ત્રણ ચાર જન્મ લેશો પણ ડાઘો જશે નહી.

સંગનો રંગ મનને જરૂર લાગે છે. તમારા કરતાં જ્ઞાનમાં, સદાચરણ માં ભક્તિમાં,વૈરાગ્યમાં આગળ હોય તેવા મહાપુરુષોનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખજો.રોજ ઇચ્છા કરવાની કે ભગવાન શંકરા ચાર્ય જેવું જ્ઞાન,મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય.પ્રાતઃ સમયમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે. રોજ પૂર્વજોને વંદન કરો ને રટો કે મારે ઋષિ જેવું જીવન ગાળવું છે. ઋષિ થવું છે,વિલાસી થવું નથી.સંસાર-વ્યવહારમાં રહીને બ્રહ્મ જ્ઞાન ટકાવવું.ભક્તિ કરવીએ ઘણું કઠણ છે.સંગની અસર ખૂબ લાગે છે.ચોરી અને વ્યભિચાર મહાપાપ ગણ્યાં છે. આ પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજોકે,ધૃતરાષ્ટ્રના સંગમાં રહીશ તો મારું જીવન બગડશે. તેથી વિદુરજી ઘરનો ત્યાગ કરી ગંગાકિનારે આવી ભગવાનની ભક્તિ કરવા લાગેલા, ને તાંદળજાની ભાજીમાં સંતોષ માનેલો. ધૃતરાષ્ટ્રે વિદુરજી માટે ઘણું મોકલ્યું,પણ વિદુરજી એ તેનો અસ્વીકાર કર્યો.પાપીના ઘરનું ન ખવાય. પ્રભુ ભજનમાં અન્નદોષ વિઘ્ન કરે છે. ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સત્સંગ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગ માં ન રહેવું તે તમારા હાથની વાત છે.પર કાર માટે નથી સર્વનો ત્યાગ કરી વિદુરજી સુલભા પરમેશ્વરનું આરાધન કરે છે. તપ કરે છે. તપ કરવાથી પાપ સર્વ છે,જીવ શુદ્ધ થાય છે. ગૃહ સ્થનો ધર્મ છે કે,વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એક માસ કોઈ પવિત્ર તીર્થમાં પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું.તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.તપ કરવાથી પરમાત્માને દયા આવે છે.તપનું પહેલું અંગ જીભ ઉપર અંકુશ.જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહી.આજકાલ લોકોને જરૂરિયાત વધારે છે. પરિણામએ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યય ઈન્દ્રિયોને લાડ લડાવવામાં જાય છે.મનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે. વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરી છે, તેથી વગર આમંત્રણે પરમાત્મા તેને ઘરે આવ્યા છે. વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય, ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે.જ્યાં પરમાત્માને પણ પ્રેમહોય ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે.પ્રેમ હોય તો કનૈયો કહેછે તું મારા માટે માખણ લઈ આવ જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો છે તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ઈચ્છા સફળ થઈ છે.ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય. જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે. પ્રભુએ ધૃતરાષ્ટ્રના ઘરનું પાણી પીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી રાજાને કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ કરાવવા આવ્યા. પણ કુરુરાજે તેનું કહેવું માન્યું નહીં.પછી સલાહ માટે વિદુરજીને બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કર્યો. પણ ધૃતરાષ્ટ્ર તેનું માનતા નથી. આ ઉપદેશ વિદુરનીતિના નામે ઓળખાય છે. જે બીજાના ધનનું હરણ કરી લે છે તે ધૃતરાષ્ટ્ર. જેની આંખમાં પૈસો છે તે આંખ હોવા છતાં આંધળો થઈ જાય છે પાપી પુત્ર સાથે પ્રેમ કરનારો બાપ એ ધૃતરાષ્ટ્ર પહેલાં તો એક ધૃતરાષ્ટ્ર હતા પણ આજકાલ તો ધૃતરાષ્ટ્રો બહુ વધી પડયા છે. વિદુરજી ધૃત રાષ્ટ્રને કહે છે, દુર્યોધન પાપી છે. દુર્યોધન તારો પુત્ર નથી પણ તારું પાપ જ પુત્ર તરીકે આવ્યો છે. એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્રરૂપે આવે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે, દુરાચારી દીકરો માબાપની દુર્ગતિ કરે છે.સદાચારી પુત્ર મા બાપની સદગતિ કરે છે.પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો.માનવું આ મારો પુત્ર નથી, મારું પાપ પુત્રરૂપે આવ્યું છે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે. ચોરી અને વ્યભિચારને મહાપાપ માન્યાં છે.તે ક્ષમ્ય નથી.બીજાં પાપો ક્ષમ્ય છે.કેટલાંક ચોર જેલ માં,કેટલાંક ચોર મહેલમાં રહે છે. ચોર એટલે?વગર મહેનતેબીજાનું પચાવે તે ચોર છે.જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે,વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સ્થિતિ સારી હોવા છતાં જે અતિથિ સત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે. વિચારો, આમાંથી કોઈમાં તમારો નંબર તો નથી ને....?

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે માઘ પૂર્ણિમાએ અમૃત સ્નાનમાં ભક્તોની મનોકામના પુરી થાય તેવી પ્રાર્થના સહ અસ્તુ.યશપાલસિંહ ટી. વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા.

# પ્રેમ અને વેલેન્ટાઈન ડે વચ્ચેનો ફેર અને ભેદ !

સાચા પ્રેમને વેલેન્ટાઈન ડે સાથે કોઈ લેવાદેવા કે, નિસ્બત યા તાલ્લુક હોતી જ નથી! આમ, પ્રેમ એ સ્નેહ અને આસક્તિની તીવ્ર વૃત્તિ સંબંધિત ઘણી બધી લાગણીઓ અને અનુભવો પૈકીની એક છે. શબ્દને સામાન્ય આનંદથી માંડીને તીવ્ર આંતરવૈયક્તિક આકર્ષણ જેવી વિવિધ લાગણીઓ, સ્થિતિઓ અને અભિગમોના સંદર્ભમાં ટાંકી શકાય છે શબ્દ પ્રેમ ક્રિયાપદ અને નામ બંને છે.ખેર,ફિનલૅંડની આલ્ટો યુનિવર્સિટીના સંશોધકોએ મૅપ બનાવવા માટે સેંકડો લોકો પર કરાયેલા સર્વેના આંકડાનો ઉપયોગ કર્યો છે. એ લોકો કનેથી ૨૭ અલગ અલગ પ્રકારના પ્રેમના અનુભવો અંગે જાણકારી એકઠી કરાઈ હતી.ઉદાહરણ તરીકે રોમૅન્ટિક પ્રેમ, સેક્સ્યુઅલ પ્રેમ,

માતાપિતાનો પ્રેમ, મિત્રો પ્રત્યેનો પ્રેમ, અજાણ્યા, પ્રકૃતિ, ઈશ્વર અથવા પોતાની જાતનો પ્રેમ! અલબત એ લોકોને એ પણ પૂછવામાં આવ્યું કે શું તેમને પોતાના શરીરમાં અલગ અલગ પ્રકારના પ્રેમનો અહેસાસ થાય છે?!અને શારીરિક અને માનસિક રીતે તેને કેટલી તીવ્રતાથી અનુભવો છો?!પરિણામોથી ખબર પડી કે અલગ અલગ પ્રકારના પ્રેમમાં નબળાઈથી લઈને સશક્ત થવાની એક નિરંતરતા જોવા મળે છે.એ સર્વેને એક સાયન્સ જર્નલ 'ફિલૉસૉફીકલ સાઈકોલૉજી'માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.ઉલ્ટાનું જયારે વેલેન્ટાઈન ડેનો ઈતિહાસ એવો છે કે,

દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે મનાવવામાં આવે છે અને આ તારીખ સૌ કોઈને યાદ હોય છે. તો ક્યારેય વિચાર આવ્યો કે. વેલેન્ટાઈન ડે માટે ફેબ્રુઆરીની ૧૪ તારીખ જ કેમ રાખવામાં આવી છે!?આની પાછળ કારણ શું છે.!? માટે એ પાછળનો ઈતિહાસ જાણીએ!

વેલેન્ટાઈન ડે વીક
રોઝ ડે – ૭ ફેબ્રુઆરી
પ્રપોઝ ડે – ૮ ફેબ્રુઆરી
ચોકલેટ ડે – ૯ ફેબ્રુઆરી
ટેડી ડે – ૧૦ ફેબ્રુઆરી
પ્રોમિસ ડે – ૧૧ ફેબ્રુઆરી
હગ ડે – ૧૨ ફેબ્રુઆરી
કિસ ડે – ૧૩ ફેબ્રુઆરી
વેલેન્ટાઈન ડે – ૧૪ ફેબ્રુઆરી

વેલેન્ટાઈન ડેની ઉજવણીનો ઈતિહાસ રોમના સંત વેલેન્ટાઈન સાથે જોડાયેલો છે. એવું માનવામાં આવે છે કે રોમન રાજા ક્લાઉડિયસ પ્રેમની સખત વિરુદ્ધ હતા. તે માનતા હતો કે જો તેના સૈનિકો પ્રેમમાં પડે તો તેની સેના નબળી પડી શકે છે. પરંતુ તેના વિરુદ્ધ સંત વેલેન્ટાઈન પ્રેમનો પ્રચાર કરી રહ્યા હતા. તેમણે શાસકોની વિરુદ્ધ જઈ અનેક લોકોના લગ્ન કરાવ્યા હતા. આ કારણે તેમને ફાંસીની સજા પણ થઈ હતી.

તેમને જે દિવસે ફાંસી આપવામાં આવી તે દિવસે ૧૪ ફેબ્રુઆરીનો દિવસ હતો. ત્યારબાદ ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે મનાવવાની પ્રથા શરુ થઈ હતી.અંતે, ખરા પ્રેમ અને વેલેન્ટાઈન ડે આ બે વચ્ચેની ભેદરેખા ખૂબ પાતળી રહેલી છે, જે સૂચક પણ છે બલ્કે અત્રે ઉલ્લેખનીય તથા નોંધકીય ઘટનાયે છે! તે ખાસ ભૂલાવવું નહિ જોઈએ!

સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ પાવર વર્ક**

Sr. DEE/P/BCT ટેન્ડર નોટીસ નં. EL-૮૧-૮૮૬-WA-૬૭તા.:૦૪.૦૨.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ વિરાર સુરત સેક્શન - ADEN/ દહાણુ રોડ (ટાઈપ II ૩૦૦ નં.)ની અધિકારક્ષેત્ર હેઠળ હાલના સ્ટાફ ક્વાર્ટર્સમાં સુધારણા સાથેના સંબંધમાં ઈલેક્ટ્રિકલ (પાવર) વર્ક. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૨૩,૦૦,૫૦૮.૦૦, બીડ સુરક્ષા બારડીની કિંમતઃ રૂ. ૪૬,૦૦૦. સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૭.૦૩.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૭.૦૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો.
1059
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વેજિટેબલની સપ્લાય**

જગજીવન રામ હોસ્પિટલ (JRH), મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ, પશ્ચિમ રેલવે ટેન્ડર નોટીસ નં. & તા.: JRH Comp-૧૪૭૪૭૭-VEG-૨૫ તા.: ૦૯.૦૨.૨૦૨૫ માટે રસ ધરાવતા પક્ષો પાસેથી ઓફર્સ મંગાવે છે. કામનું નામઃ ૧ વર્ષ માટે JRH કિચનમાં વેજિટેબલની સપ્લાય. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧૬,૬૧,૮૨૨/- (તમામ સમાવિષ્ટ). બારડીઃ રૂ. ૩૩૨૩૦/- . પૂર્ણતાનો સમયગાળોઃ ૧૨ મહિના. સુપ્રતિની બંધ થવાની તારીખ અને સમયઃ ૦૩.૦૩.૨૦૨૫, ૧૧.૦૦ ક. સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1062
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

તંત્રી લેખ...-

બુધવાર, તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫

## આપ અને ઈન્ડિના ભાવિ પર વિશ્લેષકોની મંડાયેલી મીટ

છેલ્લાં થોડાં વર્ષ દરમ્યાન લગભગ દરેક વિધાનસભા અને લોકસભાની ચૂંટણી બાદ રાજકીય વિશ્લેષણમાં મોટાભાગે કોંગ્રેસના નબળા દેખાવની ચર્ચા થતી હોય છે. આ વખતે દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ બાદ આપના રાજકીય ભાવિ અંગેની ચર્ચા છેડાઈ છે. સાથોસાથ ઈન્ડિ જોડાણની પ્રાસંગિક્તા પણ ચર્ચાની એરણે ચડી ચૂકી છે, આમ તો લોકશાહીમાં ચૂંટણીના જય કે પરાજયનાં પરિણામ સ્વાભાવિક હોય છે, પણ કોંગ્રેસ જેવો પક્ષ એક પણ બેઠક જીત્યા વગર આમ આદમી પાર્ટી (આપ)ના સફાયાનો સંતોષ વ્યક્ત કરી શકે એ આપણી લોકશાહીની નવી તાસીર દર્શાવી જાય છે. દિલ્હીમાં લાંબા સમય સુધી શાસન ચલાવીને રાજધાનીમાં પોતાની સામે કોઈ જીતી શકે નહીં એવો દાવો કરી ચૂકેલા આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ખુદ પરાજિત થતાં હવે તેમની સામે સંખ્યાબંધ પડકારો ઊભા થઈ રહ્યા છે. ભ્રષ્ટાચારની સામેનાં આંદોલન અને પ્રામાણિકતાનાં વચન સાથે અસ્તિત્વમાં આવેલી આપનો બહુ ટૂંકા ગાળામાં રકાસ થતાં હવે તેના રાજકીય ભાવિની ચર્ચા ચાલી રહી છે. ભારતીય લોકશાહીમાં સ્વચ્છ અને ભરોસાપાત્ર વિકલ્પ પૂરો પાડવાનો ઉદ્દેશ જાહેર કરીને રચાયેલી આ પાર્ટીનો પ્રામાણિકતાનો દાવો ખોટો ઠરી રહ્યો હોવાની છાપે આ વખતે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આમ, તો આપને સતત બે ચૂંટણીથી જેટલો જબ્બર વિજય મળતો હતો, તે આ વખતે એના જેવા ગંભીર પરાજયમાં પરિવર્તિત થયો છે. આ વખતે ૪૩.૫૭ ટકા મત મેળવીને ૨૨ બેઠક પર જીત હાંસલ કરી શકેલી આપને ભાગે સત્તા આવી નથી, પણ વિપક્ષના નેતાનું પદ તો આવ્યું છે, પણ સૌથી મોટો પડકાર કેજરીવાલને આપને જાળવી રાખવાનો અને પોતાની સામેના ભ્રષ્ટાચારના ગંભીર કેસોના સામેનો છે. ખુદ કેજરીવાલ પરાજિત થયા છે અને તેમની સામે કેસો ગંભીર સ્તરે છે તેવામાં આપ અકબંધ કઈ રીતે રહેશે તેના પર દેશની નજર છે. લોકસભાની ચૂંટણી સમયે વિરોધ પક્ષના ઈન્ડિ જોડાણનું ભાવિ પણ જોખમમાં જણાઈ રહ્યંઅ છે. લોકસભાની ચૂંટણીમાં ગાઈ વગાડીને કરાયેલા વિપક્ષી એકતાના દાવા છતાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સામે પરાજિત થયા બાદ આ જોડાણની નેતાગીરીમાં અવિશ્વાસની જાગેલી લાગણી દિલ્હીમાં આપના પરાજયમાં પરિણમી છે. આમાં સૌથી મોટો દોષ કેજરીવાલની રાજકીય રણનીતિ અને તેમની નીતિ-રીતિને અપાઈ રહ્યો છે, પણ કોંગ્રેસે એકલા હાથે ચૂંટણી લડીને ભાજપ વિરોધી મતોનું વિભાજન કરાવ્યું તેનો આનંદ કોંગ્રેસી નેતાઓ જે રીત વ્યક્ત કરી રહ્યા છે તેનાથી ઈન્ડિ જોડાણનાં ભાવિ પરનાં જોખમનું પ્રમાણ વધારી રહ્યા છે. શક્ય છે કે, ઈન્ડિમાં કોંગ્રેસની બાદબાકી થઈ જાય અને નવા નેતાને ધુરા સોંપાય. આવા સંજોગોમાં કોંગ્રેસના વિપક્ષના ચહેરા તરીકેની ઓળખ સામે સવાલ ઊભો થઈ શકે છે, તો ઈન્ડિ જોડાણ કોંગ્રેસની વગર રાષ્ટ્રીય વિકલ્પ તરીકે કઈ રીતે પોતાની ઓળખ ઊભી કરે છે, તે પણ એટલો જ જટિલ સવાલ થઈ શકે છે, આમ આવનારા સમયમાં આપની સાથોસાથ કોંગ્રેસની વિપક્ષી નેતાગીરી અને ઈન્ડિ જોડાણનાં ભાવિ અંગેના સવાલોના જવાબ આપોઆપ સામે આવી જશે.

## મનરેગામાં ઊણપો દૂર કરો

ગ્રામીણ શ્રમજીવીઓ માટે આશીર્વાદ બની રહેલી મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરન્ટી યેજના (મનરેગા)માં બેરોજગારીનું પ્રમાણ વધી ગયું છે. છેલ્લાં ચાર વર્ષના સામે આવી રહેલા આંકડા આ ચોંકાવનારું ચિત્ર સામે આણી રહ્યા છે. આમ તો જ્યારે જ્યારે મનરેગાના નબળા દેખાવ અંગેના આરોપ સામે આવ્યા છે, ત્યારે ત્યારે સરકારે આ યોજનામાં બધું બરાબર હોવાના દાવા કરીને આક્ષેપોને નકારી કાઢ્યા છે. હવે

સત્તાવાર આંકડા આપીને સરકારે પોતે આ આશીર્વાદ સમાન યોજના હવે ઊણી ઊતરી રહી હોવાનો સ્વીકાર કર્યો છે. ગ્રામીણ વિસ્તારના શ્રમજીવીઓ માટે રોજગારીની તકો પૂરી પાડવાના ઉમદા ઉદ્દેશ સાથે શરૂ થયેલી મનરેગા યોજનામાં સરકાર મોટાપાયે આર્થિક યોગદાન આપતી રહે છે. વર્ષ ૨૦૨૪/૨૫ના સમયગાળામાં સરકારે આ યોજના માટે ૮૬ હજાર કરોડ રૂપિયાનાં ભંડોળની ફાળવણી કરી હતી. સરકાર આ યોજનાને આર્થિક સહયોગ આપવામાં જરા પણ પાછી પાની કરતી ન હોવા છતાં તેના લાભાર્થીઓની સંખ્યા ચોંકાવનારી રીતે ઘટી રહી છે. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ વચ્ચે મનરેગાના લાભાર્થી શ્રમિકોની સંખ્યામાં ૧.૫૫ કરોડથી વધુની બાદબાકી થઈ છે. ગ્રામીણ પરિવારોના વયસ્ક સભ્યોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપતી આ બંધારણીય ગેરન્ટી યોજનાને ભ્રષ્ટાચાર આભડી ગયો હોય એવી ચોંકાવનારી છાપ ઊભી થઈ રહી છે. બનાવટી રોજગાર કાર્ડ બનાવીને નાણાં હજમ થઈ રહ્યાના ચોંકાવનારા અહેવાલ સામે આવતા રહે છે. આ યોજનાનું સંચાલન કરતા પંચાયતના હોદ્દેદારો, રોજગાર સેવકો અને તલાટીઓએ સાથે મળીને મોટાપાયે ભ્રષ્ટાચાર આચર્યાનું સામે આવતાં વર્ષ ૨૦૨૩માં ૮૫ લાખ જોબ કાર્ડને રદ કરી નખાયા હતા. રદ કરાયેલા આ કાર્ડની સંખ્યા પરથી યોજનામાં ભ્રષ્ટાચારનાં અમાપ પ્રમાણનો આછો અંદાજ આવે છે. સરકાર એક તરફ કરોડો નાગરિકોને મહિને મફત અનાજ આપે છે, પણ કમનસીબી એ છે કે, તેમને રોજગારીની તક આપતી યોજના સંકોચાઈ રહી છે. ગ્રામીણ વિસ્તારના શ્રમજીવીઓને શહેરી વિસ્તારની તોલે આવે એવી રોજગારીની તકો પૂરી પાડીને તેમને શહેરોમાં ઉચાળા ભરતા રોકવાના ઉદ્દેશ સાથેની મનરેગા યોજના હવે હાંફી રહી હોવાની છાપ ઊભી થઈ રહી છે. દેશના વિકાસમાં ગ્રામીણ વિસ્તારનો સમાવેશ કરવાનો ઉદ્દેશ આ યોજનાના આરંભે સાકાર થતો જણાતો હતો, પણ વધેલી વસ્તીનાં પ્રમાણમાં મનરેગાના લાભાર્થી શ્રમિકોની સંખ્યા વધવાને બદલે ઘટી રહી હોવાની વાત ગળે ઊતરતી નથી. સરકારે અમુક રાજ્યોમાં આર્થિક ભંડોળની ફાળવણીમાં પણ કાપ મૂક્યો હોવાનું પણ સામે આવી ચૂક્યું છે. ખરેખર તો સરકારે આ યોજનાની ઊણપો અને ભ્રષ્ટાચારની તકોને દૂર કરવા માટે ગંભીરતા સાથે પગલાં લેવા પર ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. આમ થશે તો આ યોજના ગ્રામીણ ભારતમાં ગરીબ શ્રમજીવીઓ માટે ફરી એક વખત આશીર્વાદ સમાન બની રહેશે.

**સત્તાવાર આંકડા આપીને સરકારે પોતે આ આશીર્વાદ સમાન યોજના હવે ઊણી ઊતરી રહી હોવાનો સ્વીકાર કર્યો છે. ગ્રામીણ વિસ્તારના શ્રમજીવીઓ માટે રોજગારીની તકો પૂરી પાડવાના ઉમદા ઉદ્દેશ સાથે શરૂ થયેલી મનરેગા યોજનામાં સરકાર મોટાપાયે આર્થિક યોગદાન આપતી રહે છે.**

**જાણીત થયેલા સમય રૈના ને તેના જેવા લખોટાઓ સોશિયલ મીડિયા પર 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામનો શો ચલાવે છે.**

# રણવીર આણિ મંડળીને પાઠ ભણાવવો જરૂરી

ભારતમાં યુટ્યૂબ સહિતનાં સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવનારા પોતાને બધાથી ઉપર માને છે. એ લોકો એમ જ માને છે કે, પોતાને આ પ્લેટફોર્મ મળ્યું છે એટલે પોતાને મનફાવે એવા લવારા કરવાનો ને જીભે ચડે એ ભસી નાખવાનો અધિકાર મળી ગયો છે. આ ભ્રમમાં ને ભ્રમમાં એ લોકો એવી વાતો કરે છે કે જે સાંભળીને તેમની બુદ્ધિ વિશે તો શંકા જાગે જ પણ તેમને પસંદ કરનારાં લોકોની બુદ્ધિ અને ટેસ્ટ વિશે પણ શંકા જાગે. આવી શંકા પેદા કરનારો તાજો દાખલો જાણીતા યુટ્યૂબર રણવીર અલ્લાહબાદિયાનો છે.

યુ ટ્યુબ પર કોમેડિયન તરીકે જાણીત થયેલા સમય રૈના ને તેના જેવા લખોટાઓ સોશિયલ મીડિયા પર 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામનો શો ચલાવે છે. આ શો ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી રહ્યો છે કેમ કે ભારતમાં નવરાઓની કમી નથી.ખેર, આ દેશનું બંધારણ તેમને ગમે એ બકવાસ જોવાની છૂટ આપે છે તેથી તેની સામે વાંધો ના લઈ શકાય પણ આ શોના જજ એવા રણવીર અલાહાબાદિયાએ એક સ્પર્ધકને કરેલો સવાલ ચોક્કસ વાંધો લેવા જેવો છે. અલાહાબાદિયાએ સવાલ કરેલો કે, તમે તમારા માતાપિતાને આખી જિંદગી સેક્સ કરતાં જોવાનું પસંદ કરશો કે તેને રોકવા માટે એકવાર તેમાં સામેલ થશો?આ શો કોમેડીનો છે ને આ સવાલ સાથે કોમેડીને શું લેવાદેવા છે એ ખબર નથી પણ પોતાને સોશિયલ મીડિયાના ખાંસાહેબો માનતા લોકોની આ માનસિકતા છે. એ લોકોને એવું લાગે જ છે કે, પોતાને ગમે તે બોલવાનો અધિકાર છે એટલે આ સવાલ પૂછી લીધો. આ સવાલ સામે ભારે હોહા થઈ અને પોલીસ ફરિયાદ થઈ પછી અલાહાબાદિયાની ફાટી ગઈ. અલાહાબાદિયાએ આ નિવેદન બદલ માફી માગી છે.

અલાહાબાદિયાનો દાવો છે કે, કોમેડી પોતાનું જોનર નથી એટલે પોતાને શું કહેવું એ ખબર નહોતી. લખોટા, કોમેડી તારું જોનર નથી તેથી તને કોમેડી કરતાં ના આવડે એ સમજી શકાય પણ શું બોલવું તેનું તો ભાન હોય કે નહીં?વાસ્તવમાં સોશિયલ મીડિયાના કહેવાતા સ્ટારની આ સમસ્યા છે. તેમને પોતાનું જોનર હોય કે ના હોય, શું બોલવું તેનું ભાન જ નથી. તેના કારણે ભારતમાં સોશિયલ મીડિયા ગંદકી અને જૂઠાણાંનો અડ્ડો બની ગયું છે. કોમેડી કરનારાંને મનમાં ઓવું છે કે, ગંદી વાતો કરો, અશ્રૂલીલતા ફેલાવો તો લોકપ્રિય થવાય છે એટલે કોમેડીના શોમાં તો નરી અશ્રૂલીલતા જ પિરસાય છે. રાજકારણ કે કરંટ અફેર્સને લગતા શોમાં બેફામ જૂઠાણાં ફેલાવાય છે. આ તો બે જોનરની વાત કરી પણ તમામ જોનરમાં આ જ સ્થિતિ છે.

ગયા વર્ષે દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત નેશનલ ક્રિએટર ઍવૉર્ડમાં નરેન્દ્ર મોદીએ રણવીર અલાહાબાદિયાને ઍવૉર્ડ આપ્યો હતો એ વાતને યાદ કરીને ઘણાં લોકો મોદીની પણ ટીકા કરી રહ્યા છે. આ ટીકા વાહિયાત છે. રણવીર અલાહાબાદિયાને મોદીએ ગયા વર્ષે ઍવૉર્ડ આપેલો ને હવે અલાહાબાદિયા ગંદી કોમેન્ટ કરે તો તેમાં મોદી શું કરે?અલાહાબાદિયાએ પહેલાં ખરાબ કોમેન્ટ કરી હોય કે ગંદકી ફેલાવી હોય ને છતાં મોદીએ તેને ઍવૉર્ડ આપીને સન્માન કર્યું હોય તો તેની ટીકા કરી શકાય પણ અત્યારે ફેલાવેલી ગંદકી માટે મોદીની ટીકા કઈ રીતે કરી શકાય? મોદીએ તેના યોગદાન માટે ઍવૉર્ડ આપેલો. હવે રણવીરને સફળતા ન પચી અને ગમે તેવો બકવાસ કરવા માંડ્યો તેની સાથે મોદીને કંઈ લેવાદેવા નથી.જે લોકો ટીકા કરે છે તેમણે એક વાત યાદ રાખવા જેવી છે કે, રણવીર સામે એફઆઈઆર પણ ભાજપ શાસિત આસામમાં જ નોંધાઈ છે અને ભાજપ શાસિત મહારાષ્ટ્રે જ તેની સામે પગલાં લેવાનું એલાન કર્યું છે. ભારતમાં દરેક વાતને રાજકીય રંગ આપવાની ફેશન ચાલી રહી છે તેનું આ પરિણામ છે પણ આ મુદ્દો રાજકારણથી પર છે. આ મુદ્દો અશ્રૂલીલતાને લગતો છે ને તેને એ રીતે જોવો જોઈએ, કોઈને વણજોઈતા આ વિવાદમાં ઢસડ્યા વિના જેમણે માનસિક વિકૃત્તિ રજૂ કરી છે તેમની ટીકા કરવી જોઈએ, બીજા કોઈની નહીં.

જપ બે કામ કરી શકે છે. પહેલું કામ રણવીર અલાહાબાદિયા અને તેના જેવા હલકાઓની આખી ટોળીને આકરામાં આકરી સજા થાય ને એક દાખલો બેસે એ જોવું જોઈએ. અલાહાબાદિયાની જેમ બીજા કોઈને પોતાના અંદરની ગંદકીની ઊલટી બહાર કરવાની ઈચ્છા ના થાય એવો ફફડાટ પેદા થાય એવી સજા આ ટોળકીને કરવી જોઈએ. ભારતમાં ડંડો ના ચલાવો ત્યાં સુધી કોઈની અક્કલ ઠેકાણે આવતી જ નથી તેથી ધાક બેસાડવી જરૂરી છે.

સમય રૈનાની એક બીજી પણ ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે કે જેમાં એ કહે છે કે, કોઈ વ્યક્તિ પોર્ન શૂટ કરવા માંગતો હોય તો તેને પણ અમારા શોમાં મોકલો, બહુ મજા આવશે, પૂરા ઈન્ટરનેટ ફટ જાયેગા. રૈના તો એવું પણ કહે છે કે, કોમેડી કરનારની કોઈ જવાબદારી નથી કેમ કે કોમેડી કરનાર કંઈ નૈતિકતાના પાઠ ભણાવાવ માટે નથી આવતો. રૈના જેવા લોકોનો આ ભ્રમ દૂર કરવો જરૂરી છે. બે-ચાર વર્ષ જેલની હવા ખાશે એટલે કોમેડી કરનારની શું જવાબદારી છે તેનું તરત ભાન થઈ જશે. ભાજપે એ પણ કરવું જોઈએ એ કે, સોશિયલ મીડિયાને નિયંત્રિત કરવા કાયદો બનાવવો જોઈએ. સોશિયલ મીડિયા પર કેવો એંઠવાડ અને ગંદકી પિરસાય છે તેની વાત પહેલાં કરી જ દીધી છે પણ તેને રોકી નથી શકાતી કેમ કે આપણે ત્યાં એ અંગેના આકરા કાયદા નથી. ભાજપે એ કાયદા પણ બનાવવા જોઈએ કે જેથી આ એંઠવાડની ગંધથી તો બચી શકાય.

આપણે ત્યાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને નામે જે ધૂપ્પલો ચાલે છે તેમાં સોશિયલ મીડિયા અને યુટ્યૂબરોનું છે. કોઈ આ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરીને પોતાની ક્રિયેટિવિટી દુનિયા સામે રજૂ કરે તેની સામે કોઈને વાંધો નથી ને વાંધો હોવો પણ ના જોઈએ પણ ક્રિયેટિવિટીના નામે ગંદકી ફેલાવાય એ પણ ના ચાલે. સોશિયલ મીડિયાનો વ્યાપ અને પ્રભાવ બહુ વધારે છે એ જોતાં તેને નિયંત્રણમાં ના રખાય તો તેનાં ખરાબ પરિમામો સમાજ અને રાષ્ટ્ર બંનેએ ભોગવવાં પડે. આ સ્થિતિ પેદા થાય એ પહેલાં જાગવું જરૂરી છે, કાયદા બનાવવાજરૂરી છે.

**દોઢ વાગ્યો હશે અને મંદિરનો ગોસ્વામી પૂજારી આવી પહોંચ્યો.**

# જીવનમાં અન્નનું સ્થાન

**પેલા મારા કપડા થેલામાં ભરીને સાંજના ચાર વાગ્યે હું વિદાય થયો.**

'એમ! સારું ત્યારે સંભળાવો ગીતાજી.' તે બોલ્યા. ગીતા સાંભળવાની તેમની ઈચ્છા મને સારી લાગી અને મેં બરાબર એક કલાક એટલે કે એક વાગ્યા સુધી ગીતા સંભળાવી. તે ઊભા થયા અને બોલ્યા, 'સારું ત્યારે લ્યો... બેસો. હું તો હવે જાઉં છું.' આટલું કહીને ચાલતા થયા. હું તેમને જતા જોઇ રહ્યો. હવે ફરીને ગીતા વાંચવામાં મન લાગતું ન હતું. આજે પ્રથમ દિવસ હતો, એક વાગી ગયો હતો. પેટમાં એક દાણો પણ પડ્યો ન હતો. 'કીડીને કણ અને હાથીને મણ'ની વાતમાં વિશ્વાસ ડગમગ ડગમગ થઇ રહ્યો હતો. થયું કે લાવ આ પોઠિયા પાસે થોડીક વાર સૂઇ જાઉં, પણ સૂતા પહેલા ઊભો થયો, મહાદેવ બહાર નીકળી સુકાવા નાખેલા કપડા ઠીકઠાક કર્યા. પાછો મંદિરમાં આવ્યો. બે-ચાર આંટા માર્યા, એક-બે ભજનની એકાદ કડી ગણગણ્યો.દોઢ વાગ્યો હશે અને મંદિરનો ગોસ્વામી પૂજારી આવી પહોંચ્યો. ગામના ટેકરા ઉપર તેનું ઘર અને ત્યાંથી મહાદેવ દેખાય. તે પણ ખેતીવાળો માણસ. ખેતરેથી આવીને જમીપરવારીને આરામ કર્યા પછી ઊઠ્યો અને તેની નજર મેંદીની વાડ ઉપર સુકાતા મારા કપડા ઉપર પડી. 'મહાદેવમાં કોઇ આવ્યું લાગે છે,' એમ સમજીને તે આવ્યો. આવતા જ પૂછ્યુંઃ 'ક્યાંથી આવો છો મહારાજ?' હવે મારી પાસે ઉત્તર હાજર હતોઃ 'આ રેલે રેલે.' 'જમ્યા કે નહિ?' મેં ડોકું ધુણાવીને ના પાડી. 'ચાલો ત્યારે મારી સાથે ગામમાં સીધું અપાવું.' પ્રત્યેક ગામમાં બે-ચાર ઘર તો અતિથિસત્કાર કરનારા રહેતા જ હોય છે. આવા ઘર આવતા-જતા સંત-સાધુ-ભગત-ભિખારી-વટેમાર્ગુ વગેરે સૌને આશ્રય આપતા હોય છે. મંદિર-મહાદેવના પૂજારીને કહી રાખ્યું હોય છે કે કોઇ સંત-સાધુ આવે તો આપણે ત્યાં લઇ આવજો. જોજો હોં, આપણા ગામમાંથી કોઇ ભૂખ્યું ન જાય! આવા ઘરો જ ગામની શોભા થતા હોય છે, ભલે તે દેશી નળિયાવાળા હોય. મેં કહ્યું, 'ના ભાઇ, મારે સીધું નથી જોઇતું, કોઇને ત્યાં તૈયાર ભોજન હોય તો ચાલશે.' તેને નવાઇ લાગી. તેણે કહ્યું, 'મારા ઘેર તમે જમશો?' મેં હા પાડી. આનંદમાં આવી જઇ તે બોલ્યોઃ 'તો તો ચાલોને, દાળ ને રોટલો તૈયાર જ છે.' અમે બન્ને ચાલ્યા તેના ઘર તરફ. રસ્તામાં મને વિચાર આવતા રહ્યા.અહીં અવારનવાર સાધુઓ આવતા હશે. સંસારીઓથી તે અભડાઇ જતા હોવાથી સીધું લઇને પોતાની મેળે રસોઇ બનાવી જમતા હશે. ઊંચી કોમોની તો ઠીક પણ ગોસાઇ જેવી અણઘડ કોમને ત્યાં જમવાની કોણ હા પાડે? જે ધર્મમાં આદિથી અંત સુધી આભડછેટ પેસી ગઇ હોય ત્યાં લોકોનો જેમ તમે વધુ ને વધુ તિરસ્કાર કરો તેમ વધુ પૂજ્ય થતા જાઓ. એટલે જ પેલા ગોસ્વામીને નવાઇ લાગી હતી.ગોસ્વામીની ભાવિક પત્નીને પણ નવાઇ લાગી. તેમાં પણ મારા વર્ણથી તો તેને ખાતરી થઇ જ ગઇ હતી કે હું કોઇ ઊતરતી જ્ઞાતિનો નથી. આવી ઊંચી જ્ઞાતિના મહાત્મા પણ મારા ઘેર જમવા આવ્યા, તેનો તેને આનંદ હતો. વારંવાર તે બોલતી હતીઃ 'બધું ચોખ્ખું જ છે હોં મહારાજ.' અને પેલો ગોસ્વામી તકેદારીપૂર્વક આદેશ આપતો હતો, 'પેલા તાંબાના ઘડામાંથી પાણી આપજે. સમજી ને?'હું જમવા બેઠો. દાળ અને રોટલો બન્ને ટાઢા થઇ ગયા હતા, પણ અત્યારે તો મારા માટે ગરમાગરમ ઉષ્મા આપી રહ્યા હતા. અન્નનું જીવનમાં શું સ્થાન છે તેની ખબર શ્રીમંતાઇમાં આળોટીને મોટા થનારને ન હોય. મારી આંખમાં ઝળઝળિયા આવી ગયા. 'પ્રભુ, મોડું તો થયું, પણ આગળ આગળ જ તેં વ્યવસ્થા કરી મૂકી હતી.'ગોસ્વામીના ઘરમાં કોઇ બાળક ન દેખાયું, કદાચ સંતાન ના પણ હોય. પેલી બહેન મને અત્યંત લાગણીથી જમાડી રહી હતી, તથા ટગર ટગર મારા સામું જ જોયા કરતી હતી. ધીરે રહીને તેણે મને પૂછ્યું, 'મહારાજ, તમારું દૂધ કયું?'કોઇપણ સાધુની જાત પૂછવા માટેનો આ 'કોડવર્ડ' છે. દૂધ એટલે જાત. અર્થાત તમે કયું દૂધ ધાવીને મોટા થયા છો? આપણી સમાજવ્યવસ્થામાં નવા પરિચય કે સંબંધમાં જ્ઞાતિ કે જાતિ વિશેની સ્પષ્ટતા અનિવાર્ય થઇ જતી હોય છે. હું પોતે આવા ભેદોનો ત્યારે પણ વિરોધી હતો, પણ હવે જવાબ શો આપવો? વળી પાછો પરમાત્મા જીભ ઉપર આવી ગયો. મારાથી બોલી જવાયું : 'તમારું.' આ શબ્દે તેને અનહદ આનંદ આપ્યો. 'અમારું...? તમે પણ ગોસાંઇના બાળક છો?' હું કશું બોલ્યો નહિ, માત્ર સ્મિત જ કરતો રહ્યો.મારા જવાબથી બન્ને પતિ-પત્ની ગેલમાં આવી ગયા. માણસને પોતાની જ્ઞાતિ પ્રત્યે કેટલો રાગ હોય છે! કેટલી આત્મીયતા આપોઆપ થઇ આવતી હોય છે...! પેલી બહેન બોલીઃ 'મહારાજ, તો તો... અમારા ત્યાં જ રહી જાઓ ને! આમની હવે ઉંમર થવા આવી છે અને મહાદેવની પૂજા કરે તેવું કોઇ નથી. આમ રખડવા કરતાં અહીં રહેજો ને પૂજા કરજો.' એકી શ્વાસે તે બોલી ગઇ. પેલા ગોસ્વામીનો ચહેરો પણ હું હા પાડું તેની ઉત્કંઠા સાથે મારી તરફ જોઇ રહ્યો હતો. હું મૂંઝાયો. મારા જવાબથી આમની લાગણી દુભાશે જ, પણ શું કરું? મેં કહ્યું, 'બહેન, મારે તો કુંભમેળામાં જવું છે. પગે ચાલતા ચાલતા ઠેઠ પ્રયાગરાજ પહોંચીશ. ફરી કોઇ વાર આ તરફ આવીશ તો જેવી હરિઇચ્છા હશે તેમ કરીશ.'તે બન્ને નિરાશ થઇ ગયા. મને મૂકવા બન્ને જણા મહાદેવ આવ્યા. પેલા મારા કપડા થેલામાં ભરીને સાંજના ચાર વાગ્યે હું વિદાય થયો. બન્નેની લાગણીભરી આંખો મને જોતી રહી. ઢળતી અવસ્થામાં ઓથ વિનાના માણસો ઓથ શોધે છે. ગમતી ઓથ મળે અને તે છટકી જાય તે કોને ગમે?ફરી પાછા રેલવેની સડક ઉપર મારા પગ ગતિ કરવા માંડ્યા. હવે સાંજ પડે ત્યાં રાત રોકાવાનું છે. જમવાની તો ચિંતા નથી કારણ કે એક વાર જમવાનો નિયમ છે તે પૂરો થઇ ગયો.પેટમાં અન્ન પડ્યા પછી જે સ્ફૂર્તિ, શક્તિ, તાજગી અને નિશ્ચિતતા અનુભવાય છે તે અનુભવતો અનુભવતો ગોસ્વામી દંપતીના ચહેરાઓ સાથે ઈશ્વરસ્મરણ કરતો કરતો આગળ વધી રહ્યો છું. અચાનક ઉર્દૂનો એક શેર યાદ આવી ગયો.ખુદા ખાનાબદોશોં કી કરે ખુદા ખાનસામાની,નયા રોજા, નયા દરવા, નયી મંજિલ, નયા પાની.કોઇ સૂફી ફકીરે આ શેર લખ્યો છે. એનો ભાવ છે કે અમારા જેવા ખાનાબદોશ એટલે કે રખડતા-ભટકતા (અનિકેત) ફકીરોની પરમાત્મા પોતે જ રસોઇયો થઇને મહેમાનગીરી કરે છે. સંસારી માણસોને તો રોજ રોજ એનું એ જ મકાન, એ જ વાસણો, ઘર અને એ જ પાણી મળે છે. પણ અમારો અલ્લાહરૂપી રસોઇયો તો અમને રોજ રોજ, નવા દરવાજા, નવી મંજિલ અને નવા નવા પાણી દ્વારા નવી નવી રસોઇ કરીને જમાડે છે.

**હંમેશાં જોવામાં આવ્યું છે કે ગરમી વધવા કે વરસાદ વધુ હોવાથી ફળો અને શાકભાજીઓની કિંમતો વધી જાય છે**

# વધતી મોંઘવારીને નાથવાના ઉપાય

રિઝર્વ બેંક દ્વારા નક્કી ચાર ટકાના લ-યની નજીક આવવામાં પણ તેને ઘણો સમય લાગ્યો. આજે પણ તે પાંચ ટકાથી વધુની ઝડપથી વધી રહી છે.

ગયા મહિને યુરોપીય સંઘે એમ કહેતાં લોન દરોમાં કપાત કર્યો હતો કે તેણે મોંઘવારીને ઘણી હદ સુધી કાબુમાં કરી લીધી છે. એવું કરનારી તે બીજી મુખ્ય વૈશ્વિક અર્થવ્યવસ્થા હતી, કારણ કે આ પહેલાં કેનેડાએ પણ દરોમાં ઘટાડાનું એલાન કર્યું હતું. હવે અમેરિકાએ પણ સતત ત્રણ મહિના સુધી મોંઘવારી ઘટવાને કારણે સંકેત આપ્યા છે કે જલ્દી ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં કપાત કરશે. દેખીતું છે કે અનેક દેશો પોતાને ત્યાં દરોમાં ઘટાડો કરી રહ્યા છે, જેનાથી લાગે છે કે મોંઘવારીને નિયંત્રિત કરવામાં તેઓ સફળ સાબિત થઈ રહ્યા છે. તેનું કારણ એ થઈ શકે છે કે કોરોના મહામારી, યુક્રેન સંકટ અને પછી ઈઝરાયલ હમાસ યુદ્ધને કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલા પર જે નકારાત્મક અસર પડી હતી, તેનાથી પાર પામવામાં તેમને સફળતા મળવા લાગી છે. પરંતુ ભારતમાં હાલત પડકારજનક દેખાય છે. અહીં ફળ-શાકભાજીઓ જ નહીં, ખાદ્યાન્નના ભાવ પણ બેફામ વધી ગયા છે.

હંમેશાં જોવામાં આવ્યું છે કે ગરમી વધવા કે વરસાદ વધુ હોવાથી ફળો અને શાકભાજીઓની કિંમતો વધી જાય છે, કારણ કે તેના સંગ્રહની યોગ્ય વ્યવસ્થા આપણા દેશમાં નથી. પરંતુ એનું શું કારણ છે કે ઘઉં, ચોખા જેવા ખાદ્યાન્નની કિંમતો પણ ચડવા લાગે? એનો તો સંગ્રહ કરી શકાય છે અને આપણી પાસે તેનો પર્યાપ્ત ભંડાર પણ છે! એ પણ ત્યારે જ્યારે તેની રેકોર્ડ પેદાશના દાવા કરવામાં આવ્યા હતા અને આપણે નિકાસ પર પણ રોક લગાવી દીધી હતી? સ્પષ્ટ છે કે ભારતમાં વિશેષ કરીને ખાવા-પીવાની ચીજોનું પ્રબંધન ઘણું કમજોર છે, સાથે જ એ પણ કે કદાચ રેકોર્ડ ઉત્પાદન નથી થયું. કેટલાક વિશેષજ્ઞો પમ કહે છે કે ઉત્પાદનના આકલનની હાલની રીત ખોટી છે, જેમાં સુધારની સખત જરૂરિયાત છે.હાલમાં મોંઘવારી બે રીતે માપવામાં આવે છે, એક જથ્થાબંધ ભાવના આધારે અને બીજી, ગ્રાહક મૂલ્યોના આધાર પર. જથ્થાબંધ મૂલ્ય મૂળ ઉત્પાદકો સાથે જોડાયેલ છે. ખેડૂતો, ફેક્ટરીઓ કે ઉત્પાદન કરતા એકમો વગેરેના જથ્થાબંધ ઉત્પાદન તેમાં સામેલ હોય છે. મહામારી બાદ ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ઘણો વધારો જોવા મળ્યો હતો. એક સમયે તો તે ૧૫ ટકાની ઝડપથી વધી રહ્યો હતો. પરંતુ તેની તુલનામાં ઉપભોક્તા મૂલ્ય એટલું ન વધ્યું અને તે સાત-આઠ ટકા પર રહ્યું. ત્યારબાદ જથ્થાબંધ ભાવ નીચે ગગડ્યા, પરંતુ ઉપભોક્તા મૂલ્ય આધારિત મોંઘવારી બહુ ઘટી નહીં. રિઝર્વ બેંક દ્વારા નક્કી ચાર ટકાના લ-યની નજીક આવવામાં પણ તેને ઘણો સમય લાગ્યો. આજે પણ તે પાંચ ટકાથી વધુની ઝડપથી વધી રહી છે.સવાલ એ છે કે મોંઘવારી આમ આદમીને કઈ રીતે પરેશાન કરે છે? દરેક વર્ગ માટે ઉપભોક્તા મૂલ્ય સૂચકાંકનો અર્થ અલગ-અલગ હોય છે. એટલા માટે, કારણ કે દરેક વર્ગના ઉપભોગની પ્રાથમિકતા અલગ-અલગ હોય છે. જેમ કે ગરીબોને બજેટમાં ખાવા-પીવાની વસ્તુઓની હિસ્સેદારી ૪૦ ટકા સુધી હોય છે, જ્યારે અમીર વર્ગમાં તે માંડ પાંચ ટકા હોયછે. આ જ કારણે જ્યારે ખાદ્યાન્નના ભાવ વધે છે, તો ગરીબોની થાળી પર ભારે માર પડે છે. તેની સામે મોંઘવારી અમીરોની બચત પર પ્રહાર કરે છે, કારણ કે તેઓ પોતાની બચત ઘટાડીને જ મોંઘવારી સામે લડે છે, જ્યારે એક વર્ગ વેપારી વર્ગ પણ છે, જેના માટે મોંઘવારી કારોબારી લાભ લઈને આવે છે! એવામાં જરૂરી છે કે મોંઘવારીથી છૂટકારો મેળવવા માટે પર્યાપ્ત ઉપાય કરવામાં આવે. આ દિશામાં ફૂડ મેનેજમેન્ટ, એટલે કે ખાદ્ય પ્રબંધન ઘણું મહત્ત્વનું સાબિત થઈ શકે છે. ઘઉં, ચોખા જેવા ઉત્પાદનોના ભાવ એટલા માટે ફળો અથવા શાકભાજીની જેમ ઝડપથી ઉપર-નીચે નથી થતા, કારણ કે તેમની સરકારી ખરીદી થાય છે અને એક ચોક્કસ માત્રામાં તેમનો સંગ્રહ કરવામાં આવે છે. આપણે બાકી ઉત્પાદનો માટે પણ આવી જ રણનીતિ અપનાવવી જોઈએ. વિશેષ કરીને ટામેટાં, બટાટા અથવા ડુંગળીને કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાય છે. બાકી શાકભાજીઓ અથવા ફળોને ફૂડ પ્રોસેસિંગ દ્વારા સાચવવાની રણનીતિ બનાવવી જોઇએ. હાલની સ્થિતિમાં ફૂડ પ્રોસેસિંગ અને ફૂડ સ્ટોરેજને ઉત્તેજન આપવું ઘણું જરૂરી છે. મુશ્કેલી એછે કે તેમાં પૂરતી માત્રામાં રોકાણ નથી થઈ રહ્યું. રોકાણકારોની ચિંતા એ છે કે જો તેઓ સંગ્રહ કરે અને બાદમાં સંગ્રહની સીમા ઘટાડી દેવામાં આવે તો તેમણે નીચા ભાવે ઉત્પાદનો વેચી નાખવા પડશે, જેનાથી તેમને નુક્સાન થઈ શકે છે. તેથી સરકારે એક સ્થાયી નીતિ બનાવવી જોઈએ. તેણે ન માત્ર આ ઉત્પાદનોની ખરીદી કરવી જોઇએ, બલ્કે વેપારીઓને ભરોસો આપવો જોઇએ કે ભાવ વધુ ઉપર-નીચે નહીં થાય. તેનાથી કોલ્ડ સ્ટોરેજ કરનારા લોકો કે ફૂડ પ્રોસેસિંગ કરતી કંપનીઓને એક સબળ સંદેશ મળે. એમ પણ મોંઘવારી વધતાં સરકાર દખલ કરવામાં વાર નથી લગાડતી. જેમ કે ટામેટા-ડુંગળીના ભાવ વધતાં તે ખુદ સસ્તા ભાવોમાં તેને વેચવા લાગે છે. તેથી દર વર્ષે તાત્કાલિક રૂપે તો આવી જ નીતિ અપનાવવામાં આવે છે, તો તેને સ્થાયી નીતિ કેમ નથી બનાવી દેવાતી? વિકસિત દેશોમાં આવી નીતિ ઘણી કારગત રહી છે. ત્યાં ફૂડ પ્રોસેસિંગ કરતી કંપનીઓ ઉથ્પાદન વધુ થતાં પ્રબંધનની જવાબદારી સંભાળી લે છે. ત્યાં મોટી ખેતી કરનારી કોર્પોરેટ કંપનીઓ પણ ઘણી છે, જે નક્કી કરે છે કે કેવા ઉત્પાદનોનો સંગ્રહ કરવો જોઇએ? જ્યારે ભારતમાં નાના ખેડૂતોની સંખ્યા વધુ છે, જેમની પાસે સંગ્રહની યોગ્ય સુવિધા નથી. તેથી જે કામ વિદેશમાં કંપનીઓ કરે છે, તે આપણી સરકારોએ કરવું પડશે. પાકોની સરકારી ખરીદી સાથે સાથે તેનો સંગ્રહ પણ કરવો જોઇએ. આ કામમાં પ્રશાસનિક પડકારો ઘણા આવશે, તેમ છતાં એવુ કરવું જરૂરી છે.મોંઘવારી ઘટાડવામાં રિઝર્વ બેંક પણ ઘણી હદ સુધી પોતાની ભૂમિકા નિભાવી શકે છે. તે માંગને નિયંત્રિત કરીને મોંઘવારી ઓછી કરી શકે છે, પરંતુ જ્યાં પૂરવઠા શ્રૃંખલામાં ગરબડ છે, ત્યાં તે ખાલી હાથ રહી શકે છે. કરાધાનમાં પણ સુધારાની જરૂર છે અને આપણે અપ્રત્યક્ષ કરો ઘટાડવા જોઇએ. હાલમાં કર-જીડીપી અનુપાત ૧૭ ટકાની નજીક છે, જેમાં પ્રત્યક્ષ કરની હિસ્સેદારી ૧૧ ટકા અને અપ્રત્યક્ષ કરની ૬ ટકા છે. એવામાં જો આપણે લક્ઝરી ઉત્પાદનો પર જ અપ્રત્યક્ષ કર લગાવીએ, તો ગરીબોને ઘણી રાહત મળી શકશે. મતલબ સાફ છે કે મોંઘવારી નિયંત્રણ કરવામાં રિઝર્વ બેંકની એટલી ભૂમિકા નથી, જેટલી સરકારની છે.

# 'શિવ શિવ શંકરા'માં 'કન્નપ્પા'ની શિવ ભક્તિની ઝલક

## શ્રી શ્રી રવિશંકરે કોઈ ફિલ્મના મ્યૂઝિક રિલીઝમાં પ્રથમ વખત હાજરી આપી

દક્ષિણ ભારતના ઘરે-ઘરે અનોખા શિવભક્ત કન્નપ્પા સાથે સંકળાયેલી દંતકથાઓ પ્રચલિત છે. પ્રખર નાસ્તિકમાંથી ચુસ્ત શિવભક્ત બનેલ કન્નપ્પાના જીવન આધારિત ફિલ્મ લાંબા સમયથી ચર્ચામાં છે. પ્રભાસ અને વિષ્ણુ માંચુનું પરફોર્મન્સ ધરાવતું ફિલ્મનું પહેલું ગીત 'શિવ શિવ શંકરા' લોન્ચ થયું હતું. આર્ટ ઓફ લીવિંગના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરે ફિલ્મના મ્યૂઝિક રિલીઝ પ્રસંગે હાજરી આપી હતી.

કોઈ ફિલ્મના મ્યૂઝિક રિલીઝમાં શ્રી શ્રી રવિશંકર પ્રથમ વખત ઉપસ્થિત રહ્યા હતા. બેંગલોર ખાતે આવેલા આર્ટ ઓફ લીવિંગના આશ્રમમાં 'શિવ શિવ શંકરા'ના ટ્રેકને લોન્ચ કરાયુ હતું. ફિલ્મના ડાયરેક્ટર મુકેશ કુમાર સિંહ, એક્ટ્રસ સુમલતા, ડૉ. મોહનબાબુ, મ્યૂઝિક ડાયરેક્ટર સ્ટીફન દેવસી સહિત અનેક અગ્રણી આ પ્રસંગે હાજર રહ્યા હતા. ભગવાન શિવની દિવ્ય શક્તિ અને તેમના સ્વરૂપને સંગીતમય ભક્તિ સાથે રજૂ કરવાનો પ્રયાસ આ ગીતમાં થયો છે. શ્રી શ્રી રવિશંકરે ગીતના લોન્ચમાં હાજરી આપતાં ભગવાન શિવના ભક્તોમાં આ ગીત માટેની ઉત્સુકતા વધી છે.

ફિલ્મની પ્રોડક્શન ટીમે પ્રથમ ગીતને લોન્ચ કરવા બદલ શ્રી શ્રી રવિશંકરનો આભાર માન્યો હતો. પ્રોડ્યુસર ડૉ. મોહનબાબુએ આ



પવિત્ર ગીતના લોન્ચમાં શ્રી શ્રી રવિશંકરની હાજરીને સન્માનજનક ગણાવી હતી. આ ફિલ્મ ભગવાન શિવ સાથે ગાઢ રીતે સંકળાયેલી હોવાની અને તેમાં ખૂબ ગહન આધ્યાત્મિક યાત્રા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. 'શિવ શિવ શંકરા'ના હિન્દી વર્ઝનમાં જાવેદ અલીએ અવાજ આપ્યો છે. આધ્યાત્મ અને સિનેમાના અનોખા સમન્વય તરીકે આ ફિલ્મનો પ્રચાર થઈ રહ્યો છે ત્યારે કુંભ મેળા દરમિયાન તેનું પ્રથમ ગીત શેર થયું છે. આ ગીતમાં કન્નપ્પાની નાસ્તિક સ્થિતીથી માંડીને શિવભક્ત બનવા સુધીની સફર રજૂ કરવામાં આવી છે. શિવભક્તિમાં લીન થયા પછી પ્રકૃતિના દરેક સ્વરૂપમાં શિવજીના દર્શન કરતાં અનોખા શિવભક્તની પ્રેમ લક્ષણા ભક્તિની અભિવ્યક્તિ કરવામાં આવી છે. ૨૬ ફેબ્રુઆરીએ શિવરાત્રિ આવી રહી છે ત્યારે પરમ શિવભક્ત કન્નપ્પાની વધુ એક ઝલક શેર કરવામાં આવશે. આ ફિલ્મમાં વિષ્ણુ માંચુએ કન્નપ્પાનો રોલ કર્યો છે. મોહનલાલ, અક્ષય કુમાર, પ્રભાસ, કાજલ અગ્રવાલ અને પ્રીતિ મુકુંદન પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મને ૨૫ એપ્રિલના રોજ રિલીઝ કરવામાં આવશે. કળિયુગના પરમ શિવભક્ત તરીકે કન્નપ્પાને ઓળખવામાં આવે છે. કર્મથી શિકારી એવા કન્નપ્પાને ભગવાન પર સહેજ પણ શ્રદ્ધા ન હોતી. પોતાના જીવનને માણવામાં મસ્ત રહેતા કન્નપ્પાની શિવભક્તિની શરૂઆત પણ અનોખી રીતે થાય છે. દક્ષિણ ભારતના કેટલાક મંદિરોમાં શિવલિંગ પર પગ મૂકી રહેલા એક વ્યક્તિની મૂર્તિ જોવા મળે છે. મૂર્તિમાં દેખાતી આ વ્યક્તિ જ કન્નપ્પા હોવાનું મનાય છે. કારણ કે, કન્નપ્પાની શિવભક્તિની પદ્ધતિ અનોખી હતી. શિકારીમાંથી શિવભક્ત બનેલા કન્નપ્પાના સમર્પણ અને અનોખી વિરતા આધારિત આ ફિલ્મમાં પ્રભાસે રુદ્ર અવતારનો રોલ કર્યો છે. સાઉથ અને બોલિવૂડના અનેક કલાકારો ફિલ્મમાં મહત્ત્વના રોલ કરી રહ્યા છે.

### મોટા બજેટની આ ફિલ્મને ભારત ઉપરાંત સમગ્ર દુનિયમાં

રિલીઝ કરવામાં આવશે. 'કન્નપ્પા'માં 'આદિપુરુષ' જેવો ધબડકો ન થાય તે માટે વિશેષ કાળજી રાખવામાં આવી છે. ફિલ્મના સંવાદ, ગીતો અને કેરેક્ટર્સમાં કન્નપ્પા સમયના માહોલને જાળવી રાખવા પ્રયાસ થયો છે. આ ફિલ્મને 'પુષ્પા' કરતાં પણ વધારે મોટી હિટ બનાવવા પ્રયાસ થઈ રહ્યો છે. શિવભક્તના જીવન આધારિત ફિલ્મનું પ્રથમ ગીત શ્રી શ્રી રવિશંકરના હાથે લોન્ચ થયું છે ત્યારે શિવરાત્રિ દરમિયાન પણ ફિલ્મના પ્રમોશન માટે અનોખી પહેલ કરવાનું આયોજન છે.



# વિકી કૌશલ મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં જોડાશે?


### ભણસાલીની ફિલ્મો ઘણી અલગ હોય છે, આખરે વિકી કૌશલે ભણસાલીની 'લવ એન્ડ વોર' વિશે વાત કરી


લગભગ છેલ્લાં એક વર્ષથી સંજય લીલા ભણસાલીની ફિલ્મની ચર્ચાઓ ચાલે છે, જેમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ એકસાથે કામ કરી રહ્યાં છે. સંજય લીલા ભણસાલીએ ફિલ્મ 'લવ ઍન્ડ વૉર' માટે શાંતિથી ચુપચાપ શૂટિંગ શરૂ પણ કરી દીધું. મુંબઈના વિવિધ લોકેશન પર આ ફિલ્મ શૂટ થઈ રહી છે.

આ રોમેન્ટિક એક્શન ફિલ્મ ઈદ ૨૦૨૬ પર રિલીઝ થવાની શક્યતા છે. તાજેતરમાં એક માસ્ટરક્લાસ દરમિયાન વિકી કૌશલે ભણસાલી સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે વાત કરી હતી. વિકીએ કહ્યું, ''મને લાગે છે કે બધાં જ સમજશે કે કેમ દરેક કલાકાર એવું કહે છે કે સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં કામ કરવું એ એમનું સપનું હોય છે. એ એક માસ્ટર અને જિનિયસ છે. તેમને કામ કરતા જોવા એ એક લ્હાવો છે, એ જે કરે છે એમાં એમની માસ્ટરી છે. એમની ફિલ્મો હંમેશા ખાસ હોય છે અને હંમેશા અલગ હોય છે. એ જે દુનિયા રચે છે, પાત્રો વચ્ચે જે પ્રકારના સંબંધો રચે છે તે અદ્ભુત છે. તેમનાંમાંથી ઘણું શીખવાનું છે. અમે હજુ તો એ ફિલ્મ પર કામ કરવાની શરૂઆત કરી છે, મને રણબીર આલિયા સાથે કામ કરવાની પણ મજા આવે છે. એ બંને સાથે સંજુ અને રાઝી પછી આ મારી બીજી ફિલ્મ છે. તેથી સેટ પર કામ કરવાની મજા આવે છે. ફિલ્મ વિશે હું કશું જ વધારે કહી શકીશ નહીં, પરંતુ હું ખરેખર છાવા અને લવ ઍન્ડ વૉરની રાહ જોઉં છું.''જ્યારે એક ઈન્ટરવ્યુમાં વિક્કી કૌશલે મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં કામ કરવા અંગે જણાવ્યું, ''મને બહુ જ ગમશે. મને ગમશે કારણ કે આ એક જોનર છે, જેમાં મેં હજુ સુધી કામ કર્યું નથી. તો એવું કશુંક આવે, ખાસ કરીને કશુંક જો મેડોક તરફથી આવે, જેમની આ જોનરમાં માસ્ટરી છે તો મને ચોક્કસ કરવું ગમશે.'' વિકીની છાવા પણ મેડોક દ્વારા જ પ્રોડ્યુસ કરવામાં આવી છે અને પરશુરામ ભગવાન પરની ફિલ્મ પર પણ તે કામ કરી રહ્યો છે.વિકીના છાવાના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે પણ સ્ત્રી ૨ના ડિરેક્ટર અમર કૌશિકના વખાણ કર્યા હતા. ઉટેકરે કહ્યું, ''હોરર કોમેડી માટે તો આપણા અમર કૌશિક છે ને. હું એનાથી સારું કામ ન કરી શકું. એ ઉત્તમ ડિરેક્ટર છે અને એ જોનરમાં એણે જે પકડ જમાવી છે કે, ૬૦૦-૭૦૦ કરોડ કમાય છે. મને નથી લાગતું એ જોનરમાં કોઈ એમના જેવું કામ કરી શકે. તો હું તો કોશિશ પણ નહીં કરું.''

વિકીની છાવા ૧૪ ફેબ્રુઆરીએ, વૅલેન્ટાઇન ડે તેમજ છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રિલીઝ કરવામાં આવશે. જેમાં રશ્મિકા મંદાના વિકી સાથે લીડ રોલમાં જોવા મળશે.

# શ્રદ્ધા કપૂરની સલાહ: એંગલ બદલો, રંગ નહીં





### વેલેન્ટાઈન્સ ડે પર ઘર વેચીને ગિફ્ટ આપવાની જરૂર નથી: શ્રદ્ધા કપૂર

શ્રદ્ધા કપૂરે તેના ફૅન્સ સાથે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને રંગ નહીં પણ એંગલ બદલવાની વાત કરી હતી. શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બે તસવીરો શેર કરી હતી. જેમાંથી એક તસવીરમાં તે એકદમ ઉપર ફોન રાખીને કેમેરામાંથી સેલ્ફી લે છે. જ્યારે બીજી તસવીરમાં તે પોતાના બે પેટ્સ સાથે રમતી હોય એવી સેલ્ફી ટોપ એન્ગલથી લીધેલી છે. આ ફોટોની કૅપ્શનમાં શ્રદ્ધાએ લખ્યું છે, ''એંગલ બદલો, રંગ નહીં''. તેણે પૅટ્સ સાથેની તસવીરને ''સેટરડે સૂકુન'' ગણાવી હતી. ગયા અઠવાડિયે જ, શ્રદ્ધાએ વેલેન્ટાઇન્સ ગિફ્ટ માટેનો બેસ્ટ આઈડિયા આપ્યો હતો. તેણે આ માટે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો.

શ્રદ્ધાએ આ વીડિયોમાં કહ્યું, ''બધાને વેલેન્ટાઈન્સ ડે પર કંઈક અલગ કરવું હોય છે, પરંતુ આપણે તો દિવાળી પર ગિફ્ટ આપીએ છીએ, રક્ષાબંધન, કે બોર્ડની પરીક્ષાઓ પર પણ ગિફ્ટ આપીએ છીએ. તો વેલેન્ટાઈન્સ પર આપણે એક સારું બ્રેસલેટ ગિફ્ટમાં ન આપી શકીએ?''''દરરોજ ઉપયોગમાં લઈ શકાય એવી કોઈ પણ વસ્તુ તમે ગિફ્ટ આપી શકો છો. માત્ર કોઈક ગિફ્ટ આપો, કંઈ પણ. હું એવું નથી કહેતી કે તમે ઘર ગિરવે મુકીને કશુંક ખરીદો, તમે લૅબમાં બનેલા ડાયમંડની વસ્તુ પણ આપી શકો છો.'' શ્રદ્ધા કપૂરે આ વીડિયો પોસ્ટ કરતાં લખ્યું હતું, ''વેલેન્ટાઈન્સ પર ગિફ્ટ આપો, બહુ થયુંપ દિલથી.'' અગાઉ શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે કેમ તે પોસાના ઈન્સ્ટાગ્રામ પર બહુ પોસ્ટ કરતી નથી. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા પોતાની વાંચતી તસવીરો શેર કરી હતી અને લખ્યું હતું, ''એટલા માટે ઓછી પોસ્ટ કરતી હતી.''



# સનમ તેરી કસમ: રી-રિલીઝમાં બે નવી ફિલ્મોને માત આપી


રાણે અને મારવા હોકેનને લીડ રોલમાં દર્શાવતી 'સનમ તેરી કસમ' ૨૦૧૬ના વર્ષમાં રિલીઝ થઈ હતી. રિલીઝ સમયે બોક્સઓફિસ પર ફ્લોપ રહેલી આ ફિલ્મને ૯ વર્ષે ફરી રિલીઝ કરવામાં આવી છે. માત્ર બે દિવસમાં જ આ ફિલ્મે ઓરિજિનલ રિલીઝ મેળવેલા કુલ કલેક્શન કરતાં વધુ આવક મેળવી છે. આ સાથે બે નવી રિલીઝને પણ માત આપી છે.

'સનમ તેરી કસમ' ૭ ફેબ્રુઆરીએ ફરી રિલીઝ થઈ હતી. શુક્રવારે આ ફિલ્મે રૂ.૪.૨૫ કરોડનું નેટ કલેક્શન મેળવ્યું હતું, જે ઓરિજિનલ ઓપનિંગ ડે કલેક્શન કરતાં ત્રણ ગણવ હતું. બીજા દિવસે ફિલ્મની આવક ૧૫ ટકા વધી હતી અને તેણે ૫.૨૫ કરોડ મેળવ્યા હતા. આમ બે દિવસમાં જ 'સનમ તેરી કસમ'ને ૯.૫૦ કરોડનું કલેક્શન મળી ગયું છે. આ ફિલ્મની સ્પર્ધા બે નવી રિલીઝ સાથે હતી. આમિર ખાનના દીકરા ઝુનૈદ અને ખુશી કપૂરની ડેબ્યુ ફિલ્મ 'લવયપા'ને બે દિવસમાં ૨.૩૫ કરોડ અને હિમેશ રેશમિયાની 'બેડઍસ રવિકુમાર'ને ૩.૧૫ કરોડનું કલેક્શન મળ્યુ હતું. માત્ર બે દિવસમાં જ ઓરિજિનલ કલેક્શનને પાછળ રાખવાની સાથે બે નવી રિલીઝને માત આપતા હર્ષવર્ધન રાણે ખૂબ ખુશ છે. હર્ષવર્ધને આ પ્રસંગે શાહરૂખની હિટ ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ના ડાયલોગને યાદ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, અગર સબ ઠીક ના હો તો ધ એન્ડ નહીં હૈ. પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત.

# જેનિફર લોપેઝ અને કેવિન કોસ્ટનર અફવાઓ વચ્ચે સાથે જીમમાં જોવા મળ્યાં

જેનિફર લોપેઝ અને કેવિન કોસ્ટ્નરના સંબંધો અંગે થોડાં વખતથી ચર્ચાઓ શરૂ થઈ છે. ત્યારે હવે કેવિન પર લેપોઝની સંગતની હકારાત્મક અસર જોવા મળી રહી છે. કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર જેનિફરનાં ફિટ બૉડી અને સદાકાળ યુવાન લાગતા લૂકમાંથી પ્રેરણા લઈને કેવિને પોતાના ફિટનેસ ગોલ નક્કી કર્યા છે. જિનેફરની હંમેશા ફિટ રહેવાની આદતે કોસ્ટનરના હેલ્થ અને ફિટનેસ પર વધુ ધ્યાન આપવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

તેમની સાથે સંપર્કમાં રહેલાં એક સૂત્રના જણાવ્યા અનુસાર, જેનિફરે કેવિનને સમયસર જીમમાં પહોંચીને એ સાબિત કરવાની પ્રેરણા આપી છે કે ઉંમર માત્ર એક આંકડો છે. માત્ર જીમમાં જ નહીં પણ કિચનમાં પણ કેવિન હેલ્ધી ડાયેટ કરતો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ''કેવિન આમ તો પોતાનું શરીર અને પાતળો બાંધો જાળવી રાખે છે, પણ હવે એ મસલ થોડા મજબૂત કરવા માગે છે. જોઈએ કે આ વર્ષે તે કેટલો ફિટ થઈ શકે છે. એ પહેલાંની જેમ હવે ફરી શર્ટ ઉતારીને પોતાના સિક્સ પેક્સ ઍબ્ઝ બતાવવા માગે છે, તેણે પોતાના ટ્રેઈનરે પણ



કહ્યું છે કે આવું કરવું આ ઉંમરે પણ શક્ય જ છે. તેથી કેવિન ઉત્સાહમાં છે.''

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કેવિન વધારે પ્રમાણમાં પ્રોટિન લઈ રહ્યો છે. તે જીમમાં મહેનત કરે છે અને અંગત શેફ પાસે ખાસ વાનગીઓ તૈયાર કરાવીને જમે છે. તેનું લક્ષ્ય આ ઉનાળા સુધીમાં ૧૦ પાઉન્ડ મસલ્સ વધારવાનું છે. છેલ્લાં ડિસેમ્બરથી જેનિફર લોપેઝ અને કેવિન વચ્ચેના સંબંધોની ચર્ચા છે. કોર્લાન્ડોના એક બાર-કેમો સાબેમાં તેઓ બંને સાથે જોવા મળ્યા હતા અને ત્યારથી તેમના સંબંધની અફવાઓ ચાલે છે.

# ફરીથી સંભળાશે 'કબીરા સ્પિકિંગ'


જેના એક ફોન કોલે રાજુ-ઘનશ્યામ અને બાબુ ભૈયાના જીવનમાં હેરાફેરી' આણી દીધી હતી એ કબીરા પરત આવી રહ્યો છે! સાજીદ નડિયાદવાલાહેરાફેરી'નો ત્રીજો ભાગ અનાઉન્સ કરી ચૂક્યા છે અને એમણે ગુલશન ગ્રોવર સાથે વાત પણ કરી લીધી છે. હાલમાં જ બેડમેન' ગ્રોવરે એક ઈન્ટરવ્યૂમાં કન્ફર્મ કર્યું છે કેકબીરા ઈઝ બેક!'


ગુલશનના કહેવા અનુસાર આ વખતનો કબીરા એ હેરાફેરી'ના કબીરા કરતાં થોડો અલગ હશે. એના પાત્રમાં નેગેટિવ ઉપરાંત પોઝિટિવ શેડ્સ પણ જોવા મળશેપ. આથી વિશેષ કોઈ માહિતી ન આપતાં ગુલશને હોઠ સીવી લીધા છે. વર્ષ ૨૦૦૦નીયુનિક એન્ડ એપિક' કૉમેડી હેરાફેરી'માં પોતાના ભારેખમ અવાજથીકબીરા સ્પીકિંગપ' બોલીને એક અલગ જ ભાત ઉપસાવનાર ગુલશન ગ્રોવરનું એ પાત્ર ફિલ્મનાં અન્ય પાત્રોની જેમ જ યાદગાર થઈ ગયું છે.આજે પણ એના ડાયલોગથી શરૂ થતા સીન્સ યુટ્યુબ પર એટલા જ વાયરલ' થાય છે અને લોકો એટલા જ એને માણે છે.હેરાફેરી'નો બીજા ભાગ એટલે કે ફિર હેરાફેરી'માં આ પાત્ર ગેરહાજર હતું, ઑડિયન્સે તેને મીસ પણ કર્યું હતું, પરંતુ હવેકબીરા ઈઝ બેક'ની જાણ થતાં હેરાફેરી' ફ્રેન્ચાઈઝના ફેન્સ જરૂર રાજી થયા હશે. આ ફેન્સનો રાજીપો વધે એવું અન્ય કારણ એ છે કે હાલમાં પોતાના જન્મદિવસે અક્ષય કુમારે આપેલી શુભેચ્છાના જવાબમાંહેરાફેરી'ના ડાયરેક્ટર પ્રિયદર્શને ત્રીજા ભાગને ડાયરેક્ટ કરવાની તૈયારી દર્શાવી છે.

બોલિવૂડની ફિલ્મો ખરાબપ શું કારણ? બોલિવૂડ સતત ખરાબ ફિલ્મ્સ આપી રહ્યું છે. મોટા ભાગના ફેન્સ અને ફિલ્મ પંડિતો આના માટે નબળી સ્ક્રિપ્ટને કારણભૂત ગણે છે. 'દેઢ ઈશ્કિયા' જેવી ફિલ્મ લખનાર દરાબ ફારૂકીએ હવે બોલિવૂડ ફિલ્મોની નબળી સ્ક્રિપ્ટ હોવા પાછળનું સચોટ કહી શકાય તેવું કારણ પણ જણાવી દીધું છે.

હાલમાં જ 'એક્સ' પર દરાબે એક લાંબી પોસ્ટ લખી છે, જે અનુસાર બોલિવૂડ સ્ક્રિપ્ટ રાઈટરને શરૂઆતમાં સ્ક્રિપ્ટ લખવા માટે તેની







કુલ ફીના ૧૦થી ૨૦ ટકા જ આપે છે પછી એ સ્ક્રિપ્ટ મંજૂર થાય પછી બીજા દસેક ટકા આપે છે. આ થયા બાદ મોટા ભાગના નિર્માતાઓ લેખકને એક્ટર્સ સાઈન થવાની રાહ જોવાનું કહે છે. હવે જો એક્ટર્સ સાઈન ન થાય કે કોઈ બીજાં કારણોસર આખો પ્રોજેક્ટ પડતો મુકાય તો સ્ક્રિપ્ટ રાઈટરને બાકીના પૈસા ભૂલી જવાનું કહી દેવામાં આવે છે. દરાબનું કહેવું છે કે આ ખરેખર અમારું શોષણ છે. જ્યારે આવું શોષણ થતું હોય ત્યારે અમે જબરદસ્ત સ્ક્રિપ્ટ કેવી રીતે લખી શકીએ? એણે ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે બોલિવૂડની અત્યારની પરિસ્થિતિ માટે સ્ક્રિપ્ટ રાઈટર્સને અપાતી ઓછી રકમ જ જવાબદાર છે. એ કહે કે કોવિડના સમયમાં ઈન્ડસ્ટ્રી દ્વારા એક બહાના તરીકે શરૂ થયેલી આ પ્રવૃત્તિ હવે કાયમી થઈ ગઈ છે.ક્રિશ ૪' માટે મારી પાસે પૈસા જ નથી! હૃતિક અને રાકેશ રોશનની હીટ ફ્રેન્ચાઈઝક્રિશ'ના ત્રીજા ભાગની સફળતાની તુરંત બાદ તેના ચોથા ભાગની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ જાહેરાત કર્યાને વર્ષો વીતી ગયાં, પણ ક્રિશ'નો ચોથો ભાગ આવે એવા કોઈ જ એંધાણ દેખાઈ રહ્યાં નથી.જોકે, હાલમાં રાકેશ રોશને આ વિશે સ્પષ્ટતા કરી છે. એમણે કહ્યું કેક્રિશ'ના ચોથા ભાગ માટે એમની પાસે બજેટ (પૈસા) જ નથીપ. બોલો! અલબત્ત, આ પાછળ રોશનનો તર્ક છે કે જો ક્રિશ'ની સિક્વલ ઓછા બજેટમાં બનાવે તો એસુપર હીરો' સ્તરની ફિલ્મ નહીં બને જેની દર્શકો રાહ જોઈને બેઠા છે. ઉપરાંત આજના જમાનામાં જ્યારે રિમોટનું એક બટન દબાવવાથી વિશ્વભરની સુપર હીરો ફિલ્મ્સ ઘેરબેઠાં જોવા મળે છે એવામાં નિમ્નસ્તરની 'ક્રિશ' બનાવવાથી બાળકો નિરાશ થશે ને મોટેરાઓ એની ટીકા કરશે.રાકેશ રોશન ઉદાહરણ આપતાં કહે છે કે વિદેશમાં સુપર હીરોની ફિલ્મ બનાવવા માટે જો ૧૦૦૦ રૂપિયાનું બજેટ હોય તો આપણને એવી જ ફિલ્મ બનાવવા માટે માત્ર ૪ રૂપિયા જ મળે છે..! આવી પરિસ્થિતિમાં વિદેશી ગ્રાન્ડ લેવલની સુપર હીરો ફિલ્મ આપણે કેવી રીતે બનાવી શકીએ?

# જસપ્રીત બુમરાહ અને યશસ્વી જાયસ્વાલ ચેમ્પિયન્સ ટ્રોફીથી બહાર, બે યુવા ક્રિકેટરને ટીમમાં સામેલ કરાયા

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. તે ઈજામાંથી સ્વસ્થ થઈ શક્યો નહીં અને તેથી તેના સ્થાને હર્ષિત રાણાને અંતિમ ટીમમાં સામેલ કરવામાં આવ્યો. ઓસ્ટ્રેલિયા ટુર વખતે પીઠમાં ઈજા પહોંચી હતી.

ICC ટુર્નામેન્ટ માટે ટીમોમાં ફેરફાર કરવાની છેલ્લી તારીખ 11 ફેબ્રુઆરી હતી. ટીમ ઈન્ડિયાએ બુમરાહની સાથે યશસ્વી જયસ્વાલને પણ પડતો મૂક્યો. યશસ્વીની જગ્યાએ વરુણ ચક્રવર્તી ટીમનો ભાગ બન્યો.

યશસ્વી ટ્રાવેલિંગ રિઝર્વ હશે, તેની સાથે શિવમ દુબે અને મોહમ્મદ સિરાજને પણ રિઝર્વ ખેલાડીઓમાં સામેલ કરવામાં આવ્યા છે. આ ત્રણેય ખેલાડીની જો જરૂર પડે તો જ દુબઈ મોકલાશે.



**બુમરાહને ઓસ્ટ્રેલિયામાં છેલ્લા ટેસ્ટ મેચ વખતે પીઠની ઈંજરી થઈ હતી**
**સિરાજ, દુબે અને જયસ્વાલ સબસ્ટીટ્યુટ જાહેરઃ શમી ટીમમાં સામેલ**

બુમરાહની પીઠની ઈજાનું સ્કેન 7 ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું હતું. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ODI શ્રેણી માટે બુમરાહની પણ ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના સ્થાને વરુણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. હવે તે ICC ટુર્નામેન્ટમાંથી પણ બહાર થઈ ગયો છે.

**ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઇન્ડિયા**

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), ઋષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવ.

**રિઝર્વઃ** યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ અને શિવમ દુબે.

## ડિનરની ઓફર ફગાવતા એન્કરને નોટિસ મળી

# બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં વધુ એક વિવાદ ભારતીય મહિલા એન્કરે લીગ છોડી દેવી પડી

બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં વિવાદો અટકવાનું નામ લેતા નથી. ક્યારેક ખેલાડીઓના પગાર તો ક્યારેક મેચ ફિક્સિંગના આરોપો પણ લાગે છે. આ દરમિયાન, કેનેડા સ્થિત ભારતીય સ્પોર્ટ્સ એન્કર યેશા સાગર સાથે કંઈક એવું બન્યું જેના કારણે તેણીએ રાતોરાત બાંગ્લાદેશ છોડી દીધું છે.



બાંગ્લાદેશ પ્રીમિયર લીગ દરમિયાન યેશા સાગરે તેની સુંદરતા અને સ્ટાઈલીશ અદાઓથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આ સમય દરમિયાન BPL (બાંગ્લાદેશ પ્રીમિયર લીગ) માં ચિત્તાગોંગ કિંગ્સ ટીમ માટે સ્પોર્ટ્સ એન્કર તરીકે કામ કરી રહી હતી. લીગ દરમિયાન ટીમના માલિકે યેશા પર નિયમોનું પાલન ન કરવાનો અને તેને તોડવાનો આરોપ લગાવ્યો હતો.

બાંગ્લાદેશ ન્યૂઝ પોર્ટલના અહેવાલ મુજબ, ચિત્તાગોંગ કિંગ્સ ટીમના માલિક સમીર કાદર ચૌધરીએ યેશા સાગરને કરારના નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ કાનૂની નોટિસ મોકલી હતી. આ પછી યેશા સાગરે પણ એક મોટો નિર્ણય લેતા લીગ અધવચ્ચે જ છોડી દીધી.

ચિત્તાગોંગ કિંગ્સના માલિક સમીર કાદર ચૌધરીએ નોટિસમાં લખ્યું કે, કોન્ટ્રાક્ટના કલમ 9 મુજબ તમે તમારી ફરજો નિભાવવામાં નિષ્ફળ ગયા છો અને સત્તાવાર આમંત્રણ હોવા છતાં પ્રાયોજકો સાથે રાત્રિભોજનમાં હાજરી આપી નથી.

આ ઉપરાંત તમે સ્પોન્સર્સના શૂટિંગ અને પ્રમોશનલ શાઉટ-આઉટ પણ પૂર્ણ કર્યા નથી. તમારી ગેરહાજરીને લીધે ફ્રેન્ચાઇઝને નાણાકીય અને પ્રતિષ્ઠાનું નુકસાન થયું છે.



# મુંબઇ, ગુજરાત અને વિદર્ભ ટીમો રણજી ટ્રોફીની સેમીફાઈનલમાં

રણજી ટ્રોફી 2024-25 સીઝનની સેમિફાઇનલ મેચ વિદર્ભ અને મુંબઇની ટીમો વચ્ચે રમવામાં આવશે. બીજી સેમી ફાઇનલ માટે, ગુજરાતની ટીમનો મેચ, જમ્મુ -કાશ્મીર અને કેરળ વચ્ચેની ક્વાર્ટર -ફાઇનલ મેચની વિજેતા ટીમ સાથે થશે.

મંગળવારે, ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ મુંબઇએ ક્વાર્ટર ફાઇનલ મેચમાં હરિયાણાની ટીમને હરાવી હતી. વિદર્ભીએ તમિળનાડુને 198 રનથી હરાવી અને સેમીફાઈનલમાં પોતાની જગ્યા બનાવી હતી.

તે જ સમયે, ગુજરાતે સૌરાષ્ટ્રને 98 રન દ્વારા હરાવી હતી. કોલકાતામાં રમવામાં આવેલી આ મેચમાં, કેપ્ટન અજિંક્ય રહાણેએ એક સદી ફટકારી હતી અને ફાસ્ટ બોલર રોયસ્ટનને 5 વિકેટ ઝડપી જેનાથી મુંબઇએ હરિયાણાને 152 રનથી હરાવ્યું હતું.

રહાણે 180 બોલમાં 108 રન બનાવ્યાં હતાં, જેમાં 13 ચારનો સમાવેશ થાય છે. મુંબઇએ બીજી ઇનિંગ્સમાં 339 રન બનાવ્યાં અને હરિયાણાની સામે 354 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. હરિયાનાની ટીમને જવાબમાં ફક્ત 201 રન બનાવી આઉટ થઈ હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં પાંચ ફેરફાર કરાયાઃ મિશેલ સ્ટાર્ક બહાર

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની શરૂઆતમાં હવે 6 દિવસ બાકી છે. આ ટૂર્નામેન્ટ પહેલાં ઓસ્ટ્રેલિયન ટીમને મોટો આંચકો લાગ્યો છે. સ્ટાર પેસર મિશેલ સ્ટાર્કે ટૂર્નામેન્ટમાંથી તેનું નામ પાછું ખેંચ્યું છે.

ઓસ્ટ્રેલિયન ટીમે આ ટૂર્નામેન્ટ માટે તેની અંતિમ ટીમની જાહેરાત કરી દીધી છે. સ્ટીવ સ્મિથને ઓસ્ટ્રેલિયાની ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે ટીમ ત્રણ મોટા પેસરો વિના જ ટુર્નામેન્ટ રમશે.

મિશેલ સ્ટાર્કે ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચવા પાછળ વ્યક્તિગત કારણોનો હવાલો આપ્યો છે. પેટ કમિન્સ અને જોશ હેઝલવૂડ ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયાં છે.




ઓસ્ટ્રેલિયાની ટીમને આજે વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ નહીં લે. આ વાતની પુષ્ટિ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કરી છે.

કેપ્ટન પેટ કમિન્સ અને જોશ હેડલવુડના બહાર હોવાથી કાંગારુ ટીમ પહેલાં જ ટેન્શનમાં હતી અને હવે સ્ટાર્કે અંગત કારણોસર ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે.

સ્ટાર્કે ગત સપ્તાહે ગાલેમાં શ્રીલંકા સામેની આખરી ટેસ્ટ દરમિયાન માત્ર ચાર જ ઓવર નાંખી હતી. સ્ટાર્ક તેનાં ડાબા પગની ઘૂંટીમાં થયેલી ઈજા સામે ઝઝૂમી રહ્યો છે

સ્ટાર્ક, કમિન્સ અને હેઝલવૂડની ગેરહાજરીને કારણે ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ઓસ્ટ્રેલિયાની આખરી 15 ખેલાડીઓની ટીમમાં સ્થાન મેળવનારાં ફાસ્ટ બોલર સ્પેન્સર જોન્સન, નાથમ એલિસ, સીન એબોટ અને બેન દ્વાર્શિસને ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે અને કપૂર કોનોલી પ્રવાસી ખેલાડી હશે.

**ઓસ્ટ્રેલિયાની ટીમ**

સ્ટીવ સ્મિથ (કેપ્ટન), સીન એબોટ, એલેક્સ કારેય, બેન દ્વારશુઈસ, નાથન એલિસ, જેક ફ્રેઝર-મેકગુર્ક, એરોન હાર્ડી, ટ્રેવિસ હેડ, જોશ ઈન્ગ્લિસ, સ્પેન્સર જોહન્સન, માર્નસ લાબુસ્ચાગ્ને, ગ્લેન મેક્સવેલ, તનવીર સંઘા, મેથ્યુ શોર્ટ, એડમ ઝામ્પા અને ટ્રાવેલિંગ રિઝર્વ કૂપર કોનોલી.

# ચેમ્પિયન ટ્રોફી પહેલા શ્રીલંકાના સ્ટાર ઓલરાઉન્ડર દાસુન શનાકાએ કરી મોટી ભૂલ, મળશે આકરી સજા?

આજે વધુને વધુ પૈસા કમાવવા માટે, ક્રિકેટરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની સાથે ખાનગી ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. આ સમય દરમિયાન, ઘણા ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમ કરતાં તેમની ફ્રેન્ચાઈઝી ટીમને વધુ મહત્વ આપતા જોવા મળે છે.

આ દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શ્રીલંકાના સ્ટાર ઓલરાઉન્ડર દાસુન શનાકા મોટી મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. તેના પર દુબઈમાં T20 લીગમાં ભાગ લેવા માટે શ્રીલંકામાં યોજાઈ રહેલી એક સ્થાનિક ટુર્નામેન્ટની મેચ અધવચ્ચે છોડી દેવાનો આરોપ છે. આ કારણોસર, હવે શ્રીલંકા ક્રિકેટ આ મામલાની તપાસ કરશે.




તમને જણાવી દઈએ કે આ આખો મામલો 2 ફેબ્રુઆરીનો છે. શનાકાએ અગાઉ શ્રીલંકામાં સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ માટે ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હતી અને સદી ફટકારી હતી. તેની વિકેટ પડ્યાના થોડા સમય પછી, તેની ટીમ ઓલઆઉટ થઈ ગઈ. આ પછી રમત ચાલુ રહી અને બે સત્ર થયા. સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબની બોલિંગ દરમિયાન શનાકા ફિલ્ડિંગમાં આવ્યો ન હતો કારણ કે તેને બેટિંગ કરતી વખતે માથામાં ઈજા થઈ હતી અને તેને આરામ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની જગ્યાએ બીજા કોઈ ખેલાડીએ ફિલ્ડિંગ કરી.

પરંતુ થોડા કલાકો પછી, શનાકા દુબઈમાં એક આંતરરાષ્ટ્રીય T20 લીગ મેચમાં બેટિંગ કરતો જોવા મળ્યો. દુબઈ કેપિટલ્સ તરફથી રમતી વખતે તેને 12 બોલમાં 34 રન બનાવ્યા હતા. આ સમય દરમિયાન આશ્ચર્યજનક વાત એ હતી કે દુબઈ જતા પહેલા, શનાકાએ સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ અને શ્રીલંકા ક્રિકેટને મેચ અધવચ્ચે જ છોડી દેવાની જાણ કરી ન હતી. આ કારણે, હવે બોર્ડ શનાકા સામે તપાસ કરશે. હવે એ જોવું રસપ્રદ રહેશે કે જો તપાસમાં શનાકા દોષિત સાબિત થાય છે તો તેને શું સજા મળે છે. દુબઈ પરત ફર્યા બાદ, શનાકાએ ફાઈનલ સહિત કુલ ત્રણ મેચ રમી. શનાકાની ટીમ આ વખતે ટુર્નામેન્ટની ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહી અને ડેઝર્ટ વાઈપર્સને હરાવીને ટ્રોફી કબજે કરવામાં સફળ રહી. ફાઈનલમાં શનાકાએ 10 બોલમાં 21 રન બનાવ્યા.

# અમદાવાદમાં વન ડે ઈન્ટરનેશનલ મેચને કારણે AMCનો મોટો નિર્ણય

12 ફેબ્રુઆરી 2025ના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાનારી આગામી એક દિવસીય ક્રિકેટ મેચને ધ્યાનમાં રાખીને AMCએ મેચના દિવસે અમદાવાદમાં AMTS બસ સેવાઓને મધ્યરાત્રિના 12 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. AMTS બસ સામાન્ય દિવસોમાં રાતે 11 વાગ્યા સુધી ચાલે છે. આ સિવાય AMCએ રૂટ અને બસની સંખ્યામાં પણ વધારો કર્યો છે. આ બસ સ્ટેડિયમથી વાસણા, મણીનગર, ઓઢવ, નારોલ અને ઉજાલા સર્કલ સુધીનાં રૂટ પર દોડાવવામાં આવશે.



આ સિવાય મેચને ધ્યાનમાં રાખીને GMRCએ મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને મધ્યરાત્રિના 12 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. 12 ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી) મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના 10 વાગ્યાથી મધ્યરાત્રિના 12 વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

રાત્રિના 10 વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમિયાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

# નવ ખેલાડીઓ જે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર, આ સ્ટાર્સે ટીમને આપ્યો ઝટકો

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. આ ટુર્નામેન્ટ પાકિસ્તાન (લાહોર, કરાચી અને રાવલપિંડી) અને દુબઈમાં આયોજિત થવાની છે. આ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા, 8 ટીમોએ તેમની અંતિમ ટીમોની જાહેરાત કરી દીધી છે.

ઈજાના કારણે વિશ્વના ઘણા ટોચના ખેલાડીઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે, જેમાં ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ, ઓસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્ક, પેટ કમિન્સ, મિશેલ માર્શ, જોશ હેઝલવુડનો સમાવેશ થાય છે.

**૧. જસપ્રીત બુમરાહ (જસપ્રીત બુમરાહ- ભારત)**

ભારતીય ટીમના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયા છે. બુમરાહ કમરની સમસ્યામાંથી બહાર ન આવી શક્યો અને BCCI એ 11 ફેબ્રુઆરીએ Xbox પર 50 ઓવરના ફોર્મેટ મેચ માટે બુમરાહની ફિટનેસ અંગે અપડેટ આપ્યું. બુમરાહ છેલ્લે ભારત માટે 2023ના ODI વર્લ્ડ કપ ફાઇનલમાં રમ્યો હતો.

**૨. પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા)**

ઓસ્ટ્રેલિયન ટીમના વનડે અને ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સ પણ ચેમ્પિયન્સ ટ્રોફીનો ભાગ રહેશે નહીં. 2023 ના ODI વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન ટુર્નામેન્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમનું નેતૃત્વ કરવાના હતા પરંતુ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ મંગળવારે પુષ્ટિ આપી હતી કે ઈજાને કારણે તે આઠ ટીમોની ટુર્નામેન્ટ ગુમાવશે. પેટ કમિન્સ BGT 2024-25 દરમિયાન પાંચમી ટેસ્ટ મેચ દરમિયાન ઘાયલ થયો હતો.

**3. જોશ હેઝલવુડ (ઓસ્ટ્રેલિયા)**

ઓસ્ટ્રેલિયન ટીમના ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રમશે નહીં. ૩૪ વર્ષીય આ ઝડપી બોલરે અત્યાર સુધીમાં ૯૧ વનડેમાં




૧૩૮ વિકેટ લીધી છે. તે હિપની ઈજાથી પીડાઈ રહ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન તેને ઈજા થઈ હતી.

**૪. મિશેલ માર્શ (ઓસ્ટ્રેલિયા)**

ઓસ્ટ્રેલિયાના T20I કેપ્ટન અને સ્ટાર ઓલરાઉન્ડર મિશેલ માર્શ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયા છે. પીઠની ઈજાને કારણે તે આ ટુર્નામેન્ટ રમી શકશે નહીં.

**૫. એનરિચ નોર્ટજે (દક્ષિણ આફ્રિકા)**

દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર એનરિચ નોર્કિયા, જેમણે 9 સપ્ટેમ્બર 2023 ના રોજ ઓસ્ટ્રેલિયા સામે 50 ઓવરની મેચમાં દક્ષિણ આફ્રિકા માટે રમ્યો હતો. તેને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે કાંગારૂ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો પરંતુ પીઠની ઈજાને કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. તેમના સ્થાને MI કેપ ટાઉનના ઓલરાઉન્ડર કોર્બિન બોશ હતા.

**૬. જેકબ બેથેલ (જેકબ બેથેલ- ઈંગ્લેન્ડ)**

21 વર્ષીય જેકબ બેથેલ પણ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયો છે. તે હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાઈ રહ્યો છે. ભારત સામેની પહેલી વનડે દરમિયાન તે ઘાયલ થયો હતો. નાગપુરમાં રમાયેલી આ મેચમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને 4 વિકેટથી હરાવ્યું.

**૭. મિશેલ સ્ટાર્ક (ઓસ્ટ્રેલિયા)**

ઓસ્ટ્રેલિયન સ્ટાર મિશેલ સ્ટાર્ક પણ ચેમ્પિયન્સ ટ્રોફી 2025નો ભાગ નથી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ માહિતી આપી હતી કે સ્ટાર્કે વ્યક્તિગત કારણોસર ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ગયા અઠવાડિયે ગાલેમાં શ્રીલંકા સામેની બીજી ટેસ્ટની બીજી ઈનિંગ દરમિયાન તેને પગની ઘૂંટીમાં દુખાવો થયો હતો.

**૮. સૈમ અયુબ (પાકિસ્તાન)**

યુવા પાકિસ્તાની ઓપનિંગ બેટ્સમેન સૈમ અયુબને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે પસંદ કરાયેલી 15 સભ્યોની ટીમમાં પસંદગી કરવામાં આવી નથી કારણ કે તે પગની ઘૂંટીની ઈજાથી પીડાઈ રહ્યો છે. ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ મેચમાં તે ઘાયલ થયો હતો.

**૯. અલ્લાહ ગઝનફર (અફઘાનિસ્તાન)**

૧૮ વર્ષીય અફઘાન સ્પિનર અલ્લાહ ગઝનફર, જેણે અત્યાર સુધીમાં ૧૧ વનડે રમી છે અને આ સમયગાળામાં ૨૧ વિકેટ લીધી છે. તે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી પણ બહાર થઈ ગયો છે. ફ્રેક્ચરને કારણે તે આ ટુર્નામેન્ટ રમી શકશે નહીં. ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન તેને ઈજા થઈ હતી અને હવે તે લગભગ 4 મહિના સુધી ક્રિકેટના મેદાનથી દૂર રહેશે.



# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૫૦ બાંગ્લાદેશી ઘુસણખોરોની ધરપકડ

## ૧૬ બાંગ્લાદેશી નાગરિકોને ભારતથી ડીપોર્ટ કરાયા

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારા ૫૦ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી અનેક લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. મળતી માહિતી અનુસાર તેમાંથી ૧૬ જેટલાને સફળતાપૂર્વક બાંગ્લાદેશ મોકલી દેવાયા આવ્યા છે. જેમાં એક સગીર સામેલ છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા લાંબા સમયથી ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારાઓને પકડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ લોકોને નકલી ભારતીય દસ્તાવેજો સાથે પકડી પાડ્યા હતા. આ લોકો પર સગીરાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાનો પણ આરોપ હતો. જોકે હવે બાકીના અન્ય ગેરકાયદે ઘૂણસખોરોને પણ તેમના દેશને સોંપી દેવાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડાયેલા ૫૦માંથી લગભગ તમામ લોકો બાંગ્લાદેશી હોઈ શકે છે. જેમાં મોટાભાગના લોકો ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનો ખુલાસો થયો છે. સમગ્ર મુદ્દે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી જાણકારી આપવામાં આવી છે. હર્ષ સંઘવીએ ઠ પર પોસ્ટ શેર કરતાં લખ્યું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાષ્ટ્ર વિરોધી ગતિવિધિ કરનારાને ઝડપી લેવામાં આવ્યા છે.



# નવસારીમાં બીજા દિવસે પણ હેલ્મેટ વગર ૨૦૦ લોકો દંડાયા

## સરકારી કચેરીઓમાં પોલીસની હેલ્મેટ ડ્રાઈવ

નવસારી, તા.૧૨

નવસારી જિલ્લામાં ટ્રાફિક સુરક્ષાને લઈને કડક પગલાં લેવામાં આવ્યા છે. DGPના આદેશ અનુસાર, સરકારી કચેરીઓમાં પ્રવેશ કરતા કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ નિયમનું પાલન ન કરનારા સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ટ્રાફિક વિભાગે સમગ્ર જિલ્લાની સરકારી કચેરીઓની બહાર પોતાની ટીમો તૈનાત કરી છે. બીજા દિવસે પણ ચાલુ રહેલી આ કાર્યવાહીમાં હેલ્મેટ વગર આવનારા ૨૦૦થી વધુ લોકો અને કર્મચારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. આ પગલું વાહન ચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા માટે લેવામાં આવ્યું છે.

પોલીસ વિભાગના આ પગલાંથી લોકોમાં હેલ્મેટ પહેરવા અંગે જાગૃતિ આવશે અને માર્ગ સુરક્ષા વધુ મજબૂત બનશે. આ નિયમનો અમલ કડકાઈથી કરવામાં આવી રહ્યો છે અને આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે.

# સંત શિરોમણી શ્રી રોહીદાસ મહારાજ જયંતિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

## સંતશ્રી રોહીદાસ સોરઠીયા જ્ઞાતિ કોટ બહાર પરા વિસ્તાર સુરત દ્વારા માનવ સેવા અર્થે કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૨

આજ રોજ સંતશ્રી રોહિદાસ સોરઠીયા જ્ઞાતિ, કોટ બહાર પરા વિસ્તાર સુરત .(રજીસ્ટ્રેશન નંબર:એ-૨૭૮૫) દ્વારા સંત શિરોમણી શ્રી રોહિદાસ મહારાજની (૬૪૮)મી જન્મ જયંતિ નિમિત્તો રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.આ માનવ સેવાના ઉમદા કાર્ય મા ઘણા જ્ઞાતિજનો તથા યુવાન મિત્રો એ એમનો કિંમતી સમય કાઢી ઉત્સાહ પુર્વક સવારે ૧૧:૦૦ કલાક સુધી મા ૨૫ યુનિટ એકઠા થય ગયાં છે.



આજ રીત નો ઉત્સાહ રહેતા રકત દાન નો સમય જે બપોર ના ૨:૦૦ સુધી મા લગભગ અમારાં અંદાજ મુજબ ૭૦ થી ૭૫ યુનિટ એકઠા થવા નો અંદાજ છે.

આજ ના સંત શ્રી રોહિદાસ સોરઠીયા જ્ઞાતિ કોટ-બહાર પરા-વિસ્તારના ઘણા હોદ્દેદાર, કમિટી સભ્ય ઉપરાંત સંત રોહિદાસ સેવા સમિતિના પ્રમુખ શ્રી જગદીશ સરવૈયા, સુરત ગુજરા જ્ઞાતિ તરફથી શ્રી રામજીભાઈ ડોડિયા, રાંદેરના અગ્રણી શ્રી કિશોરભાઈ વાઘેલા તથા વિશાળ સંખ્યા માં લોકો નો આવવાનો અવિરત પ્રવાહ ચાલુ છે.

# યુવકને માર મારવાના કેસમાં બે આરોપીના જામીન મંજૂર

## બચાવ પક્ષે વકીલ રિધ્ધીશ મોદીએ દલીલ કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

દીકરીને હેરાન કરવા બાબતે એક યુવકને ઓફિસે લઈ જઈ માર મારવાના પ્રકરણમાં કોર્ટે બે આરોપીઓના જામીન મંજુર કર્યા હતા. બચાવ પક્ષે વકીલ રિધ્ધીશ મોદીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે,ઉન શાલીમાર માયરા પાર્ક ખાતે રહેતા નાજીમ રસીદ પઠાણે હુસૈન,મુસા,આરીફ અને અસ્ફાક સામે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી કે, ગત.તા.૮.૧.૨૦૨૫ના રોજ નાજીમ ઉન દા ચાની દુકાન પાસે હતો. ત્યારે ઉનગામમાં રહેતો અસ્ફાક અને તેના પિતા હુસૈન નાજીમ પાસે આવ્યા હતા. ત્યારબાદ પિતા હુસૈન અને પુત્ર અસ્ફાક નાજીમને સ્થાનિક વિસ્તારમાં આવેલી પોતાની ઓફિસમાં લઈ ગયા હતા. જ્યાં નાજીમને મારી દીકરીને

કેમ વોટ્સએપથી મેસેજ કરે છે તેમ કહી હુસૈન, તેમના પુત્રો અસ્ફાક, મુસા અને ભત્રીજા આરીફે મારમાર્યો હતો. આ અંગે નાજીમની ફરિયાદ થઈ હુસૈન,તેના પુ?ત્રો અને ભત્રીજા વિરૂદ્ધ મારામારીની ફરિયાદ નોંધી હતી. આ કેસમાં જેલમાં બંધ અસ્ફાક અને મુસાએ જામીન અરજી કરી હતી. કોર્ટે બંને આરોપીઓની જામીન અરજી મંજુર કરી હતી. આરોપીઓ તરફે સિનીયર વકીલ રિધ્ધીશ મોદી, મુકુંદ રામાણી અને રામ બદગુજર હાજર રહ્યા હતા.

# ઉમરા આદર્શ સોસાયટીમાં મારામારી કેસમાં બે આરોપીને શંકાનો લાભ મળ્યો

## ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ઉમરા આદર્શ સોસાયટી ખાતે થયેલી મારામારીના કેસમાં ફરિયાદ પક્ષ કેસ સાબીત કરવામા નિષ્ફળ જતા બે આરોપીને કોર્ટે શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યો હતો. બચાવ પક્ષે વકીલ રહીમ શેખે દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છેકે, અઠવાલાઈન્સ પછાત વર્ગ આદર્શ સોસાયટીમાં રહેતા રાજેશ રાઠોડના દિકરા સાથે આદર્શ સોસાયટીમાં રહેતા કાંતિ પુનમ રાઠોડ,કૌશીક કાંતી રાઠોડ,પ્રતિક કાંતી રાઠોડ અને અક્ષય મુકેશ રાઠોડે ઝઘડો કર્યો હતો. ગત.તા.૧૩-૮-૨૦૧૪ના રોજ ઉપરોક્ત આરોપીઓએ રાજેશભાઈના દિકરાને તુ અમારી સામે કેમ જોયા કરે છે તેમ કહી ઢીક્કામુક્કીનો મારમાર્યો હતો. પિતા રાજેશ છોડાવવા વચ્ચે પડતા તેમને પણ મારમાર્યો હતો. આરોપીઓએ લાકડાના ફટકા અને તલવાર વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ રાજેશભાઈએ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. ન્યાયિક કાર્યવાહી દરમિયાન કૌશીક અને પ્રતિક રાઠોડનુ અવસાન થયું હતું. જ્યારે અન્ય આરોપીઓ સામે ગુનો પુરવાર ન થતા તેઓને શંકાનો લાભ આપી કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા

# પ્રેમ અને વેલેન્ટાઈન ડે વચ્ચેનો ફેર અને ભેદ!

સાચા પ્રેમને વેલેન્ટાઈન ડે સાથે કોઈ લેવાદેવા કે, નિસ્બત યા તાલ્લુક હોતી જ નથી! આમ, પ્રેમ એ સ્નેહ અને આસક્તિની તીવ્ર વૃત્તિ સંબંધિત ઘણી બધી લાગણીઓ અને અનુભવો પૈકીની એક છે. શબ્દને સામાન્ય આનંદથી માંડીને તીવ્ર આંતરવૈયક્તિક આકર્ષણ જેવી વિવિધ લાગણીઓ, સ્થિતિઓ અને અભિગમોના સંદર્ભમાં ટાંકી શકાય છે શબ્દ પ્રેમ ક્રિયાપદ અને નામ બંને છે.ખેર,ફિનલૅંડની આલ્ટો યુનિવર્સિટીના સંશોધકોએ મૅપ બનાવવા માટે સેંકડો લોકો પર કરાયેલા સર્વેના આંકડાનો ઉપયોગ કર્યો છે. એ લોકો કનેથી ૨૭ અલગ અલગ પ્રકારના પ્રેમના અનુભવો અંગે જાણકારી એકઠી કરાઈ હતી.ઉદાહરણ તરીકે રોમૅન્ટિક પ્રેમ, સેક્સ્યુઅલ પ્રેમ, માતાપિતાનો પ્રેમ, મિત્રો પ્રત્યેનો પ્રેમ, અજાણ્યા, પ્રકૃતિ, ઈશ્વર અથવા પોતાની જાતનો પ્રેમ! અલબત એ લોકોને એ પણ પૂછવામાં આવ્યું કે શું તેમને પોતાના શરીરમાં અલગ અલગ પ્રકારના પ્રેમનો અહેસાસ થાય છે?!અને શારીરિક અને માનસિક રીતે તેને કેટલી તીવ્રતાથી અનુભવો છો?!પરિણામોથી ખબર પડી કે અલગ અલગ પ્રકારના પ્રેમમાં નબળાઈથી લઈને સશક્ત થવાની એક નિરંતરતા જોવા મળે છે.એ સર્વેને એક સાયન્સ જર્નલ 'ફિલૉસૉફીકલ સાઈકોલૉજી'માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.ઉલ્ટાનું જયારે વેલેન્ટાઈન ડેનો ઈતિહાસ એવો છે કે,

દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે મનાવવામાં આવે છે અને આ તારીખ સૌ કોઈને યાદ હોય છે. તો ક્યારેય વિચાર આવ્યો કે. વેલેન્ટાઈન ડે માટે ફેબ્રુઆરીની ૧૪ તારીખ જ કેમ રાખવામાં આવી છે!?આની પાછળ કારણ શું છે.!? માટે એ પાછળનો ઈતિહાસ જાણીએ!

**વેલેન્ટાઈન ડે વીક**

**રોઝ ડે – ૭ ફેબ્રુઆરી**

**પ્રપોઝ ડે – ૮ ફેબ્રુઆરી**

**ચોકલેટ ડે – ૯ ફેબ્રુઆરી**

**ટેડી ડે – ૧૦ ફેબ્રુઆરી**

**પ્રોમિસ ડે – ૧૧ ફેબ્રુઆરી**

**હગ ડે – ૧૨ ફેબ્રુઆરી**

**કિસ ડે – ૧૩ ફેબ્રુઆરી**

**વેલેન્ટાઈન ડે – ૧૪ ફેબ્રુઆરી**

વેલેન્ટાઈન ડેની ઉજવણીનો ઈતિહાસ રોમના સંત વેલેન્ટાઈન સાથે જોડાયેલો છે. એવું માનવામાં આવે છે કે રોમન રાજા ક્લાઉડિયસ પ્રેમની સખત વિરુદ્ધ હતા. તે માનતા હતો કે જો તેના સૈનિકો પ્રેમમાં પડે તો તેની સેના નબળી પડી શકે છે. પરંતુ તેના વિરુદ્ધ સંત વેલેન્ટાઈન પ્રેમનો પ્રચાર કરી રહ્યા હતા. તેમણે શાસકોની વિરુદ્ધ જઈ અનેક લોકોના લગ્ન કરાવ્યા હતા. આ કારણે તેમને ફાંસીની સજા પણ થઈ હતી.

તેમને જે દિવસે ફાંસી આપવામાં આવી તે દિવસે ૧૪ ફેબ્રુઆરીનો દિવસ હતો. ત્યારબાદ ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે મનાવવાની પ્રથા શરુ થઈ હતી.અંતે, ખરા પ્રેમ અને વેલેન્ટાઈન ડે આ બે વચ્ચેની ભેદરેખા ખૂબ પાતળી રહેલી છે, જે સૂચક પણ છે બલ્કે અત્રે ઉલ્લેખનીય તથા નોંધકીય ઘટનાયે છે! તે ખાસ ભૂલાવવું નહિ જોઈએ! સંત સુરા.૯૪૨૭૮ ૩૧૨૧૩

**સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા) ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત, મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**



# કુંભ મેળામાં સંગમ પર સ્નાન કરતા વાંસદાના યુવાનનું મોત

## અચાનક ચક્કર આવતા યુવક ત્રિવેણીમાં ડૂબી ગયો

વાંસદા, તા.૧૨

નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાંથી કુંભ મેળામાં સ્નાન કરવા ગયેલા એક યુવકનું કરુણ મોત નિપજ્યું છે. રાણી ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય વિવેક રમેશ પટેલ હરિદ્વારમાં કુંભ મેળામાં પવિત્ર સ્નાન માટે ગયા હતા. સ્નાન દરમિયાન તેમને અચાનક ચક્કર આવતા તેઓ પાણીમાં ડૂબી ગયા હતા.

સ્થાનિક લોકો અને સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી અને વિવેક પટેલને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાની જાણ થતાં વાંસદામાં રહેતા તેમના પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે.

સ્થાનિક પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. આ ઘટના કુંભ મેળા દરમિયાન બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓમાંની એક છે, જેણે એક પરિવારનું સુખ છીનવી લીધું છે.

**મોદીના**

**પહેલા પાનાનું ચાલુ**

પોલીસે જણાવ્યું કે પકડાયેલો વ્યક્તિ માનસિક દર્દી છે.છેલ્લા ૪ મહિનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકીનો આ બીજો કિસ્સો છે. અગાઉ નવેમ્બર ૨૦૨૪માં, મુંબઈ પોલીસના કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો ફોન આવ્યો હતો.આ કેસમાં પોલીસે ૩૪ વર્ષીય મહિલાની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા માનસિક રીતે અસ્થિર હતી. તેણે મજાક તરીકે ફોન કર્યો. મહિલાનો કોઈ ગુનાહિત રેકોર્ડ પણ નહોતો.

**વડાપ્રધાન મોદી**

**પહેલા પાનાનું ચાલુ**

કર્યો અને આ મામલો આંતરરાષ્ટ્રીય કોર્ટમાં લઈ ગયા. આ પહેલા, પીએમ મોદીએ તેમના ફ્રાન્સ પ્રવાસના બીજા દિવસે પેરિસમાં AI સમિટમાં હાજરી આપી હતી. તેમણે માહિતી આપી હતી કે આગામી છઁ સમિટ ભારતમાં યોજાશે. મોદીએ કહ્યું કે ભારત આગામી AI સમિટનું આયોજન કરીને ખુશ થશે.

પેરિસ સમિટને સંબોધતા મોદીએ કહ્યું કે AI આ સદી માટે માનવતાનો કોડ લખી રહ્યું છે. તેમાં દુનિયા બદલવાની તાકાત છે. સામાજિક સુરક્ષા માટે આ જરૂરી છે. આ દર્શાવે છે કે AIની સકારાત્મક સંભાવના અસાધારણ છે.

મોદીએ કહ્યું કે ભારતે ઓછા ખર્ચે સફળતાપૂર્વક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે. ડેટા એમ્પાવરમેન્ટ દ્વારા ડેટાની તાકાતને અનલોક કરી છે. આ દ્રષ્ટિકોણ ભારતના રાષ્ટ્રીય AI મિશનનો પાયો છે. ભારત પોતાના અનુભવો અને કુશળતા શેર કરવા માટે તૈયાર છે જેથી ભવિષ્ય સારું અને બધા માટે સમાવિષ્ટ રહે.

**યુએસમાં**

**પહેલા પાનાનું ચાલુ**

તેની ધરપકડ થઈ હતી, જ્યારે ગુરપ્રિત સિંઘ નામના ફરિયાદીને બે એજન્ટોએ ગુયાનાના વિઝા લાવી આપ્યા હતા અને તેને બોલિવિયા, કોલંબિયા, બ્રાઝિલ અને પનામાના રસ્તે મેક્સિકો મોકલાયો હતો.

**સીધા કરવેરાની**

**પહેલા પાનાનું ચાલુ**

નાણાંકીય વર્ષમાં આવકવેરા વસુલાતનો ટારગેટ રિવાઈઝ કર્યો હતો. મૂળ બજેટમાં ૧૧.૮૭ લાખ કરોડનો અંદાજ મુકાયો હતો તે વધારીને ૧૨.૫૭ લાખ કરોડ કરાયો હતો. સિકયુરીટી ટ્રાન્ઝેકશન ટેક્સનો ટારગેટ ૩૭૦૦૦ કરોડથી વધારીને ૫૫૦૦૦ કરોડ કરાયો હતો. મહત્વની વાત એ છે કે કોર્પોરેટ ટેક્સ કલેક્શન ટારગેટ ૧૦.૨૦ લાખ કરોડના અંદાજથી ઘટાડીને ૯.૮૦ લાખ કરોડ કરાયો હતો.

સીધા કરવેરાની કુલ વસુલાતનો ૨૨.૦૭ લાખ કરોડનો ટારગેટ રિવાઈઝ કરીને ૨૨.૩૭ લાખ કરોડ કરવામાં આવ્યો હતો. શેરબજારમાં કેટલાંક વખતની મંદીથી ઈન્વેસ્ટરોમાં સન્નાટો છે અને ભારે નુકશાનીની નોબત વચ્ચે પણ સરકારને તો સિકયુરીટી ટ્રાન્ઝેકશન ટેક્સની જંગી આવક થઈ જ રહી છે.

**મહાકુંભમાં**

**પહેલા પાનાનું ચાલુ**

સમગ્ર પ્રયાગરાજ શહેરને નો-ફ્લાય ઝોન જાહેર કરી દેવામાં આવ્યું જ હતું.વ્યવસ્થા પર દેખરેખ રાખવા માટે ખુદ મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ વહેલી સવારથી મૌજુદ રહ્યા હતા. અને તમામ સરકારી વિભાગો-અધિકારીઓને એલર્ટ કરી દીધા હતા.પ્રયાગરાજમાં નો-વ્હીકલ ઝોનની નીતીને કારણે મહાકુંભમાં પહોંચવા માટે લોકોને લાંબુ અંતર પગપાળા જ કાપવુ પડવાની નોબત છે. છતાં ધાર્મિક ઉત્સાહમાં કોઈ ઓટ ન હતી અને ભાવિકોનું ઘોડાપુર ઉમટયુ હતું.શ્રધ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પાક'ગ-ટ્રાફીક ડાયવર્ઝન સહીતના કદમ ઉઠાવવામાં આવ્યા હતા. ૧૫ જીલ્લા કલેકટરો તથા ૨૦ આઈએએસને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે.અત્યાર સુધીમાં ૪૬.૨૫ કરોડ લોકોનું મહાકુંભમાં પવિત્ર સ્નાન૧૩ મી જાન્યુઆરીથી ચાલી રહેલા મહાકુંભમાં માનવ મહાસાગર ઉમટી જ રહ્યો છે. મહાકુંભ પૂર્વે ૪૦ કરોડ ભાવિકો ઉમટવાનો અંદાજ હતો પરંતુ હજુ મહાકૂંભનાં સમાપનને ૧૪ દિવસનો સમય બાકી છે ત્યાં જ શ્રધ્ધાળુઓની સંખ્યા ૪૬ કરોડને પાર થઈ ગઈ છે.મહાકુંભ વહિવટીતંત્રના દાવા પ્રમાણે અત્યાર સુધીમાં ૪૬.૨૫ કરોડ ભાવિકો સંગમમાં પવિત્ર ડુબકી લગાવી ચુકયા છે. પવિત્ર સ્નાન માટે ૪૪ ઘાટ પર ભાવિકોનાં ઘોડાપુર છે.

**સળંગ છઠ્ઠા**

**પહેલા પાનાનું ચાલુ**

મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેન્ક, અલ્ટ્રાટ્રેક સીમેન્ટ, એશીયન પેઈન્ટસ, બજાજ ફાઈનાન્સ એચડીએફસી બેંક, જેવા શેરોમાં ગાબડા હતા.ઈન્ફોસીસ ટીસીએસ ટેક મહિન્દ્ર, સનફાર્મા, ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૮૧૮ પોઈન્ટના ગાબડાથી ૭૫૪૭૫ હતો તે ઉંચામાં ૭૬૪૦૯ તથા નીચામાં ૭૫૪૩૦ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૨૪૫ પોઈન્ટના ગાબડાથી ૨૨૮૨૭ હતો. તે ઉંચામાં ૨૩૦૯૭ તથા નીચામાં ૨૨૮૧૪ હતો.

નિફટી મીડકેપ ૧૦૦૦ પોઈન્ટ ગગડીને ૫૦,૦૦૦ ની નીચે આવી ગયો હતો. પ્રારંભીક કામકાજમાં બીએસઈમાં ૬૦૧ શેરો વર્ષનાં તળીયે પહોંચ્યા હતા.૨૬૯ માં ઉંધી સર્કીટ હતી.માર્કેટ કેપ ૪૦૦ લાખ કરોડ પર આવી ગયુ હતું.

**યુક્રેન ગમે**

**પહેલા પાનાનું ચાલુ**

ઉલ્લેખ કરી રહ્યા હતા.તેમણે વધુમાં કહ્યું કે, કોઈપણ ઘટના બનવાની ૫૦ ટકા સંભાવના હોય છે - કાં તો હા કે ના. ટ્રમ્પે ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ ચૂંટણી દરમિયાન આપેલા પોતાના વચનો પર અડગ છે. તેમની પ્રાથમિકતા વિશ્વમાંથી યુદ્ધનો અંત લાવવાની છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. અનેક લોકોના મોત અને અબજો સંપત્તિના નુકસાન પછી, આ યુદ્ધ હવે સમાપ્ત થવું જોઈએ. તેમણે કહ્યું છે કે, તેમના રાષ્ટ્રપતિ કાર્યકાળના શરૂઆતના મહિનાઓમાં સંઘર્ષનો અંત લાવવો એ તેમની પ્રાથમિકતા રહેશે, પરંતુ તેમણે હજુ સુધી બંને પક્ષોને વાટાઘાટોના ટેબલ પર કેવી રીતે લાવશે તે અંગે કોઈ નક્કર યોજના રજૂ કરી નથી.

**વિમા પ્રીમીયમ**

**પહેલા પાનાનું ચાલુ**

ટેક્ષ ક્રેડીટનો લાભ જાળવી રાખીને તેમાં વિમા પ્રીમીયમ ૫% કરવાની ભલામણ અને હવે આ દરખાસ્તની એકંદર વેરા-ઈફેકટ કેવી થાય તેના આંકડા મેળવીને આખરી નિર્ણય લેવાશે.ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સના વડા અને બિહારના નાણામંત્રી સમ્રાટ ચૌધરીએ આ અંગે આંકડાઓ મેળવીને કાઉન્સીલની બેઠકમાં રજુ કરવાની જાહેરાત કરી છે. સરકાર ૫% જીએસટી અને આઈટીસીનો લાભ બન્ને સાથે આપતી નથી.કારણ કે તેનાથી ટેક્ષ આવક કરતા આઈટીસી-આઉટ ફલો વધી જવાની શકયતા છે પણ જે રીતે વિમા પોલીસી લક્ષી બનાવવા સરકાર પર દબાણ છે તેમાં આ માર્ગ મહત્વનો છે. આઈટીસી વધતા તેઓ વિમા પ્રીમીયમ નીચા રાખી શકશે તેવું માનવામાં આવે છે.

**બાઈડને**

**પહેલા પાનાનું ચાલુ**

બિડેનની ૨૦૨૭ સુધીમાં સરકારી સંસ્થાઓમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક સ્ટ્રો પર પ્રતિબંધ મૂકવાની નીતિને ઉલટાવી દેવાનું છે.

બાઈડેન વહીવટીતંત્રનું લક્ષ્ય ૨૦૩૫ સુધીમાં તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકનો ઉપયોગ નાબૂદ કરવાનું હતું. બિડેને પ્લાસ્ટિક પ્રદૂષણને "સંકટ" ગણાવ્યું. બિડેનનું લક્ષ્ય ૨૦૨૭ સુધીમાં અમેરિકામાંથી પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે નાબૂદ કરવાનું અને તેને કાગળના સ્ટ્રોથી બદલવાનું હતું.

પર્યાવરણવાદીઓએ રાષ્ટ્રપતિના નિર્ણયની ટીકા કરી, તે જ સમયે, પર્યાવરણવાદીઓએ અમેરિકી રાષ્ટ્રપતિના નિર્ણયની આકરી ટીકા કરી છે.

**તા.૧લી સપ્ટેમ્બરથી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ચલાવી લેવાય નહિ. ભૂતકાળમાં આવું ન્હોતું થતું. દરેક મુદ્દામાં જડતા ન ચાલે, જનરલમાં વાહવાહી લૂંટાવી બાદ આ રીતે પોતાના જ નિર્ણયમાં ફેરવાય જવું એ યોગ્ય નથી. વાવેતર ઓક્ટોબરથી જ હોવું જોઈએ, એના માટે જે કંઈ કરવું પડે એ માટે અમે તૈયાર છીએ. સુગર કોઈના બાપ ની પેઢી નથી, સભાસદો ની છે. જરૂર પડ્યે આવનાર દિવસોમાં વિવિધ કાર્યક્રમ અપાશે.

સંસ્થાને લૂણો નહી લાગે એ માટેના પ્રયત્નો કર્યા રહ્યા છે. આ પ્રસંગે સંસ્થાના માજી ડિરેક્ટર મોહન પટેલ, ગોવિંદ પટેલ, સુમુલના માજી ડિરેક્ટર મનોજ પટેલ, રતિલાલ મીઢી, સાયણ ઈન્ચાર્જ સરપંચ શૈલેષ પટેલ, તાલુકા પંચાયત સભ્ય હેમુ પાઠક, જયેન્દ્ર દેસાઈ, જહાંગીરપુરા કોટનના માજી પ્રમુખ મનુ પટેલ(અછારણ), તેમજ ઓલપાડ, કામરેજ, માંડવી, માંગરોળ સહિત સમગ્ર જિલ્લામાંથી ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. જાહેર સભામાં નક્કી થયા મુજબ, સભા બાદ સભાસદોનુ ટોળું સાયણ સુગરના કેમ્પસમાં પહોંચ્યું હતું. દર્શન નાયક, દિપેશ પટેલ અને નરેન્દ્ર પટેલ એમ ત્રણેય ડિરેક્ટરોની આગેવાનીમાં સભાસદોએ ચેરમેન રાકેશ પટેલ ને રૂબરૂ રજૂઆત કરી વાવેતર ૧લી ઓક્ટોબર થી શરૂ કરવાની માંગ કરી હતી.

**મોઢેશ્વરી માતાના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આપી હતી બીજી તરફ આ મોઢેશ્વરી મંદિર આવનારા દિવસોમાં ભરૂચ જિલ્લા ખાતે ભવ્ય મંદિર તરીકે સમાવેશ પામે તો નવાઈ રહેશે નહી

સાંજે યોજાયેલા મહા પ્રસાદી માં ૭૦૦૦ જેટલા લોકોએ પ્રસાદી નો લાભ લીધો હતો આ કાર્યકમ માં ૧૬ જેટલા દાતા ઓ દ્વારા હવનના કાર્યકમ માં સતત ચાર દિવસ ભાગ લીધો હતો અંકલેશ્વર મોઢ ઘાંચી સમાજ ના પ્રમુખ પ્રકાશ મોદી સહિત ટ્રસ્ટી ઓ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

**સગરામપુરામાંથી બે**

**છેલ્લા પાનાનું ચાલુ**

કરતા અઠવા પોલીસ સ્ટાફમાં ખડબડાટ મચી ગયો હતો. છેલ્લા કેટલાંક વર્ષોથી ગેરકાયદેસર રીતે બે પિસ્તોલ જેવા હથિયારો લઈને ફરતા સઈદ ઈદ્રીસ મલેકને અઠવા પોલીસ પકડી શકી ન હતી. દરમિયાન સ્ટેટ મોનટરિંગ સેલને બાતમી મળતા સગરામપુરા મચાલી સરકાર પાસે ટપાલ મંડપ ઓફિસ સામેથી જાહેરમાં સઈદ ઈદ્રીસ મલેક(રહે,નવી ઓલી, સગરામપુરા)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસે તેની સામે શસ્ત્ર અધિનિયમની સંબંધિત કલમોઃ કલમઃ ૨૫(૧)(બી)(એ), અને જી.પી. ધારા કલમ ૧૩૫ હેઠળ સઈદ મલેક સામે ગુનો નોંધી તેની પાસેથી ૨ પિસ્તોલ,૩ કારતૂસ, મોબાઈલ અને રોકડ રૂપિયા કબજે કરી વધુ તપાસ શરૂ કરી હતી.

આરોપી સઈદ મલેકની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી વિગતો જાણવા મળી હતી. ઝાંબાબજાર ખાતે રહેતા અને પાંચ વર્ષ અગાઉ નવસારી ફાયરિંગમાં મોતને ભેટેલા વસીમ બિલ્લા પાસેથી સઈદ મલેકે આ પિસ્તોલ લઈ ફરતો હોવાની હકીકત જણાવી હતી. તદ્ઉપરાંત સઈદ મલેકનો ભૂતકાળમાં ગુનાહિત રેકોર્ડ છે.

**શોર્ટ સર્કિટના કારણે**

**છેલ્લા પાનાનું ચાલુ**

શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. આગની બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ડુંભાલ ફાયર સ્ટેશનના અધિકારીઓ અને ફાયર જવાનોને ઘટન સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને આગને બુઝાવી નાંખી હતી. આગને કારણે સાડી અને ડ્રેસ મટીરીયલ્સનો જથ્થો બળીને રાખ થઈ ગયો હતો.

**જંબુસર તાલુકાના**

**છેલ્લા પાનાનું ચાલુ**

અંકલેશ્વર ફ્ઝ્ઝના ત્રણ ફાયર ફાઈટર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આગ આસપાસના ગોડાઉનમાં પ્રસરતા પરિસ્થિતિ વધુ વણસી હતી. નોટિફાઈડ એરિયા ઓથોરિટીના પાંચ ફાયર ટેન્ડરની મદદથી મોડી રાત્રે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

આ આગ બાબતે અધિકારીઓએ તપાસ કરતાં સામે આવ્યું હતું કે, ગોડાઉન પાસે ફાયર ફ્રીઝ કે આગ બુઝાવવાના કોઈ સાધનો નહોતાં. વધુમાં, સંચાલકો ગેરકાયદેસર રીતે રાસાયણિક કચરાનો સંગ્રહ કરતા હતા. આગ બુઝાવવાની કામગીરી દરમિયાન ગોડાઉન સંચાલકોએ ફાયર કર્મચારીઓ સાથે ગેરવર્તણૂક કરતાં પોલીસને બોલાવવી પડી હતી.

**હત્યા કેસમાં**

**છેલ્લા પાનાનું ચાલુ**

પાટીલના હત્યા કેસમાં આરોપીએ ફરિયાદી અર્જુન અને રાજને ધમકી આપી સમાધાન માટે દબાણ કરી છરાથી હુમલો કરી ફરિયાદીને ઈજા પહોંચાડી હતી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

**માંગરોળની નવા પરા**

**છેલ્લા પાનાનું ચાલુ**

કર્યું હતું અને કંપનીમાં રહેલા કેમિકલ ભરેલાં ડ્રમોમાં બ્લાસ્ટ થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી.

આગની જાણ થતાં જ સુમિલોન, કામરેજ, માંડવી, બારડોલી અને સુરત મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કંપનીમાં પતરાનો શેડ હોવાના કારણે આગ પર કાબૂ મેળવવામાં ફાયર ફાઈટર્સને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લગભગ ૬ કલાક સુધી સતત પાણીનો મારો

**કાપડના પાર્સલ**

**છેલ્લા પાનાનું ચાલુ**

રવિન્દ્ર દેવાકર રહે. આસપાસ નગર ગોડાદરા વિરુધ્ધ સલાબતપુરા પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ બંને આરોપી કે.વી ધુમન રીચસ સર્વિસ કંપનીમાં જોડાઈને થોડો સમય વ્યવસ્થિત પાર્સલો પહોંચાડ્યા બાદ આરોપીઓએ પાર્સલો બદલવાનું શરૂ કરી દીધું હતું. આરોપીએ કુલે રૂપિયા ૮૯૩૫૨ ની કિંમતના પાર્સલો બદલીને વિશ્વાસઘાત છેતરપીડી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કેદાર અપમૃત્યુ કેસમાં જવાબદાર અંગે મનપા કમિશનરના રિપોર્ટના અભાવે પોલીસ તપાસ અટકી

## અમરોલી પી.આઈ. વનારે રિપોર્ટ માટે સુરત મહાનગર પાલિકાને રીમાઇન્ડર પત્ર લખ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

અમરોલી-છાપરાભાઠા-વરિયાવ ખાતે ગટરનું ઢાંકણુ તૂટી જવાના કારણે બે વર્ષના બાળક કેદારનું કરૂણ મોત નિપજવાના બાબતમાં અમરોલી પોલીસ મથકના પીઆઈ જે.બી. વનારે આજે સાંજ સુધીમાં મનપા કમિ. શાલીની અગ્રવાલને બીજીવારનો રિમાઈન્ડ લેટર લખી જવાબદાર અધિકારીઓના નામની યાદી માંગશે એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગત સપ્તાહમાં અમરોલી-વરિયાવ-છાપરાભાઠા રોડ પર સ્ટોર્મ ડ્રેનેજનું ઢાંકણુ તૂટી ગયું હતું અને કેદાર નામના બે વર્ષના બાળકનું ગટરમાં પડી જવાના કારણે મોત થયું હતું. અમરોલી પોલીસ મથકમાં પોલીસે સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કર્યા બાદ પોલીસે કાર્યવાહીના ભાગરૂપે સ્થળ પરની આસપાસના લોકોના નિવેદનો લેવાની તથા એફએસએલને બોલાવી લીધા હતા. પરંતુ ડ્રેનેજ વિભાગના કયા અધિકારીઓ અને કર્મચારીઓની જવાબદારી બને છે. ઓનલાઈન ફરિયાદ થઈ છે કે કેમ? સહીત પાંચ પ્રશ્નોનાં જવાબ માંગતો પત્ર મનપા કમિ.ને લખ્યો હતો. બે દિવસની મુદ્દતમાં જવાબ આપવાનું જણાવવામાં આવ્યું હતું. પરંતુ જવાબ ન મોકલવામાં આવતા આજે સાંજ સુધી પીઆઈ વનાર બીજીવારનો રિમાઈન્ડર લેટર મોકલશે એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જોકે, મનપા કમિ. દ્વારા જવાબ મોકલવામાં આવશે ત્યારબાદ તપાસની કાર્યવાહી આગળ વધી શકે છે.

# ટેક્નિકલ કર્મચારી મંડળ પોલીસ કમિશનરને મળશે

## સાપરાધ મનુષ્યવધની કલમ દૂર કરવાની માંગણી કરાશે : અજય પટેલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

કેદાર અપમૃત્યુ કેસમાં મનપાનું ટેક્નીકલ કર્મચારી મંડળ (સંઘ)નાં પ્રમુખ આજે સાંજ સુધીમાં પોલીસ કમિશનરનો રૂબરૂમાં મળવાનું અને આવેદનપત્ર સુપ્રત કરવા માટેનો સમય માંગશે.

મનપામાં ટેક્નીકલ કર્મચારી મંડળ (સંઘ)ના પ્રમુખ અજય પટેલે જણાવ્યું હતું કે, ગતરોજ સુરતના મેયર દક્ષેશ માવાણી અને સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન રાજન પટેલને મંડળના સભ્યો મળીને નિષ્પક્ષ તપાસની માંગણી સાથે સાપરાધ મનુષ્યવધની કલમ દૂર કરવાની માંગણી કરી હતી. જોકે, આજે સાંજ સુધીમાં શહેર પોલીસ કમિશનરને પત્ર લખી આવેદનપત્ર આપવા માટેનો સમય માંગવામાં આવશે. પોલીસ પરમીશન મળ્યા બાદ ટેક્નીકલ કર્મચારી મંડળ (સંઘ)ના પ્રમુખ અને તેમના પ્રતિનિધિઓ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને મળીને વિવિધ માંગણીઓ કરશે.



તા.૧૪મી ફેબ્રુઆરી, વિશ્વભરમાં વેલેનટાઈન ડે તરીકે ઉજવવામાં આવે છે. જેમાં સુરતના યંગસ્ટર્સ પણ આ વેલેનટાઈન ડેની ઉજવણી કરવા થનગની રહ્યું છે. પ્રેમના પ્રતિક સમાં આ દિવસે પ્રેમની અભિવ્યક્તિ કરતા કાર્ડ ગિફ્ટ આપવામાં આવે છે. ગિફ્ટ શોપમાં પણ વેલેનટાઈન ડેને ધ્યાનમાં રાખીને અવનવા કાર્ડ અને ગિફ્ટની ખરીદી કરતા યુવાધન ઉમટી પડ્યું છે. (તસવીર : હનીફ મલેક)

# શિવપૂજા જીમ આગ પ્રકરણમાં આરોપીઓ સામે ૭૨૨ પાનાની ચાર્જશીટ તૈયાર કરાઈ

## કાલે સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ કમીટ થશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ઉમરા પોલીસ મથખની હદમાં આવેલ સીટીલાઈટ્સ્થિત શિવપૂજા સ્પા એન્ડ જીમના અગ્નિકાંડમાં એસીપી વિજય મલહોત્રાએ ૭૨૨ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. જે ચાર્જશીટ હવે આવતીકાલે સેશન્સ કોર્ટી કમીટ થશે. એવું બચાવ પક્ષના એડવોકેટ વિનય શુકલા અને એડવોકેટ ઝફર બેલાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સીટીલાઈટ રોડ પેન્ટલુમ શોરૂમની સામે આવેલ શિવપૂજા સેન્ટરના ત્રીજામાળ પર આવેલ જીમ-૧૧ ખાતે ૬ નવેમ્બર-૨૦૨૪માં સાંજના સુમારે ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી.જોકે, ફાયર સેફટીના સાધનો અને બહાર નિકળવાની કોઈ વ્યવસ્થાન હોવાને કારણે સિક્કીમની બે યુવતીઓ બિનુ હાંગ્મા યશરાજ અને મનીષા દેસાઈનું ગુંગળામણ ને કારણે કરૂણ મોત નિપજ્યું હતું. ઉમરા પોલીસ મથકમાં પીએસઆઈ એચ.એ. સોલંકીએ ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસ ૧૦૫, ૧૧૦, ૧૧૪ મુજબનો ગુનો નોંધી રાજસ્થાન સીકર જિલ્લાના વતની અને હાલમાં જીલાની બ્રિજ સ્ટેટસ એપાર્ટમેન્ટમાં રહેતા શાહનવાઝે હારૂન નિઝામ મિસ્ત્રી (ઉ.વ.૩૨) બ્યુટી પાર્લર તથા હેર ડ્રેસર દિલશાહ ઉર્ફે અરમાન સલીમખાન તથા ઉધના અંબર કોલોની પ્લોટ નં.-૪૭માં રહેતા અબ્દુલ વસીમ અબ્દુલ રફિ ચૌહાણની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા હાલમાં આરોપીઓ જામીન મુક્ત છે. આ ગુનાની તપાસ કરી રહેલા એસીપી વિજય મલહોત્રાએ આરોપી શાહનવાઝ હારૂન નિઝામ મિસ્ત્રી, દિલશાહ ઉર્ફે અરમાન સલીમખાન તથા અબ્દુલ વસીમ અબ્દુલ રઉફ ચૌહાણ સામે ૭૨૨ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. જે ચાર્જશીટ ગુરુવારના રોજ સેશન્સ કોર્ટમાં કમીટ થવાની શક્યતાઓ હોવાનુ બચાવ પક્ષના એડવોટ વિનય શુકલા અને એડવોકેટ ઝફર બેલાવાળાએ જણાવ્યું હતું.

# સગરામપુરામાંથી બે પિસ્તોલ સાથે રીઢા ગુનેગારને સ્ટેટ મોનિટરીંગ સેલે ઝડપી પાડ્યો

## ફાયરિંગમાં મોતને ભેટેલા વસીમ બિલ્લા પાસેથી મેળવેલી પિસ્તોલ લઈને સઈદ મલેક ફરતો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

થોડા દિવસો પહેલા નાનપુરા વિસ્તારમાં લિસ્ટેટ બુટલેગરે પોલીસ કર્મી પર કાર ચઢાવવાની ઘટનાએ અઠવા પોલીસના કર્મીઓની બુટલેગરો સાથે સીધી સાંઠગાંઠ હોવાની પોલ ખુલ્લી પાડી હતી. આ ઘટનામાં ઉચ્ચ અધિકારીઓએ એક જમાદારને સસ્પેન્ડ કરી કેશિયર ધર્મેશ સહિતના પોલીસ કર્મીઓની બદલી કરી નાખી હતી. છતાં અઠવા પોલીસની હકુમતમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકી નથી અને પોલીસની રહેમનજર હેઠળ ગેરકાયદે પ્રવૃત્તિઓ સતત ચાલી રહી છે. જેનો ઉત્તમ ઉદાહરણ ફરીથી જોવા મળ્યો છે, ગઈ કાલે સ્ટેટ મોનિટરીંગ સેલે અઠવા પોલીસની હદમાં દરોડા પાડી એક નહી પણ બબ્બે પિસ્તોલ રાખતા અને ગુનાઈત પ્રવૃત્તિ ધરાવતા યુવકને સગરામપુરા ખાતેથી ઝડપી પાડી તેની પાસેથી બે પિસ્તોલ કબજે કરી હતી.

છેલ્લા કેટલાંક દિવસોથી શહેર પોલીસ બેડામાં અઠવા પોલીસની કામગીરી ઉપર સવાલો ઉઠી રહ્યા છે. ગુનેગારોને પકડવા અઠવા પોલીસનો પનો ટુંકો પડ્તો હોય જેથી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે અઠવા પોલીસની હદમાં કાર્યવાહી કરવી પડી હતી. સ્ટેટ મોનિટરીંગ સેલના પીઆઈ સી.એચ.પનારા અને તેમની ટીમે અઠવા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સગરામપુરામાં રેડ

અનુસંધાન પાના ૭ પર

# શોર્ટ સર્કિટને કારણે આગ લાગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ન્યુ બોમ્બે માર્કેટ પાસે આવેલી ગ્લોબલ માર્કેટની એક સાડીની દુકાનમાં મોડી રાત્રે આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. આગને કારણે સાડી તથા ડ્રેસ મટીરીયલ્સનો જથ્થો બળીને રાખ થઈ ગયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર સહારા દરવાજા ન્યુ બોમ્બે માર્કેટ પાસે આવેલ ગ્લોબલ માર્કેટ દુકાન નંબર-આઈ-૬૫૨માં સાડી અને ડ્રેસ મટીરીયલ્સની દુકાન આવેલી છે. ગત મોડી રાત્રે અઢી વાગ્યાના અરસામાં સાડીની દુકાનમાં

અનુસંધાન પાના ૭ પર

# લેસપટ્ટી ફીટીંગના કારખાનામાં આગ

## બે ફાયર સ્ટેશન તથા પુણા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

પુણા અર્ચના સ્કૂલ પાસે આવેલ એક સોસાયટીના લેસ ફીટીંગના કારખાનામાં કોઈક કારણોસર આગ લાગતા બે ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર તથા ફાયર જવાન ઘટના સ્થળે ધસી ગયા હતા. જોકે, મકાનનો કબજો પુણા પીસીઆર વાનના પોલીસને સુપ્રત કયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર પુણા-બોમ્બે માર્કેટ અર્ચના સ્કૂલમાં મુક્તીધામ સોસાયટી ઘર નં.-૧૬૨માં દોલતસિંગનું લેસપટ્ટી ફીટીંગ્સનું કારખાનું આવેલું છે. ગત રાત્રે પોણા બે વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર કારખાનામાં આગ લાગી હતી. અને પહેલા રૂમમાં લાગેલી આગ બીજા રૂમમાં પ્રસરી ગઈ હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા પુણા અને કાપોદ્રા ફાયર સ્ટેશનના અધિકારીઓ અને ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવી કારખાનામાં બંને રૂમોમાં લાગેલી આગને બુઝાવી નાંખી હતી. આગને કારણે લેસપટ્ટીનો માલ સામાન બળીને રાખ થઈ ગયો હતો. મોડી રાત્રે આગ લાગવાને કારણે કોઈની જાનહાની થઈ ન હતી.

# જંબુસર તાલુકાના ઉચ્છદ ગામ નજીક પ્લાસ્ટિકના ડ્રમ બનાવતી ટાઈમ ટેકનો કંપનીમાં ભીષણ આગ

## અંકલેશ્વરમાં સ્ક્રેપના ગોડાઉનમાં પણ આગ

(પ્રતાપ પ્રતિનિધિ) ભરૂચ, તા.૧૨

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ઉચ્છદ ગામ નજીક આવેલી ટાઈમ ટેક્નો કંપનીમાં મોડી રાત્રે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. પ્લાસ્ટિકના ડ્રમ બનાવતી આ કંપનીમાં અચાનક લાગેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

તાત્કાલિક ફાયર બ્રિગેડને આગની જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં આસપાસના વિસ્તારમાંથી કુલ ૧૨ ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. પ્લાસ્ટિકના ડ્રમ બનાવવાની ફેક્ટરી હોવાના કારણે આગ પર કાબૂ મેળવવામાં ફાયર ફાઈટર્સને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્ર, મામલતદાર અને રેવન્યુ સ્ટાફ સહિતના અધિકારીઓ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ભીષણ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી આગથી થયેલા નુકસાનનો અંદાજ હજુ લગાવી શકાયો નથી.

જંબુસર મામલતદાર એન.એસ.વસાવાએ જણાવ્યું હતું કે, લગભગ મોડી રાત્રે સાડા ત્રણ વાગ્યાથી ચાર વાગ્યાના અરસામાં આગ લાગી હતી. બેરલ બનાવવાની કંપની છે, પ્લાસ્ટિકનું મટીરિયલ છે. નજીકની કંપનીઓના ફાયર ફાઈટરોની મદદ લીધી છે. મોટાભાગની આગ કાબૂમાં આવી ગઈ છે. પોલીસ ટીમ અને મેડિકલ ટીમને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે. આગમાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ કંપનીને મોટું નુકસાન છે.

બીજી તરફ ગત મોડી રાત્રે અંકલેશ્વરમાં નેશનલ હાઈવે ૪૮ નજીક આવેલા સ્ક્રેપના ગોડાઉનમાં પણ ભીષણ આગ લાગી હતી. આગની જવાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતાં હોવાથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં

અનુસંધાન પાના ૭ પર

# કામરેજ અને ઓલપાડના જુગારના અડ્ડા પર પોલીસે દરોડા પાડ્યાં

## એક લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

કામરેજ ના નવાગામ અને ઓલપાડમાં જુગારના અડ્ડા પર પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

કામરેજ પોલીસે નવાગામમાં વરલી મટકાનો અડ્ડો ચલાવતા મુકેશ ઝવેર પટેલની ધરપકડ કરી રોકડા રૂપિયા, મોબાઈલ ફોન મળી રૂપિયા ૪૫૯૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો કામરેજ પોલીસે મુખ્ય સૂત્રધાર હરીશ ઉર્ફે હેમાંશુ અરવિંદ મેરને વોન્ટેડ જાહેર કર્યો હતો .કામરેજ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી

જ્યારે ઓલપાડ પોલીસે દેલાડ ગામમાં જુગાર રમતા શિવરામ નાયક, વિરેન્દ્ર નીસાદ , અશોકકુમાર, ગોવિંદ પ્રમોદ, સુરેશ નિસાદ, ગુલુ ડાકુવા, રાજેશ શિવપસાદ , લાલસિંગ ની ધરપકડ કરી પાંચ મોબાઈલ ફોન અને રોકડા મળી ૫૮૮૭૦ નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

# માંગરોળની નવાપરા જીઆઈડીસીમાં મોડી રાત્રે સિસ્કો કંપનીમાં આગ લાગી

## સુમિલોન, કામરેજ, માંડવી, બારડોલી અને સુરત મનપાની ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

માંગરોળની નવાપરા જીઆઈડીસીમાં મોડી રાત્રે સિસ્કો કંપનીમાં ભીષણ આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી ઘટનાની જાણ થતાં સુમિલોન, કામરેજ, માંડવી, બારડોલી અને સુરત મનપાની ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબુમાં કરી હતી.

સુરત જિલ્લાના માંગરોળમાં આવેલી નવાપરા જીઆઈડીસીમાં મોડી રાત્રે ભીષણ આગની ઘટના સામે આવી હતી. બિસ્કિટ અને વેફર્સના પેકિંગ મટીરિયલ બનાવતી સિસ્કો નામની કંપનીમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં નાસભાગ મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ

અનુસંધાન પાના ૭ પર

# ૫૫ લાખના એમડી ડ્રગ્સનો મુખ્ય આરોપીની ધરપકડ કરતી ડીસીબી

## બાતમીના આધારે પોલીસે સચીન કપલેટા પાસેથી શાહનવાઝ શેખને ઝડપી પાડ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

સચિન કપલેથા પાસેથી પકડાયેલા રૂ. ૫૫ લાખના એમ ડી ડ્રગ્સના કેસમાં ડીસીબીએ મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો હતો. સૈયદપૂરાના આ યુવકે એમડી ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો. પોલીસે ડ્રગ્સ પકડતા આ યુવક ઓરિસ્સા ભાગી ગયો હતો. ઓરિસ્સાથી આવવાના બીજા દિવસે જ ડી.સી.બીએ તેને પકડી લીધો હોવાનું પોલીસે જણાવ્યું હતુ.

તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ સુરત શહેર ડી.સી.બી. પો.સ્ટેના પોલીસ માણસોને મળેલ હકીકત આધારે સચીન કપલેથા ચેક પોસ્ટ આગળ જાહેર રોડ ઉપરથી ૦૩ ઈસમોને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી કુલ વજન ૫૫૪.૮૨ ગ્રામ કિ.રૂ.૫૫,૪૮,૨૦૦/-તથા રોકડા રૂ.૫૩,૭૫૦/ના મુદ્દામાલ કબ્જે કરી સને ૧૯૮૫ ની કલમ-૮(સી),૨૨(સી),૨૯ મુજબનો ગુનો રજીસ્ટર કર્યો હતો. આ એમ.ડી. ડ્રગ્સનો જથ્થો મંગાવનાર મોહમદ શાહનવાઝ આદમ શેખને વોન્ટેડ બતાવવામાં આવેલ હતો. દરમિયાન ડીસીબીની ટીમે બાતમી આધારે અડાજણ બસ ડેપો પાસેથી આરોપી મોહમદ શાહનવાઝ ઉર્ફે અબ્દુલ કાલીયા મોહમદઆદમ શેખ (ઉ.વ.૨૦ ધંધો-કાપડનો વેપાર રહેવાસી. મકાન નં-૧૨/૧૬૭૭, બાલાપીર દરગાહ, વરીયાવી બજાર સેયદપુરા સુરત)ને પકડી પાડવામાં આવેલ છે. તેની પુછપરછ કરતા તેણે મંગાવેલ એમ.ડી. ડ્રગ્સ પકડાય જતા તે સુરત શહેર છોડી ઓરીસ્સા બરહમપૂર ચાલ્યો ગયેલ હતો. જે એક દિવસ થયે સરત શહેરમાં આવેલ હતો.

# કાપડના પાર્સલ બદલી રૂપિયા ૯૦ હજારની ઠગાઈ કરતા ડિલીવરીમેન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

કાપડના પાસલોનું પીકઅપ અને ડિલિવરી નું કામ કરતા બે આરોપીએ કાપડના પાર્સલો બદલી ઓછા ગુણવત્તા વાળા કાપડની ડીલીવરી કરી વિસવાસઘાત કર્યો હતો આ અંગે કડોદરા શાંતિનગરના રહીશ યોગેશ અશોક રાજપુતે આરોપી મુકેશ સુધાકર પાટીલ,

અનુસંધાન પાના ૭ પર

# હત્યા કેસમાં સમાધાન બાબતે ધમકી આપી છરો હુલાવ્યો

## ડીડંલી પોલીસ સ્ટેશને ફરિયાદ થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ડીડોલી માં દેવા પાટીલના હત્યા કેસમાં સમાધાન કરવા માટે દબાણ કરી એક યુવક ઉપર છરાથી હુમલો થયાનો બનાવ સ્થાનિક પોલીસ સ્ટેશનને નોંધાયો હતો

ડીડોલી પોલીસનાં જણાવ્યા મુજબ ડીડોલી સી આર પટેલ રોડ અમીધારા નગરમાં રહેતા અર્જુન મોતીલાલ યાદવે આરોપી ગણેશ વાઘ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદમાં જણાવ્યા મુજબ દેવા

અનુસંધાન પાના ૭ પર

# બિભત્સ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી પરિણીતા ઉપર બળાત્કાર ગુજાર્યો

## બળાત્કાર ગુજારનારા અને ધમકી આપનાર સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

પાંડેસરામાં અંગતપળો ના વિડીયો વાયરલ કરવાની ધમકી આપી પતિ પત્નીને મારી નાખવાની ધમકી આપી પરિણીતા પર અવારનવાર બળાત્કાર ગુજારનાર અને અસભ્ય બોલનાર સામે પાંડેસરા પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાય હતી.

પાંડેસરા પોલીસનાં જણાવ્યા મુજબ આરોપી શિવસાગર તુરહા એ ફરિયાદી અને તેણીના પતિને મારી નાખવાની ધમકી આપી અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપતો હતો તેમ જ આ મુદ્દે આરોપી મનીષકુમાર તુરહા પણ ધમકી આપતો હતો પાંડેસરા પોલીસ એ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**અસલ શેર સર્ટિફિકેટ ગુમ થયાં અંગેની જાહેર નોટિસ**

આથી લાગતા વળગતાં તમામને જણાવવાનું કે શહેર સુરતના કતારગામ વસ્તાદેવડી રોડ વિસ્તારમાં આવેલ શાંતિનિકેતન એપાર્ટમેન્ટ કો ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.ના બિલ્ડીંગ નં.એ-૧ માં આવેલ ફ્લેટ નંબર ૮ ના શેરધારક સભાસદ શ્રી હિરાચંદ મીઠાલાલ મહેતા ના નામે હાલમાં ચાલી આવેલ છે અને તેઓને સોસાયટીના શેર ક્રમાંક નંબર ૨૯૬ થી ૩૦૦ ફાળવી આપવામાં આવેલ તે અસલ શેર સર્ટિફિકિટ ગુમ યાને ગેરવલ્લે થયેલ છે તેવું જાહેર કરી ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ મેળવવા શ્રી હિરાચંદ મીઠાલાલ મહેતાએ સોસાયટીને અરજી કરેલ છે આ બાબતે જે કોઈ ઈસમ કે સંસ્થાને વાંધો હોય અગર તો શેર કોઈ પાસે તારણમાં હોય તો તાકીદે સોસાયટીના પ્રમુખ/સેક્રેટરીને દિન ૭ માં લેખિતમાં વાંધાઓ અને દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી. મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈ પણ જાતના હક્ક કે અધિકાર નથી અને હોય તો તે જતા કરેલા છે તેમ સમજી સોસાયટી તેઓને ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ કાઢી આપશે તેની જાહેર જનતાએ નોંધ લેવી.

શાંતિનિકેતન એપાર્ટમેન્ટ કો.ઓ.હા. સોસાયટી લિમિટેડ
તરફે તેના પ્રમુખ/સેક્રેટરીશ્રી
ગ્રાઉન્ડ ફ્લોર, એ બિલ્ડીંગ, શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, વસ્તાદેવડી રોડ, સુરત
મારી મારફત
મેઘલ એમ શુકલ, એડવોકેટ
૪૪૦, ધી ગેલેરિયા શોપીંગ હબ, પાલ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં, સુરત.